સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમર્પિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
એપ્રિલ, ૨૦૧૯

## વચનામૃતઃ
### એક અદ્વિતીય ગ્રંથ




વચનામૃત
દ્વિશતાબ્દી પર્વે
અદ્વિતીય ગ્રંથ
વચનામૃતનાં
વિવિધ પાસાઓનું
આચમન







**સેલવાસ અને નવસારીમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો આધ્યાત્મિક લાભ...**

અવિરત વિચરણ કરી રહેલા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે તાજેતરમાં તા. ૨૬-૨-૨૦૧૯ થી તા. ૫-૩-૨૦૧૯ દરમ્યાન આદિવાસી વિસ્તાર દાદરા-નગરહવેલીના સેલવાસ ખાતે તથા તા. ૧૨-૩-૨૦૧૯ થી તા. ૧૮-૩-૨૦૧૯ દરમ્યાન નવસારી ખાતે સત્સંગ લાભ આપ્યો હતો. સેલવાસમાં આદિવાસી ભક્તોને ભાવ-આશ્લેષમાં લઈને વચનામૃતની દિવ્યવાણીનો લાભ આપતા સ્વામીશ્રી. (નીચે) નવસારી ખાતે નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના નિર્માણને નિહાળીને આમલસારાનું પૂજન કરતા સ્વામીશ્રી.

1819-2019 200 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ



## ક્રમિકા


૪. વચનામૃત નિદિધ્યાસનઃ **શરીર શુદ્ધિ અને પરમ શુદ્ધિ** – પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ

૬. **વચનામૃતઃ** વિરલ અમૃત વર્ષા – સાધુ ભદ્રેશદાસ

૧૦. **વચનામૃતઃ** એક અદ્વિતીય ગ્રંથ – સાધુ આનંદસ્વરૂપદાસ

૧૪. **વચનામૃતઃ** સંપ્રદાયનો રહસ્ય ગ્રંથ – શ્રી ચંદ્રકાંત શેઠ

૨૦. **વચનામૃતઃ** અપૂર્વ ગદ્યગ્રંથ – શ્રી ભોગીલાલ જ. સાંડેસરા

૨૬. **સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

૪૧. **નૂતન બી.એ.પી.એસ. મંદિરોમાં ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો**

૪૮. **ઓસ્ટિનની વિધાનસભામાં સંસ્થા દ્વારા યોજાયો ઈન્ડિયન-અમેરિકન કલ્ચર કાર્યક્રમ**

૪૯. **અભિનંદન-અક્ષરવાસ**

૫૦. **જાહેરાત**


**અ**ક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એક દિવસ વચનામૃત વંચાવીને કહ્યુંઃ ‘આ વચનામૃતના ચોપડામાં ચાર વેદ, ખટશાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર છે. તેમાં મહારાજે સિદ્ધાંત વાત કરી છે તેનો અભ્યાસ કરવો.’

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ઉચ્ચાર્યું હતુંઃ ‘સમગ્ર શાસ્ત્રોના સારરૂપ વચનામૃતનો ગ્રંથ આપણને શ્રીજીમહારાજે આપ્યો છે, તેમાં મોક્ષનો ઉપાય, સત્પુરુષનાં લક્ષણ વગેરે મહારાજે બતાવી દીધું છે. તો તે ગ્રંથ સત્પુરુષ દ્વારા સમજી, મહારાજે મોક્ષનો ઉપાય બતાવ્યો છે તે સાધી લેવો. વચનામૃતમાં સર્વોપરી જ્ઞાન છે, તે સમજી શ્રીજીમહારાજનો આશ્રય કરી લેવો.’

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ વારંવાર કહેતાઃ ‘વચનામૃત તો અમૃત છે, અક્ષરધામની વાણી છે.’

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે આ બધા શબ્દો નજર સમક્ષ તરવરે છે.

ભગવાન સ્વામિનારાયણના મહાન ઉપકાર રૂપ આ ઉપદેશ ગ્રંથના દ્વિશતાબ્દી અવસરે ‘સ્વામિનારાયણ પ્રકાશ’ના આ અને હવે પછીના અંકોમાં વચનામૃતની વિવિધ વિશેષતાઓને માણતા રહીશું.

પ્રસ્તુત અંકમાં વચનામૃત એક અદ્વિતીય ગ્રંથ તરીકે અધ્યાત્મ, નિત્ય જીવન, સાહિત્ય અને ઇતિહાસમાં કેવું અનન્ય સ્થાન ધરાવે છે તે અંગે વિદ્વાનોના મનનીય લેખોનો સંચય છે. આ અંકથી એક અન્ય લેખશ્રેણીને પણ માણતા રહીશું. એ છે - પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે વચનામૃતની અમૃતકણિકાઓ પર આધ્યાત્મિક રહસ્યોને ઉદ્‌ઘાટિત કરતી લેખશ્રેણી.

આમ, વચનામૃત દ્વિશતાબ્દી પર્વે આ વર્ષે ‘પ્રકાશ’ની હારમાળા વચનામૃતના અમૃત સાગરમાં વિહાર કરાવતી રહેશે... ■ **તંત્રી**



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૪,**
**એપ્રિલ, ૨૦૧૯**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**

વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃત નિદિધ્યાસન -

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે.**

# શરીર શુદ્ધિ અને પરમ શુદ્ધિ



'જેને કલ્યાણને ઇચ્છવું તેને તો જેમ મોટા પુરુષ રાજી થાય તેમ કરવું અને તે મોટાપુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે... '

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

(વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૭)




વાસના એટલે કચરો. જીવમાં કચરો તે વાસના.

આંગણામાં કચરો છે. શું કરવું? કચરો લઈ લેવાય તો સારું-એવી સમજ તો નાના બાળકને પણ હોય. આદિવાસીનાં ઝૂંપડાંનાં આંગણાં સ્વચ્છ હોય છે. સુંદર લાગે અને રહેવાનું મન પણ થઈ જાય છે.

'સ્વચ્છ ગામ, યાત્રાનું ધામ.' 'અહીં ગંદકી કરશો નહીં.'

'Keep your city clean. Cleanliness is next to Godliness.'

ઘણે ઠેકાણે આવું બધું વાંચવામાં આવે છે. બધાને સમજાય છે, ગંદકી સારી નહીં. પૂછવામાં આવેઃ શા માટે? તો અમુક કહેશે કે, રોગ થાય. અમુક કહેશે કે, સ્વચ્છ આંગણું સુંદર લાગે. અમુક સભ્યતાના કારણે જ સ્વચ્છતા રાખતા હોય છે. એવી સ્વચ્છતા રાખવાવાળા, મહેમાનોની અવરજવરવાળા બે ઓરડાની સ્વચ્છતા ઉપર જ ધ્યાન રાખે. બાકીનું ઘર બધું જેમ ચાલતું હોય એમ ચાલે.



માટે સ્વચ્છતા અને ગંદકીનો આધાર તેની કેટલી સમજ છે, કેવી સમજ છે, ગંદકી-સ્વચ્છતાની વ્યાખ્યા વ્યક્તિ શું કરે છે તેના ઉપર છે. ગાંધીજી તો કહેતા - જે વસ્તુ એના સ્થાને ન હોય તે ગંદકી. કચરો પણ કચરાપેટીમાં હોય, અને કચરા-પેટી એના સ્થાને હોય તો નડતરરૂપ, બાધારૂપ ન થાય.

શરીરની સ્વચ્છતા, મુખની સ્વચ્છતા સ્નાન વગેરેથી છે. પેટની, રક્તની, નાડીઓની, નાક, કાન, આંખ, ગળું વગેરેની સ્વચ્છતાના જાણકાર, સમજનાર તેની સ્વચ્છતાની વ્યવસ્થા કરતા હોય છે. પેટમાં ભલે કિલો મળ પડ્યો હોય, પણ તેમાંનો બાજરીના દાણા જેટલો મળ યકૃત, ફેફસાં કે હૃદયમાં જાય તો? તો તો કાંઈ કેટલુંયે કરવું પડે. અને તેવું થાય છે. એટલે જ અબજો રૂપિયા ખર્ચી સંશોધન કેન્દ્રો બંધાય છે. મોટા મોટા ભેજાબાજ વૈજ્ઞાનિકો, ડૉક્ટરો તથા હૉસ્પિટલોની ખૂબ જરૂર પડે છે. એક અણુ જેટલા કચરાના કારણે કેટલી ધમાલ થઈ જાય છે! ગટરમાં મણ ને મણ કચરો હોય પણ તેમાંનો મુખ કે પેટમાં જરાક પણ જાય તો?

કચરો બધેય નડતરરૂપ છે. કચરો તે કચરો. તેમાં પણ કયા પ્રકારનો કચરો, કેટલા પ્રમાણમાં, કયા સ્થાને છે તે વધારે અગત્યનું છે. આ બધા પ્રકારનો કચરો દેખાય છે, સમજાય છે, તેને દૂર કરવા વ્યવસ્થા પણ થાય છે. પણ મન-મંદિર, હૃદય-મહેલ અને જીવમાં પણ કચરો છે, તેની સમજ કોને? તેની સમજ સંતોને. અનેક સંતો તથા સ્વામિનારાયણ ભગવાનના અડીખમ પરમહંસો - બ્રહ્માનંદ, મુક્તાનંદ, પર્વતભાઈ વગેરેમાં માન, ઈર્ષ્યા, દંભ, કપટ, દુનિયાદારીના પ્રપંચો હતા જ નહીં, કચરો નહોતો તો કેવા સુખિયા હતા!

પેટના કચરા કરતાં હૃદય, યકૃત, ફેફસાનો કચરો કાઢવો દુષ્કર. તેમજ જીવનો કચરો તો કોઈપણ હિસાબે દેખાય જ નહીં, સમજાય જ નહીં. તેને કાઢવો કેમ? 'મને મૂડ નથી, સમજ પડતી નથી કે શું થાય છે?' અથવા આપઘાત કરવાના વિચારો આવે તે મનમાં કચરો. કોઈ ઉપર ઘૃણા, તિરસ્કાર, બદલો વાળવો વગેરે હૃદયમાં કચરો અને ગમે તેટલા બલિષ્ટ-શુભ સંસ્કારોનું જોર ન ચાલે, સંયમ, તપ અને જ્ઞાન, ધ્યાન પણ જે કચરાને હઠાવી ન શકે, તે વાસના અથવા જીવાત્માનો કચરો.

હૃદયમાં આળસ છે, તો આંગણામાં કચરો છે. હૃદયનો કચરો આંગણાના કચરાને નડ્યો. જીવનો કચરો બધે નડે છે. જીવમાંથી કચરો સાફ થાય તો બધાનો ઉકેલ આવે. આંગણાનો કચરો, શરીરનો કચરો તો ખસી જાય અને વળી થાય, લઈ લેવાય અને થાય. પણ જીવમાં કચરો જન્મ જન્માંતરથી ભેગો જ થયો છે અને વાસના, સ્વભાવ અને પ્રકૃતિરૂપે પરિણમ્યો છે. જીવમાંથી અણુએ અણુ કચરો સાફ થવો એટલે અક્ષરરૂપ થવું. પરમ શુદ્ધિ એટલે અક્ષરરૂપ થવું તે. શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ કે ગુણાતીત સંત વિના આ પ્રકારની પરમ-શુદ્ધિ કોઈ કરી શકે જ નહીં.

તો આવો, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે આવો, પરમ-શુદ્ધિ મેળવવા, પરમ સ્વચ્છતા પ્રાપ્ત કરવા. ◆

# વચનામૃત

■ મહામહોપાધ્યાય
સાધુ ભદ્રેશદાસ

## વિરલ અમૃત વર્ષાઃ જ્યાં સઘળું ઝળહળે અક્ષરપુરુષોત્તમમય...

### ભૂમિકા

વચનામૃત એક વિરલ અમૃત વર્ષા છે. અહીં જે કાંઈ કહેવાયું છે – તે અ-મૃત છે. અમૃત એટલે સનાતન. મૃત એટલે જે ટળી જાય અ-મૃત એટલે અટલ. અ-મૃત એટલે સત્ય. સત્ એટલે હોવું. જે સદાય જેમ છે તેમ જ રહે તેને સત્ય કહેવાય. વચનામૃત સત્ય સિદ્ધાંતોનું શાસ્ત્ર છે. સિદ્ધાંતો હંમેશાં સનાતન જ હોય છે. જે સનાતન હોય તેને જ સિદ્ધાંત કહેવાય. વચનામૃતમાં પરબ્રહ્મ સ્વામિનારાયણે અમૃતમય સિદ્ધાંત વરસાવ્યો છે. આ અમૃતમય સિદ્ધાંત અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહ્યો છે તે પ્રસ્તુત લેખમાં જોઈશું.



# વચનામૃતઃ
## એક અદ્વિતીય ગ્રંથ

**વચનામૃતની સકળ આધ્યાત્મિક બાબતો અક્ષર-પુરુષોત્તમમય બની ઝળહળી રહી છે. અને સમગ્ર વચનામૃત પ્રત્યેક આધ્યાત્મિક બાબતોમાં આપણને અક્ષરપુરુષોત્તમમય બનવાનો આદેશ કરે છે.**

### અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું શાસ્ત્ર

પરબ્રહ્મ સ્વામિનારાયણ અતિ કૃપાળુ છે. તેમની અનંત કૃપા આપણી ઉપર વરસી છે. તેમાં સૌથી મોટી કૃપા એ છે કે તેમણે સત્ય સનાતન સિદ્ધાંતનો પ્રકાશ કર્યો. એક દાર્શનિક તત્ત્વસિદ્ધાંત ઉજાગર કર્યો. કેવળ ઉજાગર કર્યો એટલું જ નહીં, પરંતુ યાવચ્ચંદ્રદિવાકરૌ તેનું પ્રસ્થાપન કર્યું અને તેને આત્મસાત્ કરનારો એક વિશાળ અનુયાયી વર્ગ ધરાવતો સંપ્રદાય પણ તૈયાર કર્યો. આ સત્ય સનાતન દાર્શનિક સિદ્ધાંત એટલે અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત છે. વેદ-વેદાન્તાદિ સકલ શાસ્ત્રોમાં જે જે આધ્યાત્મિક સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે, તે બધા જ સિદ્ધાંતોને સંપૂર્ણપણે પોતામાં સમાવી લેતો આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત છે. સમગ્ર વચનામૃત ગ્રંથમાં આ સિદ્ધાંત યથાર્થ રીતે પ્રબોધિત અને પ્રસ્થાપિત થયો છે. આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત સમજાવવા માટે જ સમગ્ર વચનામૃત ગ્રંથનું સંપાદન થયું છે.

સહજાનંદ શ્રીહરિના હૃદગત અભિપ્રાય સમો વચનામૃતનો આ પરમ સિદ્ધાંત, આપણા સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાનની પરાભક્તિમાં નિત્ય દાસભાવે રમમાણ રહેતા, સદા પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનને સમ્યક્ પોતાને વિષે ધારણ કરી રાખતા એવા બ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુઓએ જ વિશેષપણે પ્રવર્તાવ્યો. તેઓએ જ સંપ્રદાયમાં વચનામૃતને અતિ વિશિષ્ટ, અતિ મૌલિક અને અભૂતપૂર્વ તત્ત્વસિદ્ધાંતને દર્શાવનાર સૈદ્ધાંતિક શાસ્ત્ર તરીકે જોવાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ આપ્યો. આથી જ, જે મુમુક્ષુઓએ ઉપરોક્ત ગુણાતીત ગુરુહરિના પ્રસંગ દ્વારા વચનામૃતનો ઊંડાણથી અભ્યાસ કર્યો અને એકાગ્ર ચિત્તથી તેનાં વાક્યોનું મનન-ચિંતન કર્યું, તે મુમુક્ષુઓને વચનામૃત ગ્રંથનો પરમ સાર આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત જ છે – એ હકીકત સમજાયા વગર અને જીવમાં દૃઢ થયા વગર રહી નથી.

### વિભિન્ન રુચિ ધરાવતા મુમુક્ષુઓ

અનાદિ અજ્ઞાનથી બંધાયેલા આપણને સૌને માયાનાં દુઃખોથી છૂટવું છે, પરમ આનંદને ભોગવવો છે અને પરમ કલ્યાણ પામવું છે. તે પરમ કલ્યાણને યોગ્ય મનુષ્ય શરીર પણ આપણને મળ્યું છે. એમ છતાં સૌના પૂર્વ જન્મના સંસ્કારો જુદાં જુદાં છે, સૌની વાસનાઓ જુદી જુદી છે, દરેકને દેશ-કાળ સમાન પ્રાપ્ત નથી થયા, સામાજિક વાતાવરણ, કૌટુંબિક વાતાવરણ, મિત્રમંડળ કે સોબત વગેરે પણ સરખું નથી. પરિણામે સૌની શ્રદ્ધા, કાર્યશૈલી તથા તથ્યને સમજવાની રીત વગેરેમાં વિભિન્નતા જોવા મળે છે. આથી જ મુમુક્ષુઓની સાધનાના પ્રકારોમાં અને રુચિમાં પણ ભિન્નતા જોવા મળે છે. કોઈ ભજન-ભક્તિ દ્વારા પરમ આનંદને પ્રાપ્ત કરવા ઇચ્છે તો કોઈ જ્ઞાન-સમજણનું અંગ રાખી પરમાનંદને ઇચ્છે. કોઈને નિશ્ચય દૃઢ કરવો છે, તો કોઈને સેવા કરવી છે. કોઈ યોગસાધના દ્વારા શાંતિ ઇચ્છે છે તો કોઈ ધ્યાન દ્વારા સમાધિનિષ્ઠ થવા ઝંખે છે. કોઈને આત્મચિંતન કરવું છે તો કોઈને જગતની સૃષ્ટિ અને પ્રલયનો વિચાર કરી વૈરાગ્યને પામવું છે. આમ, પોતપોતાના અંગ પ્રમાણે – અભિરુચિ પ્રમાણે અધ્યાત્મ-સાધકો સાધના કરતા હોય છે.

### સકળ સાધનાઓ અક્ષરપુરુષોત્તમમય

વચનામૃત ગ્રંથની એ વિશેષતા છે કે વિશિષ્ટ અંગ કે અભિરુચિ રાખતાં, ઉપર કહ્યા તે પ્રકારના પ્રત્યેક અધ્યાત્મ-સાધકોને આપણા જ અંગને અનુકૂળ, આપણી જ અભિરુચિને અનુકૂળ એવી પરમ સત્ય અને સંપૂર્ણ સૈદ્ધાંતિક સાધના અહીં સંપૂર્ણ સ્પષ્ટતા સાથે, સરળતા સાથે અને સચ્છાસ્ત્રોના સમર્થન સાથે પ્રસ્થાપિત કરવામાં આવી છે.

એમાં પણ સાશ્ચર્ય આનંદ પમાડે એવી વાત તો એ છે કે, વચનામૃતમાં જ્યાં જ્યાં અધ્યાત્મની પરમ કલ્યાણપ્રદ સાધનાઓનું પ્રતિપાદન થયું હોય, ત્યાં બધે જ અક્ષર-પુરુષોત્તમ દર્શનનું પ્રસ્થાપન થયું છે. અધ્યાત્મમાર્ગની સકળ સાધનાઓ અક્ષર-પુરુષોત્તમમય બને છે ત્યારે જ સાચું ફળ આપે છે, એ વાત વચનામૃતમાંથી દીવા જેવી ચોખ્ખી સમજાઈ જાય છે. આવો, વચનામૃતમાંથી જ તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ.

## જ્યાં ભક્તિ ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

'જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.' (વચનામૃત લોયા પ્રકરણ ૭)

ભગવાનની ભક્તિના નિરૂપણ પ્રસંગે સહજાનંદ શ્રીહરિના મુખે બોલાયેલું ઉપરોક્ત વાક્ય વચનામૃતમાં નોંધાયું છે.

શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે અનેક પ્રકારની ભક્તિ ભક્તોના રુચિભેદથી આચરવામાં આવે છે. પરંતુ તે દરેક પ્રકારની ભક્તિમાં જે બાબત અવશ્યપણે પ્રત્યેક ભક્તે આત્મસાત્ કરવાની છે તે ઉપરોક્ત સંદર્ભમાં દર્શાવવામાં આવી છે.

બ્રહ્મરૂપ થવું એટલે અક્ષરરૂપ થવું. વચનામૃતનો આ સંદર્ભ અક્ષરરૂપ થવાના સિદ્ધાંતને કઈ કક્ષાએ મૂકે છે તે અહીંના શબ્દો વિચારવાથી ખ્યાલ આવશે. 'અધિકાર' શબ્દ વાપરીને શ્રીજીમહારાજ પુરુષોત્તમની ભક્તિ કરનાર પ્રત્યેક સાધકને બ્રહ્મરૂપ થવાની – અક્ષરરૂપ થવાની અનિવાર્યતાથી સજાગ કરે છે. જો કોઈ અક્ષરરૂપ ન થાય તો તેને પુરુષોત્તમની ભક્તિનો અધિકાર જ નથી! કેટલી ભારે આ વાત છે! પણ સત્ય સનાતન સિદ્ધાંત છે એટલે શ્રીજીમહારાજ કૃપા કરીને કહે છે. શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે જેમ ભક્તની રુચિ અનુસાર ભક્તિમાં વિકલ્પો આપ્યા છે, તે રીતે અક્ષરરૂપ થવું એ કોઈ વિકલ્પ નથી. એ તો ફરજિયાત છે. શ્રવણ કરનાર ભક્ત કદાચ કીર્તન ન પણ કરે, કીર્તન કરનાર કદાચ શ્રવણ ન પણ કરે, શ્રવણ કરનાર પણ સતત શ્રવણ ન પણ કરે, કીર્તન કરનાર સતત કીર્તન ન પણ કરે, તેમાં કેટલીક શારીરિક મર્યાદાઓ હોય, એટલે બધું એકસાથે કે સતત ન થઈ શકે. પરંતુ બ્રહ્મરૂપ થવાની – અક્ષરરૂપ થવાની વાત જુદી છે. તેમાં કોઈ બાંધછોડ નથી. શ્રવણભક્તિ કરનાર હોય કે કીર્તનભક્તિ કરનાર હોય કે પછી અન્ય ભક્તિ કરનાર હોય; પ્રત્યેક ભક્તે અક્ષરરૂપ થવું જ પડે એમ અહીં સિદ્ધાંત કર્યો છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત ભક્તિનો સિદ્ધાંત અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહ્યો છે.

## જ્યાં બ્રહ્મજ્ઞાન ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

બ્રહ્મજ્ઞાન સકળ શાસ્ત્રનો સાર છે. ભારતીય વેદાંત પરંપરાને અનુસરતા સંપ્રદાયોનો તત્ત્વસિદ્ધાંત બ્રહ્મ તત્ત્વના નિરૂપણ ઉપર ખૂબ આધાર રાખે છે. પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં બ્રહ્મજ્ઞાનની યથાર્થ વ્યાખ્યા કરી છે. વચનામૃતના શબ્દો આ પ્રમાણે છે –

'જે બ્રહ્મજ્ઞાનનો માર્ગ છે તેમાં તો એમ સમજવું જે... એ બ્રહ્મ જે તે પ્રકૃતિપુરુષ આદિક સર્વેના કારણ છે ને આધાર છે ને સર્વને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે... અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩)

ઉપરોક્ત એક સંદર્ભ દ્વારા ભગવાન સ્વામિનારાયણે સકળ શાસ્ત્રોમાં નિરૂપાયેલ બ્રહ્મવિદ્યાનું પરમ સત્ય રહસ્ય ઉદ્ઘાટિત કરી દીધું છે. બ્રહ્મજ્ઞાનની આ વ્યાખ્યામાં અક્ષરબ્રહ્મ અને તેથી પર એવા પરબ્રહ્મ પુરુષોત્તમ એમ બે દિવ્ય તત્ત્વોનું નિરૂપણ થયું છે. આ બંને તત્ત્વોને સમજે તો જ બ્રહ્મજ્ઞાન સંપૂર્ણતા પામે છે. બેમાંથી એકાદને પણ ન જાણે તો બ્રહ્મજ્ઞાન અધૂરું રહી જાય. આ બ્રહ્મજ્ઞાનને જ શાસ્ત્રોમાં બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે. આથી જ વચનામૃતમાં જ્ઞાનીનું લક્ષણ વર્ણવતાં કહેવામાં આવ્યું કે 'જ્ઞાની છે તે તો બ્રહ્મસ્વરૂપે વર્તે છે અને ભગવાનનો મહિમા યથાર્થપણે જાણે છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬)

અક્ષરરૂપે વર્ત્યા વગર અને પુરુષોત્તમના મહિમાને સમજ્યા વગર સંપૂર્ણ જ્ઞાની થઈ જ નથી શકાતું – એમ આ શબ્દોનું તાત્પર્ય છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત બ્રહ્મજ્ઞાન એટલે કે બ્રહ્મવિદ્યા પણ અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહી છે.

## જ્યાં નિશ્ચય ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

અનેક સાધકો ભગવત્સ્વરૂપનો નિશ્ચય પ્રાપ્ત કરવા કઠિન સાધના કરતા હોય છે. નિશ્ચય એટલે અચળ, સ્થિર અને દૃઢ સમજણ. ભગવાનના સ્વરૂપનો, ખાસ કરીને પ્રગટ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરવાનો ઉપદેશ વચનામૃતમાં અનેક વાર કરવામાં આવ્યો છે. અધ્યાત્મ-માર્ગે ચાલતો સાધક જ્યારે પ્રગટ ભગવાનના નિશ્ચયની સાધના કરતો હોય ત્યારે તેને તે નિશ્ચયનું યથાર્થ લક્ષણ ખ્યાલ હોવું જરૂરી છે. વચનામૃતમાં નિશ્ચયનું યથાર્થ લક્ષણ દર્શાવવામાં આવ્યું છે. તે લક્ષણના શબ્દો આ પ્રમાણે છે –

'અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' (વચનામૃત લોયા પ્રકરણ ૧૨)

પરમાત્મ-સ્વરૂપના નિશ્ચયની સાધના કરતો મનુષ્ય ધીરે ધીરે નિશ્ચયનાં સોપાન સર કરતો જાય છે. તે નિશ્ચય જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય. આ વચનામૃતમાં નિશ્ચયની સાથે 'ઉત્તમ નિર્વિકલ્પ' એવાં બે વિશેષણો જોડીને અધ્યાત્મ-સાધનાના ગૌરીશિખરનાં દર્શન કરાવ્યાં છે. જો કે અહીં ભગવત્સ્વરૂપના નિશ્ચયમાં પુરુષોત્તમની ઉપાસનાને જ મુખ્યપણે દર્શાવવામાં આવી છે, પરંતુ સાથે સાથે તે ઉપાસના જ્યારે અક્ષરરૂપ થઈને કરવામાં આવે તો જ તે ઉપાસકનો નિશ્ચય ઉત્તમતા અને નિર્વિકલ્પતા પ્રાપ્ત કરી શકે – એમ અહીં નિશ્ચયનો નિશ્ચિત સિદ્ધાંત પણ સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.

**સુવિદિત છે કે વચનામૃતમાં શ્રીજીમહારાજ પુરુષોત્તમ પરબ્રહ્મની વાત કરતા હતા ત્યારે પોતાની જ વાત કરતા હતા. અને અક્ષરબ્રહ્મની વાત કરતા હતા ત્યારે તે સમયે વિરાજતા મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની જ વાત કરતા હતા.**

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત ભગવત્સ્વરૂપનો નિશ્ચય અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહ્યો છે.

### જ્યાં આત્મનિષ્ઠા ઝળહળે અક્ષરપુરુષોત્તમમય

અધ્યાત્મપંથે ચાલનાર ઘણા મુમુક્ષુઓને આત્મચિંતનનું અંગ હોય છે. પોતાના આત્માનું અનુસંધાન કરવા ઇચ્છતા આવા ઉપાસકોને સ્વામિનારાયણ ભગવાને સુંદર માર્ગદર્શન આપ્યું છે. યથાર્થ અને સંપૂર્ણ ફળ આપે તેવા આત્મવિચાર કરતી વખતે થતી પ્રક્રિયાને તેઓએ વચનામૃતમાં દર્શાવી છે. તેમાં પ્રથમ તો અંતઃકરણની વૃત્તિઓ એટલે કે વિચારો બહાર જગતના વિષયોમાં ભમતી હોય ત્યાંથી સંકેલાઈને પોતાના આત્માને વિષે સ્થિર થાય છે તેમ કહ્યું. ત્યારપછી તેમણે કહ્યું –

'ને પછી ઇન્દ્રિયોની ને અંતઃકરણની જે વૃત્તિ છે તે આત્માને વિષે લીન થઈ જાય છે ત્યારે એ જીવના વાસનાલિંગ દેહનો નાશ થયો કહેવાય છે... અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે... એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨)

વચનામૃતના આ શબ્દો આત્મચિંતનને આત્મનિષ્ઠા સુધી પહોંચાડે છે અને આત્મનિષ્ઠાને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠામાં પરિણત કરે છે.

આમ, પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આત્મનિષ્ઠાની ઉત્તમ દશા પણ અક્ષરપુરુષોત્તમમય બની વચનામૃતમાં ઝળહળી રહી છે.

આમ, વચનામૃતની સકળ આધ્યાત્મિક બાબતો અક્ષર-પુરુષોત્તમમય બની ઝળહળી રહી છે. અને સમગ્ર વચનામૃત પ્રત્યેક આધ્યાત્મિક બાબતોમાં આપણને અક્ષરપુરુષોત્તમમય બનવાનો આદેશ કરે છે. તેમાં પણ ભક્તિ, બ્રહ્મજ્ઞાન, નિશ્ચય, આત્મનિષ્ઠા વગેરેની છણાવટ આપણે આ અંકમાં જોઈ. અન્ય આધ્યાત્મિક બાબતો વિશે આપણે આવતા અંકે જોઈશું.

એ સુવિદિત છે કે વચનામૃતમાં શ્રીજીમહારાજ પુરુષોત્તમ પરબ્રહ્મની વાત કરતા હતા ત્યારે પોતાની જ વાત કરતા હતા. અને અક્ષરબ્રહ્મની વાત કરતા હતા ત્યારે તે સમયે વિરાજતા મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની જ વાત કરતા હતા. સંપ્રદાયના ઇતિહાસમાં આ વાત સચવાઈ છે. એ ગુણાતીત અક્ષરબ્રહ્મની પરંપરા આજે પણ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ રૂપે પ્રગટ છે.

આ રીતે વચનામૃતના આ કૃપા સભર ઉપદેશો દ્વારા જાણે શ્રીજીમહારાજ સ્વયં આપણને વરદાન આપી રહ્યા છે કે –

'હે મારા વ્હાલા આશ્રિતો! આપ સૌ બધું કરો, પણ અક્ષરપુરુષોત્તમમય બની કરો, આપ સૌને સર્વાર્થ-સિદ્ધિ થઈ જશે.'

આપણે સૌ પરમ ભાગ્યશાળી છીએ કે આપણને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ જેવા ગુણાતીત ગુરુહરિની પ્રાપ્તિ થતાં વચનામૃતમાં કહેલ અક્ષર અને પુરુષોત્તમ બંને દિવ્ય તત્ત્વો એક સાથે પ્રાપ્ત થઈ ગયાં. કારણ કે આપણી ગુણાતીત ગુરુપરંપરા સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે અને તેમનામાં પુરુષોત્તમ નારાયણ સદૈવ અને સમ્યક્ રહ્યા છે.

ખરેખર, આજે જેને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ મળ્યા છે અને ઓળખાયા છે તેનું જીવન વચનામૃતમાં કહેલ સિદ્ધાંત પ્રમાણે અક્ષરપુરુષોત્તમમય બની ઝળહળી રહ્યું છે.

અસ્તુ. (ક્રમશઃ)

# વચનામૃત

■ સાધુ આનંદસ્વરૂપદાસ

## એક અદ્વિતીય ગ્રંથઃ જે જીવનની સાર્થકતાનો દિવ્ય અનુભવ કરાવે...

આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં વચનામૃત એક અદ્વિતીય ગ્રંથ તરીકેનું સ્થાન આરક્ષિત રાખે છે. તેના શબ્દે શબ્દે અનુભવનો અર્ક ટપકે છે. સહજ સહજમાં આપણા હૈયે પ્રકાશ પાથરતો આ ગ્રંથ કઠિન આધ્યાત્મિક માર્ગ સરળ બનાવીને આપણા જીવનની અધૂરપને પૂરી કરે છે અને આપણને દિવ્યતા અને સાર્થકતાનો અનુભવ કરાવે છે...



**સાચા અર્થમાં વચનામૃત એક એવો વૈશ્વિક ગ્રંથ છે જે વિશ્વમાં સૌ કોઈ માટે, કોઈપણ સમય માટે, ઉદ્‌ભવતી સમસ્યાઓનું ચિરંતન સમાધાન આપે છે. એટલું જ નહીં, સૌ કોઈને જીવનની સાર્થકતાનો અનુભવ કરાવે છે.**

થોડા દાયકાઓ પહેલાં અમેરિકન મનોવૈજ્ઞાનિક ડૉ. થૉમસ એ. હેરિસે લખેલું પુસ્તક - ''I am ok, You are ok'' પ્રકાશિત થયું તે સાથે જ તેની ૫૦,૦૦,૦૦૦ (પચાસ લાખ) પ્રતો ચપોચપ વેચાઈ ગઈ! પશ્ચિમના દેશોમાં બહુ લોકપ્રિય અને બહુ ચર્ચિત આ પુસ્તકને લાખ્ખો સાધન-સંપન્ન-સમૃદ્ધ લોકોએ ખૂબ રસપૂર્વક વાંચ્યું. એટલા ખાતર કે આ પુસ્તક વાંચીને કદાચ પોતે પોતાના જીવનમાં એવું અનુભવી શકે કે "I am ok, You are ok" 'હું પણ બરાબર છું અને તમે પણ બરાબર છો.'

લાખો સાધન-સંપન્ન અને સમૃદ્ધ લોકોએ આ પુસ્તક વાંચવા માટે પડાપડી કરી, એનો અર્થ એ કે સાધન-સમૃદ્ધ થયા પછી પણ, જીવન-ધોરણ (Living Standard) ઊંચું બનાવ્યા પછી પણ કંઈક એવી સૂક્ષ્મ બાબત છે કે જેના વિના માનવને એમ લાગે કે 'હું બરાબર નથી.'

માનવજીવનની એ અધૂરપ પ્રત્યે આ પુસ્તકે મનોવૈજ્ઞાનિક અભિગમથી નિર્દેશ કર્યો છે અને એ અધૂરપને ખાળવા માટે સ્થૂળ મનોવૈજ્ઞાનિક ઉપાયો રજૂ કર્યા છે.

બીજાને કેવી રીતે સમજવા અને પોતાની જાતને કઈ રીતે સમજવી? બીજા સાથેના આપણા સંબંધોની જાળવણીમાં અને પોતાની પ્રગતિમાં થતી સમસ્યાઓના નિવારણ માટે આ પુસ્તકે જે બાબતોનો નિર્દેશ કર્યો છે, એ બાબતોને પણ ખૂબ ઊંડાણથી, આજથી દોઢસો વરસ પૂર્વે, ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત'માં ચર્ચી છે. એટલે જ ભગવાન સ્વામિનારાયણના આ ગ્રંથને આ સંદર્ભમાં ઉપશીર્ષક આપવું હોય તો આ આપી શકાય - "I am ok, You are ok". એટલે કે 'આપણે કૃતાર્થ છીએ'નો અનુભવ કરાવતો ગ્રંથ.

આમ તો હેરિસ લિખિત પુસ્તક એ માત્ર મનોવૈજ્ઞાનિક અનુમાનો અને અનુભવોના આધાર પર એક મનોવિજ્ઞાનીએ લખેલું પુસ્તક છે, જ્યારે વચનામૃત તો માનવ સ્વભાવ જ નહીં, સમગ્ર જીવનની રગેરગ જાણતા સ્વયં ભગવાનના મુખની પરાવાણી છે. અને મનોવિજ્ઞાનથીય આગળ ધપીને, અધ્યાત્મ-વિજ્ઞાનના અનુભવોના આધારે, મહાન આધ્યાત્મિક સંતવર્યોએ સંપાદિત કરેલો ગ્રંથ છે.

આ સંતોએ જે રીતે ભગવાન સ્વામિનારાયણની વાણીને ઝીલી છે, એ જોતાં બે બાબત ચોખ્ખી તરી આવે છે: પ્રથમ તો એમની નજર ભગવાન સ્વામિનારાયણને સર્વોપરિ પરબ્રહ્મ પરમાત્મા તરીકે નિહાળે છે. અને બીજું, માનવ-જીવનના તમામ પ્રશ્નોના ઉકેલ માટે એમણે પ્રામાણિકતાપૂર્વક શ્રીહરિની વાણીને ઝીલી છે. ભગવાન સ્વામિનારાયણે તો પોતાની વાણીને પોતાનું સ્વરૂપ કહીને શિક્ષાપત્રીમાં બિરદાવી છે. જીવાત્માની રગેરગને જાણતા પરમાત્મા જ, માનવને તેના જીવનની સાર્થકતાનો અનુભવ કરાવી શકે તેમાં બે મત હોઈ શકે નહીં. એટલે જ વચનામૃતને પચાવનાર વ્યક્તિને 'મારું જીવન સાર્થક થયું છે' એવો અનુભવ થાય એ પણ બિલકુલ શંકારહિત છે.

અમેરિકાની વૉબાશ કૉલેજ(ક્રોફર્ડ્‌સવીલ)ના પ્રૉ. રેમન્ડ વિલિયમ્સે પોતાના પુસ્તક "A New Face of Hinduism"માં ભગવાન સ્વામિનારાયણના અવતરણને, હિન્દુ પ્રણાલિકાઓના સંદર્ભમાં ખૂબ મહત્ત્વનું લેખ્યું છે. એમણે નોંધ્યું છે - હિંદુધર્મમાં એક એવી માન્યતા છે કે જ્યારે અધર્મ ખૂબ વધી જાય, ધર્મની ગ્લાનિ થાય, સંતો-ભક્તો પીડિત હોય ત્યારે 'संभवामि युगे युगे...।' ગીતાકથન મુજબ ભગવાન અવતરે છે અને ધર્મનું પુનઃસ્થાપન કરે છે. ભગવાન સ્વામિનારાયણના અવતરણના સમયની સામાજિક રાજકીય, ધાર્મિક પરિસ્થિતિનું વર્ણન કરતાં, સાંપ્રદાયિક સંતોના ગ્રંથોમાં એવું વાતાવરણ જોવા મળે છે કે 'यदा यदा हि धर्मस्य...' શ્લોક મુજબ ભગવાનને અવતરવાની વેળા થઈ હોય. પ્રૉ. વિલિયમ્સે ભગવાન સ્વામિનારાયણના સમયનું સામાજિક વર્ણન કરતાં અંગ્રેજોએ લખેલાં ઐતિહાસિક પુસ્તકો અને રિપોર્ટ્‌સ ઉખેળ્યાં તો તેમાં અને સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોમાં કરવામાં આવેલા તત્કાલીન વર્ણનમાં બિલકુલ સામ્ય હતું. ભગવાન સ્વામિનારાયણના કાર્ય અને તેમના અવતરણની આવી અન્ય બાબતોની શ્રી વિલિયમ્સની નોંધમાં અનાયાસે જ

શ્રીહરિનું અવતારીપણું પુરવાર થયું છે.

સમાજના કેવળ આત્યંતિક ઉત્થાન અને શાશ્વત ઉત્કર્ષ માટે અવતરેલા એ અવતારી પુરુષોત્તમ નારાયણે માનવ ઉત્કર્ષની ચિરંતન વાતો વચનામૃતમાં પ્રશ્નોત્તરીના સ્વરૂપે સચોટ અને વેધક રીતે રજૂ કરી છે.

વચનામૃતના વસ્તુ-વિષય અંગે વધુ વિચારીએ એ પૂર્વે વચનામૃતની કેટલીક ખાસિયતો જાણી લઈએ.

વચનામૃત એટલે સાધકો (સંતો-પરમહંસો-હરિભક્તો) અને સાધ્ય (શ્રીજીમહારાજ) વચ્ચે થયેલી પ્રશ્નોત્તરીનો ગ્રંથ. જગતના કોઈ પણ ખૂણાના અધ્યાત્મ સાધકોનો કોઈ પણ પ્રશ્ન એવો નહીં હોય કે જેનો ઉત્તર પરોક્ષ યા પ્રત્યક્ષ સ્વરૂપે વચનામૃતમાં ન હોય.

## ઉચ્ચ કક્ષાના પ્રામાણિક સંતો દ્વારા સંપાદન

વચનામૃતના ચાર સંપાદકો છેઃ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી. (સંપ્રદાયના અમદાવાદ વિભાગની માન્યતા પ્રમાણે પાંચમા સંપાદક તરીકે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી પણ હતા.) આ સંપાદકોની પ્રામાણિકતાની અને તટસ્થતાની સાબિતી વચનામૃત જ આપે છે.

જેમ કે, શ્રીજીમહારાજે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬માં આ સંપાદક સંતોમાં જ કેટલીક સૂક્ષ્મ ખોટ દેખાડી છે. સંપાદકોએ તેને પણ પ્રામાણિકતાથી સ્વીકારી છે અને યથાતથા નોંધી પણ છે! ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં વચનામૃતમાં શુકાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પ્રતિ શ્રીજીમહારાજ પ્રશ્ન પૂછે છે કે તમારામાં એવી કઈ ખોટ છે કે જેનાથી તમે સત્સંગમાં પાછા પડી જાઓ? તેમણે બંનેએ પોતાની ભૂલ કબૂલ કરી છે. અને તેની નોંધ પણ તેમણે જાતે જ વચનામૃતના આ ગ્રંથમાં જાહેર કરી છે. અને સાથે સાથે, શ્રીજીમહારાજે આ સંકલનકર્તાઓ સિવાયના અન્ય ભક્તોની પ્રશંસા કરી છે તેની પણ સંકલનકર્તાઓએ નોંધ કરી છેઃ તટસ્થભાવે, વિશાળ દિલથી. અન્ય કોઈપણ ગ્રંથના સંપાદકોમાં આટલી નિર્ભેળ તટસ્થતા - પ્રામાણિકતા શોધવી દુર્લભ છે.

આ સંપાદક સંતવર્યોનાં અંગત જીવન પર નજર માંડીશું તો સ્પષ્ટ અનુભવાશે કે તેઓ અસાધારણ આધ્યાત્મિક ઊંચાઈ ધરાવતા હતા. માત્ર એક-બે જ ઉદાહરણ લઈએ. સ્ત્રીના વિયોગે, પ્રિયાના વિયોગે આપઘાત કરનારા - ઉદાસ થનારા ઘણા મળી આવશે, પણ બ્રહ્મચર્યના પાલન માટે ઉદાસ થઈ આપઘાત કરવા માટે કોઈ નીકળે એ કેવી અકલ્પ્ય ઘટના!! મુક્તાનંદ સ્વામી એવું ઉદાહરણ છે. એ કક્ષાના એ મહાન સંત હતા. ગોપાળાનંદ સ્વામી, ગ્રહો, સૂર્ય, ચંદ્રની ગતિને પણ રૂંધી નાંખે એવું સામર્થ્ય ધરાવતા હતા. ઈતિહાસ એમના સામર્થ્ય માટે સાક્ષી છે. આમ છતાં પોતાની ચમત્કારિક શક્તિને મહત્તા આપ્યા સિવાય, તેમણે મુમુક્ષુઓને ખૂબ નમ્રતાપૂર્વક ભગવાન સ્વામિનારાયણ અને એમના અખંડ ધારક સંતવર્ય ગુણાતીતાનંદ સ્વામી ભણી જ દોર્યા છે. દરેક સંપાદક સંતની આવી આવી અનેક વિશેષતાઓ એમની ઊંચી આધ્યાત્મિકતાને સહજતાથી પુરવાર કરી આપે છે. સ્થાન-સંકોચને લીધે તેનો ઉલ્લેખ અહીં કર્યો નથી.

## વચનામૃતની ઐતિહાસિક પ્રમાણભૂતતા

વચનામૃતની એક વધુ વિલક્ષણતા એ છે કે જગતના કોઈપણ આધ્યાત્મિક મહાપુરુષે ઉદ્‌બોધેલા ગ્રંથ કરતાં વચનામૃતની ઐતિહાસિક પ્રમાણભૂતતા સૌથી વધુ છે.

સામાન્ય રીતે પશ્ચિમના વિદ્વાનો હિંદુઓ પર એવું આળ નાંખે છે કે હિંદુઓને ઈતિહાસનોંધની કોઈ ગતાગમ જ નથી. પણ આ આળને મિથ્યા સાબિત કરે તેવું મહત્ત્વનું પાસું વચનામૃતમાં છે. વચનામૃતની એ અનોખી વિશિષ્ટતા છે. આ વાતનો ઉલ્લેખ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન શાખાના પ્રાધ્યાપક ડૉ. જ્હોન કાર્મેને, વચનામૃતની અંગ્રેજીમાં ભાષાંતરિત પ્રતના ઉદ્‌ઘાટન વખતે કર્યો હતો. હર્ષદભાઈ દવે દ્વારા ભાષાંતરિત વચનામૃતનું પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં ન્યૂયોર્ક ખાતે ૧૯૭૭માં ઉદ્‌ઘાટન થયું ત્યારે એ ઉદ્‌ઘાટન સમારંભમાં ડૉ. જ્હોન કાર્મેને જણાવ્યું હતું કે વચનામૃતનું વાંચન કરતાં મને અત્યંત આશ્ચર્ય થયું કે તેમાં દરેક પ્રકરણમાં સ્થળ, સમય અને આસપાસની પરિસ્થિતિની કેટલી બધી સૂક્ષ્મ નોંધ લેવાઈ છે!! આટલી સૂક્ષ્મ નોંધ અન્ય કોઈ મહાન ગ્રંથમાં જોવા મળતી નથી. દરેક વચનામૃત કયા દિવસે, કયા મહિને, કયા વર્ષે, કઈ જગ્યાએ, કયા ગામમાં, કોણ બોલનાર છે, કોણ સાંભળનાર છે, શ્રીજીમહારાજે કેવાં વસ્ત્રો ધાર્યાં છે, કઈ દિશામાં તેઓ બિરાજમાન છે, તેમનું આસન કેવું છે... વગેરેનું અસાધારણ સૂક્ષ્મ વર્ણન, તે વચનામૃતની ઐતિહાસિક પ્રમાણભૂતતામાં અનેકગણો ઉમેરો કરી આપે છે. સંપાદકો-નોંધકર્તાઓની આ ભક્તિભરી ઈતિહાસ-દૃષ્ટિને ખૂબ ખૂબ અભિનંદન ઘટે છે. ભવિષ્યમાં હજારો વર્ષ પછી પણ આ ગ્રંથ માટે કોઈ શંકા ઉઠાવી નહીં શકે કે - આ કપોળકલ્પિત અથવા તો ઉપજાવી કાઢેલો ગ્રંથ છે. આજે ગીતા-ઉપનિષદો-ઋગ્વેદ જેવા પવિત્ર ગ્રંથોની ઐતિહાસિકતા માટે વિદ્વાનો વિવાદે ચઢ્યા છે, જ્યારે વચનામૃત માટે આવું

ક્યારેય બની શકશે નહીં.

વિશ્વમાં આધ્યાત્મિક ઉપદેશનો ગ્રંથ તેના ધર્મસંસ્થાપકની હયાતીમાં ગ્રંથસ્થ થયો હોય એવું ભાગ્યે જ બન્યું છે. બાઈબલ અને કુરાન પણ ઈસુ અને મહમ્મદની વિદાય પછી સૈકાઓ વીત્યે ગ્રંથસ્થ થયા હતા. વચનામૃત, વિશ્વના તમામ ગ્રંથોમાં આ બાબતે અપવાદરૂપ છે. ભગવાન સ્વામિનારાયણની ઉપસ્થિતિમાં જ આ ગ્રંથ ગ્રંથસ્થ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, ભગવાન સ્વામિનારાયણે જાતે તેને પ્રમાણભૂતતા આપી છે. વચનામૃત લોયા પ્રકરણ ૭માં તેનો ઉલ્લેખ છે. આ બાબત, વચનામૃતની મહત્તામાં ઘણો બધો ઉમેરો કરી આપે છે.

અન્ય આધ્યાત્મિક ગ્રંથોને ઐતિહાસિક દૃષ્ટિકોણથી મૂલવતાં શ્રી ભોગીલાલ સાંડેસરા લખે છેઃ 'ભગવાન બુદ્ધનાં પ્રવચનો અને એમના ધર્મસંવાદો પાલિ ત્રિપિટકમાં છે. બુદ્ધનો વિહારપ્રદેશ મગધ હતો અને એમનો ઉપદેશ ત્યાંની લોકભાષા માગધીમાં થયો હતો, પણ પાલિ એ તત્કાલીન મગધની ભાષા નથી. અને બુદ્ધના ઉપદેશો, વિવિધ સંગીતિઓ(અર્થાત્ એ ઉપદેશોને સંકલિત કરનાર પરિષદો)ને પરિણામે પાલિમાં ઊતર્યા હતા. બુદ્ધના સમકાલીન ભગવાન મહાવીરના ઉપદેશરૂપ જૈન આગમો વીર-નિર્વાણ પછી એક હજાર વર્ષ બાદ, ઈસવીસનની પાંચમી સદીમાં, પશ્ચિમ ભારતમાં વલભીમાં એકસાથે લિપિબદ્ધ થયાં હતાં. અને ત્યાર પહેલાં પણ એની સંકલના માટે ત્રણ પરિષદો જુદે જુદે સમયે પાટલિપુત્ર, મથુરા અને વલભીમાં મળી હતી. જૈન આગમો પૈકી 'ઉત્તરાધ્યયન સૂત્ર' ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ મનાય છે, પરંતુ એમાં મૂળ ભાષા અને પ્રસંગો બરાબર જળવાયાં છે તેમ, ભાષા-સ્વરૂપ તેમજ વિવિધ અધ્યયનોનો સંદર્ભ જોતાં, કહેવું મુશ્કેલ છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેના ગ્રંથો એમના વિદ્વાન શિષ્યો કે 'લેખકો' દ્વારા પ્રાયઃ બોલીને લખાવાયા છે, પણ એમાંયે પાઠાંતરોને અવકાશ છે... આ સર્વેમાં વચનામૃતનું સ્થાન અદ્વિતીય છે.'

'વચનામૃત' ગ્રંથ એના સર્જનકાળમાં જેટલો ઉપયોગી હતો તેટલો જ ઉપયોગી આજના સંદર્ભમાં પણ છે અને તેટલો જ ઉપયોગી આવતીકાલે રહેશે. કારણ કે વચનામૃતમાં જે ચર્ચા કરવામાં આવી છે તે માનવીના સનાતન પ્રશ્નોની ચર્ચા છે. સમસ્યાની માત્ર ચર્ચા નહીં, તેના સચોટ ઉકેલ છે જે કોઈપણ યુગના માનવીને માટે એટલા જ લાગુ પડશે, જેટલા આજથી દોઢસો વરસ પહેલાં લાગુ પડતા હતા. કારણ કે માત્ર વરસો વીત્યાં છે, માનવીની વૃત્તિઓ એની એ જ રહી છે.

એક રસપ્રદ બીના આના સમર્થન માટે યોગ્ય લેખાશે.

થોડાં વરસો પૂર્વે ઈજિપ્તમાં પિરામિડો (મોટી કબરો)ના ઐતિહાસિક સંશોધન માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ કરતાં કરતાં કેટલાક એવા અવશેષો મળી આવ્યા કે જેના પર કંઈક લખેલું હતું. ઈતિહાસવિદોએ હજારો વર્ષો પૂર્વેના એ લખાણને ઉકેલ્યું તો તેમાં એમ લખેલું માલૂમ પડ્યું કે 'અત્યારે જમાનો બહુ બગડી ગયો છે. આજથી સો વરસ પહેલાં જમાનો ખૂબ સારો હતો.' ખૂબ આશ્ચર્યની વાત તો એ છે કે આજથી હજારો વરસ પૂર્વે લોકો જે બોલતા હતા એવાં જ વિધાનો આજે પણ આપણે કરીએ છીએઃ 'આજે જમાનો બહુ બગડી ગયો છે. આજથી સો વરસ પહેલાં એક જુદો જમાનો હતો, હવે એવો નથી રહ્યો!' અર્થાત્ આજથી હજારો વરસ પહેલાં માનવીની જે વૃત્તિ હતી તે જ વૃત્તિઓ આજે પણ છે. કદાચ અભિવ્યક્તિ માત્ર બદલાઈ હોય!

રીડર્સ ડાઈજેસ્ટ સામયિકમાં એક ફકરો આપેલો. દસથી પંદર લીટીઓમાં એક જમાનાનું વર્ણન કરવામાં આવેલું. અને છેલ્લે નીચે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે 'આ વર્ણન, કયા જમાના માટે લખાયું હશે?'

ઘણાખરાનો ઉત્તર હતો કે આજથી સેંકડો કે હજારો વરસ પૂર્વેનું આ વર્ણન છે, પણ વસ્તુતઃ એ માત્ર પાંચ વરસ પૂર્વેનું જ વર્ણન હતું! આમ, ભલે આજથી પાંચ હજાર વરસો પૂર્વેનો સમાજ હોય, પાંચ હજાર વરસો પછીનો હોય કે પછી વર્તમાન સમાજ હોય, પરંતુ માણસની વૃત્તિઓ ચિરંજીવ-સનાતન છે. એટલે સમસ્યાઓ પણ સનાતન છે. માત્ર બાહ્ય રૂપ જુદાં હોઈ શકે.

વચનામૃતમાં આ શાશ્વત સમસ્યાઓના નિકાલ માટેની સામગ્રી છે.

વચનામૃતના વિષયવસ્તુ અંગે એક ખૂબ સ્પર્શે તેવી બાબત એ છે કે એનો અભ્યાસ કરનાર દરેક અભ્યાસી એવું જરૂર અનુભવે કે 'વચનામૃતમાં મારી પોતાની વાત કરી છે.' ભગવાન સ્વામિનારાયણે પોતાના સંપૂર્ણ શાસ્ત્ર - અભ્યાસનો નિચોડ એટલો સુંદર છતાં સરળ સ્વરૂપમાં રજૂ કર્યો છે કે તેમાં અસંગતિ અથવા અસ્પષ્ટતાને કોઈ સ્થાન જ ન રહે.

સાચા અર્થમાં વચનામૃત, એક એવો વૈશ્વિક ગ્રંથ છે જે વિશ્વમાં સૌ કોઈ માટે, કોઈપણ સમય માટે, ઉદ્ભવતી સમસ્યાઓનું ચિરંતન સમાધાન આપે છે. એટલું જ નહીં, સૌ કોઈને જીવનની સાર્થકતાનો અનુભવ કરાવે છે.


◆

# વચનામૃત

■ શ્રી ચંદ્રકાંત શેઠ

**સંપ્રદાયનો રહસ્ય ગ્રંથ: જે સંપ્રદાયના આધ્યાત્મિક રહસ્યોનો અજોડ કોશ છે...**

પ્રસિદ્ધ કવિ, વિવેચક, અનુવાદક, સંપાદક અને નિબંધકાર ચંદ્રકાંત ત્રિ. શેઠ એટલે ગુજરાતી સાહિત્યના એક મૂર્ધન્ય સાહિત્યકાર. એક સંશોધક અને વિવેચક તરીકે તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્ય પર ઊંડું ખેડાણ કર્યું છે. ગત વર્ષોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભાગ લઈને તેમણે રજૂ કરેલા સંશોધન લેખોમાંનો એક એટલે વચનામૃત પરનો એક વિશ્લેષણાત્મક લેખ. વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વચનામૃતના અદ્વિતીય ગ્રંથવૈભવ પર તેમના એ લેખના સંપાદિત પ્રથમ ભાગને માણીએ...



**સંપ્રદાયના 'રહસ્ય ગ્રંથ' વચનામૃતને સ્વામિનારાયણ સંપ્રદાયનો ધર્મકોશ પણ કહી શકાય. આ ગ્રંથનું જેમ સાંપ્રદાયિક મૂલ્ય છે તેમ ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક મૂલ્ય પણ છે. ગુજરાતના ધાર્મિક-સામાજિક જીવનનું દર્શન કરાવતો આ કીમતી દસ્તાવેજ છે.**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી એપ્રિલ-૨૦૦૯માં પ્રકાશિત 'વચનામૃત'ની છવ્વીસમી આવૃત્તિ નજર સામે રાખીને અહીં કેટલીક વાત કરવાનું નિરધાર્યું છે. આ વાત કરવાનો સુ-અવસર સંપડાવવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (આર્ષ) - નવી દિલ્હી, તેમજ ગુજરાત ઇતિહાસ પરિષદ અને ભો. જે. વિદ્યાભવનના સર્વ સૂત્રધારો અને સમાયોજકોનો હું આભાર માનું છું. તે સાથે તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સ્વામિનારાયણ સંપ્રદાયને ઐતિહાસિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં જોવા માટેનો આ પરિસંવાદ યોજવા માટે અભિનંદન આપું છું.

આ ગ્રંથમાં શ્રીજીમહારાજનું પ્રથમ વચનામૃત છે સંવત ૧૮૭૬ના માગશર સુદ ચોથના દિવસે[1] શ્રી ગઢડા મધ્યે અપાયેલું અને છેલ્લું વચનામૃત છે સંવત ૧૮૮૬ના આષાઢ વદ દશમના દિવસે[2] અપાયેલું. આમ, શ્રીજીમહારાજનાં અહીં અપાયેલાં વચનામૃતો લગભગ એક દસકાનો ગાળો આવરી લે છે. આ ગાળા દરમ્યાન ગઢડાનાં પ્રથમ, મધ્ય તથા અંત્યનાં (૭૮+૬૭+૩૯) ૧૮૪, સારંગપુરનાં ૧૮, કારિયાણીનાં ૧૨, લોયાનાં ૧૮, પંચાળાનાં ૭, વરતાલ(વડતાલ)નાં ૨૦ તથા અમદાવાદ દેશનાં (૩+ વધારાનાં ૧૧) ૧૪ મળીને વચનામૃતોની કુલ સંખ્યા ૨૭૩ થાય છે. તેમાં ભૂગોળ-ખગોળનું પત્ર-સ્વરૂપે રજૂ થયેલું સંવત ૧૮૬૩નું એક વચનામૃત ઉમેરતાં વચનામૃતોની કુલ સંખ્યા ૨૭૪ થાય છે. આ વચનામૃતોમાં સારંગપુરનાં ૧૮ વચનામૃતોમાં નવમું શ્રીકુંડળ ગામનું અને દસમું ખાંભડા ગામનું છે, તે નોંધવું જોઈએ. પાછળથી પરિશિષ્ટમાં ઉમેરાયેલાં અમદાવાદ દેશનાં વધારાનાં અગિયાર વચનામૃતોમાં અમદાવાદ નગરનાં પાંચ, અશ્લાલી-(અસલાલી)નું એક અને જેતલપુરનાં પાંચ છે.

આ વચનામૃતો ભગવાન શ્રી સહજાનંદ સ્વામી (શ્રીજીમહારાજ, ભગવાન સ્વામિનારાયણ)ના શ્રીમુખે ઉચ્ચારાયેલાં અને તદ્નુસાર અધિકારી પરમહંસો - વિદ્વાન સંતો દ્વારા લખાયેલાં છે. આ વચનામૃતોની નોંધ સર્વશ્રી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ (શુકાનંદ સ્વામી) તથા બ્રહ્માનંદ સ્વામી[3] દ્વારા કરવામાં આવેલી છે. આ સર્વ સંતોએ શ્રીજીમહારાજને જ્યારે, જ્યાં, જે રીતે અને જે રૂપે જોયા તેનો આંખે દેખ્યો અહેવાલ આ વચનામૃતોમાં રજૂ કર્યો છે. શ્રીજીમહારાજ જે કંઈ, જે રીતે બોલ્યા, તે બધું શ્રવણભક્તિથી ગ્રહણ કરી તેનું શ્રદ્ધેય સંપાદન-પ્રકાશન એ સંતો થકી અહીં કરાયું છે. શ્રીજીમહારાજે પણ એમના વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામી દ્વારા જોયાનું અને તેથી રાજી થયાનું લોયાના સાતમા વચનામૃતમાં નોંધાયું છે. (વ. પૃ. ૨૬૯)

આ શ્રીજીમહારાજનો જન્મ સન ૧૭૮૧માં. ૧૮ વર્ષની ઉંમરે ગુજરાતમાં આવ્યા બાદ તેઓ ઉદ્ધવના અવતાર મનાતા (પૃ. ૫૨૭) શ્રી રામાનંદ સ્વામીને પીપલાણામાં મળ્યા અને તેમની પાસે ભાગવતી દીક્ષા લઈ, સન ૧૮૦૧માં તેઓ તેમના ઉત્તરાધિકારી તરીકે પ્રતિષ્ઠિત થયા. આમ, નીલકંઠવર્ણી 'નારાયણ મુનિ'–'સહજાનંદ સ્વામી' તરીકે પ્રાદુર્ભાવ પામ્યા. સહજાનંદ સ્વામીએ ગુજરાતના વિવિધ પ્રદેશોમાં - એમાંયે ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ વગેરેમાં વિચરણ કરીને સદાચાર તેમજ ભક્તિનો સૌને સદુપદેશ કર્યો. એમના સત્સંગમાં આમ વર્ગની કણબી, મોચી, કુંભાર, દરજી વગેરેની; કાઠી-કોળી, પારસી, ખોજા-મુમના વગેરે કોમોની હાજરી ધ્યાન ખેંચતી. તેમણે સામાજિક સુધારણા સાથે દલિતોના ઉદ્ધાર–અભ્યુદયનું લક્ષ્ય પણ રાખેલું. તેથી શ્રીજીમહારાજની લોકવત્સલતાનો પ્રભાવ એમનાં વચનામૃતોમાં જોઈ શકાય છે. શ્રીજીમહારાજે એમનાં વચનામૃતોમાં 'आचारः प्रथमो धर्मः।' – એ વાત પર ખૂબ ભાર મૂક્યો છે. ભગવદ્ભાવનાના વિકાસ માટે બાહ્ય અને

૧. તા. ૨૧-૧૧-૧૮૧૯.
૨. તા. ૨૫-૭-૧૮૨૯.
૩. અમદાવાદ વિભાગમાં વચનામૃતના સંકલનકર્તાઓમાં શ્રી બ્રહ્માનંદ સ્વામીનો પણ સમાવેશ કર્યાની નોંધ મળે છે.

આંતરશુદ્ધિની – તન, મન તેમજ આચાર-વિચારની શુદ્ધિની સાધના તેમણે અનિવાર્ય લેખી છે. ભારતીય સંસ્કાર તેમજ સંસ્કૃતિનાં મૂળભૂત રહસ્યો તેમજ આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોની તેમની ભગવદ્વાર્તામાં બરોબર માવજત થઈ છે. તેમણે સાદી અને સરળ વાણીમાં, શાસ્ત્રોની પરિપાટીને નિષ્ઠાપૂર્વક જાળવીને મનઃપૂત ને દૃષ્ટિપૂત આચારવિચારના રસકસ આબાલવૃદ્ધ સૌની આગળ પીરસ્યા છે. શ્રીજીમહારાજે સન ૧૮૩૦માં એમની આયુષ્ય-લીલા સંકેલી. તે દરમ્યાન ઘણાં બધાં વચનામૃતોનું પાન એમણે જનસમાજને કરાવ્યું જ હોય. એમનાં ૧૨૦૦ જેટલાં વચનામૃતો હોવાની વાત પણ સંપ્રદાયમાં પ્રચલિત છે. આપણે તો માત્ર એમના એક દાયકાના ઉપર્યુક્ત પાંચ સંતો દ્વારા સંશોધિત-સંપાદિત ૨૭૩/૨૭૪ વચનામૃતોથી અહીં સંતોષ માનવાનો રહે છે. કારિયાણીના બીજા વચનામૃતમાં છેલ્લે આવી નોંધ છેઃ *''શ્રીજીમહારાજે ઘણીક વાર્તા કરી, તેમાંથી આ તો દિશમાત્ર લખી છે.''* (પૃ. ૨૨૫) આપણે શ્રીજીમહારાજનાં વચનામૃતોની પ્રમાણ-સંખ્યાનો વિચાર કરતાં આ નોંધને યાદ કરવાની રહે. શ્રીજીમહારાજનાં માત્ર એક દસકાનાં વચનામૃતોનો ગ્રંથ આપણને આજે ન્યાલ કરે છે, તો એમના આયુષ્યભરનાં બધાં વચનામૃતો પ્રાપ્ત થયાં હોત તો?...

એક સમર્થ ધર્મધુરંધરનાં – ધર્માચાર્યનાં આ વચનામૃતોની આસ્થાભાવે ને આસ્તિકતાના ભાવે અધિકારી સંતો દ્વારા નોંધ લેવાઈ એ ઘટના-પ્રક્રિયાનો જેટલો મહિમા કરાય તેટલો ઓછો છે. શ્રીજીમહારાજની પરાવાણીનો પ્રસાદ આમ ગ્રંથ -સ્વરૂપે વૈખરીમાં ઉપલબ્ધ થયો તે જ આપણા માટે તો સદ્ભાગ્યની બાબત લેખાય. વરતાલ(વડતાલ)ના આચાર્ય શ્રીપતિપ્રસાદજીની આજ્ઞાથી સંવત ૧૯૮૪(સન ૧૯૨૮)માં મુંબઈના નિર્ણયસાગર પ્રેસ દ્વારા મુદ્રિત વચનામૃતોનો જે ગ્રંથ પ્રકાશિત થયેલો, તે ગ્રંથ વિના ફેરફાર બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા પ્રકાશિત થયો. તે પ્રસંગે તા. ૩-૧૦-૧૯૬૯ના દિવસે બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજે આશીર્વચન આપતાં પ્રકાશિત ગ્રંથને 'શ્રીજીમહારાજની પરમ અમૃતવાણી' હોવાનું જણાવેલું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તા. ૯-૭-૧૯૯૬ના દિવસે પ્રસ્તુત ગ્રંથમાં આશીર્વાદ નોંધતાં લખ્યુંઃ

*''પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી ભગવાન સ્વામિનારાયણના શ્રીમુખનાં વચનોનો આ અમૂલ્ય ગ્રંથ વચનામૃત, અદ્ભુત અધ્યાત્મરસિક ગ્રંથ છે. સર્વે શાસ્ત્રોનું દોહન છે. વચનામૃતમાં આધ્યાત્મિક માર્ગે ચાલતા મુમુક્ષુને જીવનમાં નડતા તમામ પ્રશ્નોનું ભગવાને અદ્ભુત નિરાકરણ કરેલ છે. તેમાં ભગવાનનો સાક્ષાત્કાર પામવા ઈચ્છતા કોઈ પણ મુમુક્ષુને, સરળ ભાષામાં જીવનનું સાચું માર્ગદર્શન મળે છે.'' (પૃ. ૧૧)*

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે યોગ્ય રીતે જ આ વચનામૃતોના ગ્રંથને 'પરાવાણી[૪]ના ગ્રંથ' તરીકે ઓળખાવ્યો છે. આ વચનામૃતોનું કેવળ સાહિત્યિક દૃષ્ટિએ જ નહીં, ધાર્મિક-નૈતિક-આધ્યાત્મિક દૃષ્ટિએ પણ પરીક્ષણ-નિરીક્ષણ-સમીક્ષણ થાય તે અનિવાર્ય છે.

વચનામૃતોને અનુલક્ષીને અક્ષરબ્રહ્મ-સ્વરૂપ 'અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ જે અર્થઘટનો કર્યાં છે તે પણ ધ્યાનમાં લેવાનાં રહે. આ વચનામૃતોના સંદર્ભમાં વિદ્વાન સંતોને તેમજ હર્ષદરાય દવે જેવા સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વસિદ્ધાંતના વિદ્વાન સત્સંગીઓને પણ યાદ કરવાના રહે.

આપણી ભારતીય અધ્યાત્મ પરંપરામાં તો મનુષ્યમાત્ર 'અમૃતસંતાન' છે. મનુષ્યની અમૃતમયતા શેમાં રહી છે, તેનો અનુભવ કઈ રીતે કરી શકાય - તેની ગુરુચાવી આપણને શ્રીજીમહારાજનાં વચનામૃતોમાંથી મળી રહે છે. તેમનાં સદ્વચનો માટેનો 'વચનામૃત' શબ્દ એ અર્થમાં પણ સાર્થક લેખાશે. આ વચનોનો નાળબંધ વેદવાણી સાથે – સત્શાસ્ત્રોની વાણી સાથે છે જ. શ્રીજીમહારાજનાં આ વચનોમાં એમની આધ્યાત્મિક સાધનાનો અર્ક છે, એમની અનુભવ-વાણીનો નિષ્કર્ષ છે. આ વચનામૃતોની વાણીને 'ઋતંભરાવાણી' કહી શકાય.

આ વાણીના સંપાદન-પ્રકાશનમાં અનેક સંતોનું ઘણું મૂલ્યવાન યોગદાન છે. કેટલા બધા ધર્મજિજ્ઞાસુ સંતો, હરિભક્તોનો અહીં જમાવડો છે! આ વાણીનું સંપાદન-પ્રકાશન કરવાની સેવા કરનારા સંતો પૂર્ણતયા શ્રીજીમહારાજને સમર્પિત હતા. તેમણે શ્રીજીમહારાજ-પ્રબોધિત સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાનનો મર્મ પ્રગટ કરવા સાથે સંપ્રદાયનિર્દિષ્ટ આચાર-વિચારની – વ્રત, પૂજા વગેરેની પ્રણાલીને રજૂ કરવાનો મોક્ષલક્ષી ધર્મપુરુષાર્થ પણ અહીં દાખવ્યો જણાય છે. સ્વામી શ્રી મુક્તાનંદ, નિત્યાનંદ, શુકાનંદ, ગોપાળાનંદ, બ્રહ્માનંદ તેમજ અન્ય અનેક સાધુસંતો, હરિભક્તો, સત્સંગીઓ વગેરે દ્વારા શ્રીજીમહારાજને જે બધા જિજ્ઞાસા-પ્રશ્નો પુછાયા તેના ઉત્તરસ્વરૂપે ધર્મતત્ત્વની ઘણી બધી ગૂઢ વાતો અહીં વિશદ રીતે ઉદ્ઘાટિત થયાનું આપણે જોઈ

---

૪ 'ત્યારે એ જીવ જે તે, તે ભગવાનના સ્વરૂપનું જે પ્રતિપાદન કરે તથા તે ભગવાનનાં જે ધામ, ગુણ અને ઐશ્વર્ય તેનું પ્રતિપાદન કરે તથા તેના ચરિત્રનું વર્ણન કરે તથા આત્મા-અનાત્માનો વિવેક કરી દેખાડે તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તેના ભેદને પૃથક્ પૃથક્ દેખાડે, એવી જે વાણી તે પરાવાણી કહીએ.' (વ. પૃ. ૧૮૯)

શકીએ છીએ. શ્રીજીમહારાજની આ વાણીનું ગ્રહણ કરતાં કરતાં જ અક્ષરધામનું દર્શન થઈ જાય, અક્ષર-જીવનની યાત્રા થઈ જાય અને અક્ષરબ્રહ્મ દ્વારા પરબ્રહ્મ સુધી પહોંચવાની દિશા ને કેડી લાધી જાય એવી સબળ અને ઊંચી એની સમર્થતા (સામર્થી) છે.

આ 'વચનામૃત' ગ્રંથ સંપ્રદાયનો 'રહસ્ય ગ્રંથ' લેખાયો છે. તેને સ્વામિનારાયણ સંપ્રદાયનો ધર્મકોશ પણ કહી શકાય. આ ગ્રંથનું જેમ સાંપ્રદાયિક તેમ ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક મૂલ્ય પણ છે. ગુજરાતના ધાર્મિક-સામાજિક જીવનનું દર્શન કરાવતો આ કીમતી દસ્તાવેજ છે. તત્કાલીન દેશકાળની, તત્કાલીન સમાજના રૂઢિ-રિવાજોની પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઝાંખી કરવાની તક પણ આ ગ્રંથ આપી રહે છે.

**આ 'વચનામૃત' ગ્રંથ સંપ્રદાયનો 'રહસ્ય ગ્રંથ' લેખાયો છે. તેને સ્વામિનારાયણ સંપ્રદાયનો ધર્મકોશ પણ કહી શકાય. આ ગ્રંથનું જેમ સાંપ્રદાયિક તેમ ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક મૂલ્ય પણ છે.**

શ્રીજીમહારાજે વચનામૃત આપવા પાછળની પોતાની ભૂમિકા રજૂ કરતાં નિખાલસતાથી ને માર્મિકતાથી નીચે પ્રમાણે જણાવ્યું છેઃ

*'આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય, તે સારુ કરીએ છીએ. અને જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે...'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩)*

*'...અને આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯)*

શ્રીજીમહારાજે પોતાનાં આ વચનામૃતોના સંદર્ભમાં પ્રસંગોપાત્ત, 'અધ્યાત્મવાર્તા', 'ભગવદ્‌વાર્તા', 'સિદ્ધાન્ત-વાર્તા' જેવા શબ્દપ્રયોગો કર્યા છે. તેમનાં વચનામૃતો ધર્મજિજ્ઞાસુ સંતો અને સત્સંગીઓ સમક્ષ (જેઓ તેમનાં વિચાર, વર્તન અને વાણીમાં પરમ શ્રદ્ધા ધરાવનારા હતા તેવા ભક્તસમુદાય સમક્ષ) રજૂ થયાં હતાં.

એ રીતે આ વચનામૃતો ધર્મસભામાં રજૂ થયેલાં પ્રવચનોરૂપ હતાં. એ વચનામૃતોને 'બ્રહ્મજિજ્ઞાસા' સંતોષવા માટેના શ્રીજીમહારાજના આધ્યાત્મિક કાર્યક્રમના ફળરૂપ લેખી શકાય. આ વચનામૃતો એ રીતે સત્સંગની આધ્યાત્મિક પ્રસાદીરૂપ લેખાય. આ વચનામૃતો જ્ઞાન, ભક્તિ અને કર્મના પ્રબોધન અન્વયે પીરસાયાં છે. નવધા ભક્તિનાં કીર્તન-શ્રવણાદિના માહોલમાં રજૂ થયાં છે. આ વચનામૃતોના પઠન-શ્રવણમાંયે ભક્તિ-સાધનાનું જ એક સ્વરૂપ હોવાનું માનવું રહ્યું. ડૉ. ધીરુભાઈ ઠાકર આ વચનામૃતોને સાભિપ્રાય *'આધ્યાત્મિક પાઠશાળા'*ની ગરજ સારતાં હોવાનું દર્શાવે છે.[૫]

શ્રીજીમહારાજનાં વચનામૃતોનું આપણા પરંપરાગત આધ્યાત્મિક પ્રશ્નોત્તરમૂલક સંવાદો સાથેનું અનુસંધાન પણ જોઈ શકાય. શ્રીજીમહારાજને જે કંઈ કહેવાનું થાય છે તે જિજ્ઞાસુ સંતો-હરિભક્તોના પ્રશ્નોના કારણે. સંતો-ભક્તો જે પ્રશ્નો કરતા હોય તેના ઉત્તરો આપી શ્રીજીમહારાજ તેમના મનમાંથી શંકા, દ્વિધા કે ગૂંચ દૂર કરવાનું કાર્ય કરે છે. વળી, જરૂર પડ્યે ત્યાં બે સંત-મહાત્માઓ વચ્ચેની ચર્ચાવિચારણામાં જ્યારે ગૂંચવાડો પેદા થાય ત્યારે તેના નિવારણ માટે, જે તે આધ્યાત્મિક મુદ્દાના સ્પષ્ટીકરણ માટે તેઓ જરૂરી ખુલાસા કે માર્ગદર્શન આપે છે. કેટલીક વાર તેમની ચર્ચાવિચારણમાં જે તે મુદ્દાની છણાવટ થતી પણ લાગે.

શ્રીજીમહારાજની ધર્મ-સભાઓમાં જે પેચીદા મુદ્દાઓ ચર્ચાની એરણ પર આવે તેમાં શ્રીજીનું સ્પષ્ટીકરણ સવિશેષ અપેક્ષિત હોય એ દેખીતું છે. વળી, અહીં જે તે મુદ્દાઓની ક્રમિક વિકાસચર્ચાની અપેક્ષા રાખવી જરૂરી નથી. જેવી સભા, જેવા પ્રશ્નો એવો શ્રીજીમહારાજનાં વચનામૃતોનો ઢાળો. એક જ વાર ચર્ચાઈ ગયેલો મુદ્દો ફરી વાર પણ ઊખળે અને ચર્ચાય અને એમાં નવા અર્થ-સંદર્ભો ઉમેરાતા રહે એવું પણ જોવા મળે. એ રીતે જે તે વસ્તુવિષયની ચર્ચા અનિવાર્યતયા પુનરાવર્તન પામતી પણ જોઈ શકાય.

આમ, અહીં જેવા પ્રશ્નો એવા ઉત્તરો, જેવું લક્ષ્ય એવું શરસંધાન. શ્રીજીમહારાજની આધ્યાત્મિક પ્રતિભા કેવી પારદર્શિતા, સૂક્ષ્મદર્શિતા, સમગ્રદર્શિતા ને સમન્વયદર્શિતા દાખવે છે, તેની અહીં પ્રભાવક રીતે પ્રતીતિ થાય છે. અહીંની પ્રશ્નોત્તરીમાં પ્રાસંગિકતા ને આકસ્મિકતાની ભૂમિકા પણ અત્રતત્ર ભાગ ભજવતી હોવાનું વરતાય; પરંતુ શ્રીજીમહારાજમાં શાશ્વતતા કે સનાતનતાના સંદર્ભમાં જે તે

૫. વિભાવિતમ્‌, ૧૯૮૩, પૃ. ૮૦

પ્રસંગ-પરિસ્થિતિ વગેરેને જોવા-મૂલવવાની સમર્થ વિવેક દૃષ્ટિ પણ સક્રિય હોવાનું વરતી શકાય છે. તેમનાં વચનામૃતોમાં સ્વામિનારાયણ ધર્મ-સંપ્રદાયના પાયાનાં મૂલ્યોની ચર્ચામાં એકાંતિક ભક્તિ, મુક્તિ, સત્સંગ, વૈરાગ્યભાવ, બ્રહ્મચર્ય, સંયમ, સેવા, આત્મશુદ્ધિ, આત્મનિષ્ઠા, આત્મબુદ્ધિ, બ્રહ્મની સાકારતા ને નિરાકારતા, સગુણતા ને નિર્ગુણતા, સવિકલ્પતા ને નિર્વિકલ્પતા, ધ્યાન અને યોગ, શુદ્ધિ અને સાધના જેવી અનેક મહત્ત્વની બાબતોનું સ્પષ્ટીકરણ, દૃઢીકરણ અને સમર્થીકરણ થતું જોવા મળે છે. આપણી પરંપરાગત પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક, પુનર્જન્મ અને કર્મફળની ભૂમિકા, પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંબંધ જેવી અનેક માન્યતાઓની સ્વીકૃતિ, પુષ્ટિ તેમજ શુદ્ધિવૃદ્ધિની પરિપાટી પણ અહીં જોવા મળે છે.

'વચનામૃત' ગ્રંથમાં કેન્દ્રસ્થ વિષય છે અધ્યાત્મનો - જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મનો; સંતસમાગમ અને સત્પુરુષનો; જ્ઞાન, ભક્તિ અને કર્મના સંબંધનો; ત્યાગ, વૈરાગ્ય અને સંયમનો; શીલ અને સદાચારનો; આત્મશુદ્ધિ અને આત્મસમર્પણનો. જીવને જે મોંઘેરો મનુષ્યાવતાર પ્રાપ્ત થયો છે તેને કેમ કરીને સાર્થક કરવો તેના ઉપાયો શ્રીજીમહારાજ બતાવે છે; તે માટેનું વિધેયાત્મક માર્ગદર્શન આપે છે. શ્રીજીમહારાજ 'વિમુખ'થી વેગળા રહેવાનું, કુસંગથી બચવાનું અને નાસ્તિકતામાં નહીં ફસાવાનું સૂચવે છે. તેમણે પોતે જ (ભગવાને) કલિકાળના આતંકબળમાંથી જીવોને ઉગારી-ઉદ્ધારી તેમને બ્રહ્મભાવ પ્રતિ પ્રેરવાનું યુગકાર્ય કરવા પધાર્યા હોવાનો નિર્દેશ આ વચનામૃતોમાં આપ્યો છે. શ્રીજીમહારાજે *'હું જ પુરુષોત્તમ છું'* (વ. પૃ. ૬૪૯) એમ પણ જણાવ્યું છે.

શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના તેરમા વચનામૃતમાં જે કહ્યું છે તે અહીં નોંધવા જેવું છે. તેમણે કહ્યું છેઃ

*'... 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ જાણજો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' '' (વ. પૃ. ૩૮૭)*

શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના પાંત્રીસમા વચનામૃતમાં પણ પોતાના ભગવત્-સ્વરૂપનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. (વ. પૃ. ૪૩૪-૪૩૫) વળી, ગઢડા મધ્ય પ્રકરણના પચાસમા વચનામૃતમાં તેમણે કહ્યું છેઃ

*'આજ તો અમારું જે રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ જે, જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે, અને જેમ સતી ને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે, અને જેમ શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે, તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે.'' (વ. પૃ. ૪૫૬)*

શ્રીજીમહારાજ સ્વયં સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ હોવાના સંકેત વચનામૃતોમાં અન્યત્ર પણ મળે છે. (જેમ કે પૃ. ૮૪, ૪૮૪, ૫૩૧, ૬૧૨ વગેરે)

શ્રીજીમહારાજનું ઐશ્વર્ય અને એમની ભક્તવત્સલતા એમનાં વચનામૃતોમાં અત્રતત્ર સરસ રીતે પ્રગટ થયેલાં જોવા મળે છે. 'પરથારો'માં શ્રીજીમહારાજની ચરિત્રલીલાનું - એમની 'સિદ્ધગતિ'નું પ્રભાવક વર્ણન છે. શ્રીજીમહારાજે ઘણા મતવાદીઓની વિનંતીથી અનેકને એમના ઈષ્ટદેવ અનુસાર દર્શન આપ્યાં. કોઈને શ્રીકૃષ્ણ રૂપે, કોઈને રામચંદ્ર રૂપે, કોઈને શિવ રૂપે, કોઈને મહાગણપતિ રૂપે, કોઈને તીર્થંકર રૂપે તો કોઈને પેગંબર રૂપે એ દેખાયા. (વ. પૃ. ૫૨-૫૩) શ્રીજીમહારાજે સાધુસંતો, ગૃહસ્થ સત્સંગીઓ વગેરે દ્વારા અહિંસક યજ્ઞોનાં, દાનધર્મનાં અનેક ઉમદાં કાર્યો કરાવી સમાજના સૌ દીનહીન જનોના સમુદ્ધારનું - સમુત્કર્ષનું ઉમદા કાર્ય સંપન્ન કર્યું. 'પરથારો'માં શ્રીજીમહારાજના શ્રીઅંગનું સામુદ્રિક લક્ષણોથી ઘણી વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. વળી, તેમની સ્વાભાવિક ચેષ્ટાઓનું ને દિનચર્યાનું પણ સ્વભાવોક્તિસભર નિરૂપણ 'પરથારો'માં મળે છે. (વ.પૃ. ૫૭-૬૩) અહીં વિસ્તારભયે તે આપવામાં આવ્યું નથી.

શ્રીજીમહારાજ પોતે બાળપણમાં કેવા નિર્ભીક હતા, પોતે કેવી આકરી તપશ્ચર્યા કરીને શરીર ગાળી નાખેલું, પોતે કેવા ક્ષમાશીલ અને ઉદાર હતા તથા ભક્તો-સત્સંગીઓ-સંતો પ્રત્યે કેવા હેતાળ હતા તેની સરસ છબી આ વચનામૃતોમાંથી ઊપસી આવે છે. તેમણે અષ્ટાંગયોગ સાધ્યો હતો. અનેક શાસ્ત્રોનો સ્વાધ્યાય પણ કર્યો હતો. (વ. પૃ. ૫૬૩) અંતર્દષ્ટિ ને ધ્યાનમુદ્રા શ્રીજીમહારાજને સહજ હતાં. (વ. પૃ. ૫૧૧) આ શ્રીજીમહારાજને શુષ્ક વેદાંતીઓ ને વિમુખો પ્રતિ અભાવ હતો. તેમને અહંકાર ને દંભ નાપસંદ હતા. હરિનો કે હરિના જનનો દ્રોહ તેમને અકારો લાગતો હતો. (વ. પૃ. ૫૧૫) શ્રીજીમહારાજ પોતે ત્યાગી સ્વભાવના. છતાં તેઓ શ્રી મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસરી સ્વામી શ્રી રામાનંદને શિષ્યભાવે સમર્પિત થયા અને એમ કરતાં મનમાં કોઈ આંટી કે ગ્રંથિથી બંધાઈને રહ્યા નહીં. (વ. પૃ. ૬૦૦) શ્રીજીમહારાજે તો ભગવાનના જેવો જ સાધુનો પ્રતાપ હોવાનું કહ્યું છે. (વ. પૃ. ૪૧૦)

તેઓ તો ભક્તિરસમાં જ બ્રહ્મરસનો આસ્વાદ લેનારા હતા. તેમણે કારિયાણીના દસમા વચનામૃતમાં કહ્યું છે:

*"અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે, 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી. અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહીં.' 'માટે તમે પણ સર્વે આ અમારા વચનને પરમ સિદ્ધાંત કરી માનજ્યો." (વ. પૃ. ૨૪૨)*

આવા 'ઈશક'નું બળ જ શ્રીજીમહારાજને નીચે પ્રમાણેનો નિશ્ચય જાહેર કરવા પ્રેરે એમાં શું આશ્ચર્ય? તેઓ ગઢડા અંત્ય પ્રકરણ ૨૧માં કહે છે:

*"જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે, પણ ઉનાળાના તાપે કરીને ઢીલો થાય નહીં, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહીં. એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે ને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે, એમ અમારો નિશ્ચય છે." (વ. પૃ. ૫૮૭)*

આવો નિશ્ચય ધરાવતા શ્રીજીમહારાજને સત્સંગીઓ 'ભગવાનના પાર્ષદ' જેવા લાગે છે.(૫૮૬) તેઓ એકાંતિક ભક્તને સત્સંગી કહે છે.(૩૭૧) શ્રીજીમહારાજ જેમનામાં સમપણે સમજવાની શક્તિ હોય, જેઓ પોતાના જીવના કલ્યાણ અર્થે નિષ્કામભાવે ભગવાનની ભક્તિ કરતા હોય (૧૪૧) તેવા હરિભક્તોને આત્મીય ભાવે ચાહે છે.(૪૨૯) તેઓ ગઢડા અંત્ય પ્રકરણના છવ્વીસમા વચનામૃતમાં કહે છે:

*"અને હવે જે ગમે તે કહીએ છીએ જે, ભગવાનનો મહિમા યથાર્થ સમજે, ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે, અને ધર્મમાં દૃઢ રહ્યો હોય, અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય, અને આવી રીતનો પોતે હોય તોપણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહીં, એવો જે હોય તે અમને બહુ ગમે." (વ. પૃ. ૫૯૯)*

શ્રીજીમહારાજનો પોતાના સત્સંગીમંડળ માટેનો વાત્સલ્યભાવ-કરુણાભાવ ગઢડા પ્રથમ પ્રકરણના સિત્તેરમા વચનામૃતમાં આ રીતે વ્યક્ત થયો છે:

*"એમ સત્સંગ કરે છે ને તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે; કાં જે, અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય." (વ. પૃ. ૧૪૧)*

આ શ્રીજીમહારાજ સત્સંગી જીવના રૂડા વાસ્તે કરીને તેમના થકી પ્રાપ્ત માનસન્માનના લૌકિક વ્યવહારનો પણ સમુદારતાથી પણ નિર્લેપભાવે અંગીકાર કરતા. (ગઢડા પ્રથમ પ્રકરણનું અઢારમું વચનામૃત, પૃ. ૨૮) તેઓ વિવિધ સ્થળોએ ઢોલિયા પર, ગાદીતકિયા પર, છપરપલંગ પર – એમ વિવિધ પ્રકારનાં આસનો પર બિરાજતા; વિવિધ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો વગેરે ધારણ કરતા. તે બધાંનાં નિશ્ચિત સ્થળ, તિથિ અને સમયવારનાં ચિત્રો લગભગ બધાં વચનામૃતોમાં પ્રારંભે જ સાંપડે છે. આ પ્રકારની ચોકસાઈભરી તિથિ-નોંધની અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રૉફેસર જહૉન કાર્મેને પ્રશંસા કરી છે. શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં ભાવચિત્રો અનેક છે. એમાંનું એક ચિત્ર અહીં નોંધીએ:

*"સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૧૨ દ્વાદશીને દિવસ ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ સુરતના હરિભક્ત જાદવજી છપરપલંગ લાવ્યા હતા, તે ઢાળ્યો હતો ને તે પલંગ પર રેશમનું ગાદલું ધોળા ઓછાડે સહિત બિછાવ્યું હતું ને તેની ઉપર ધોળો તકિયો અને લાલ મશરૂનાં ઢીંચણિયાં મૂક્યાં હતાં અને તે પલંગની ઉપર ચારે કોરે સોનેરી કસબના સેજબંધ લટકતા હતા. એવી શોભાએ યુક્ત જે તે પલંગ તેની ઉપર શ્રીજીમહારાજ ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સોનેરી છેડાનો ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો અને સોનેરી છેડાનું શેલું ઓઢ્યું હતું ને કાળા છેડાનો ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને શ્રીજીમહારાજના મુખારવિંદરૂપ ચંદ્રમા સામા ચકોરની પેઠે સર્વે ભક્તજન જોઈ રહ્યા હતા." (વ. પૃ. ૨૧૭)*

આવા શ્રીજીમહારાજે હંમેશાં પોતાનામાં શ્રદ્ધા ધરાવનારા સર્વ સંતો ને સત્સંગીઓ પ્રત્યે જે પ્રબળ સદ્ભાવના હતી તેનું અવારનવાર દર્શન પોતાનાં વચનામૃતોમાં કરાવ્યું છે. તેમનાં વચનામૃતો એ રીતે સંતો ને સત્સંગીઓ પ્રત્યેનાં હિતવચનો જ છે. તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયની દાર્શનિક વિચારધારા - શાસ્ત્રધારા પણ દૂધમાં સાકર ભળેલી હોય એમ ભળેલી જોવા મળે છે.

(વધુ આવતા અંકે)◆

# વચનામૃત

■ શ્રી ભોગીલાલ જ. સાંડેસરા

## અપૂર્વ ગદ્યગ્રંથ: જે આધ્યાત્મિક સાહિત્યમાં અપૂર્વ સ્થાન આરક્ષિત રાખે છે...

ગુજરાતી ભાષાના પ્રખર વિદ્વાન શ્રી ભોગીલાલ સાંડેસરા એટલે એક મૂર્ધન્ય સંશોધક. ૧૯૫૦માં પીએચ.ડી. કરીને ઇતિહાસ, પુરાતત્ત્વ, સાહિત્ય, પ્રાકૃત-સંસ્કૃત ભાષા, સંસ્કૃતિ, વ્યાકરણ વગેરે અનેક ક્ષેત્રે વિદ્વત્તાપૂર્ણ પ્રદાન આપનાર પ્રો. સાંડેસરાએ દેશ-વિદેશમાં એક વિરલ વિદ્વાન તરીકે નામના હાંસલ કરી હતી. તેઓની પ્રમાણભૂત કલમે ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃત પર ૧૯૮૦માં લખાયેલો આ સંશોધન લેખ, વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વધુ મનનીય બની રહે છે.



**ધાર્મિક અને આધ્યાત્મિક ઉપદેશ ગ્રંથોની તુલનામાં ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃત એક અજોડ સ્થાન ધરાવે છે. વચનામૃત ગુજરાતના ચિંતનાત્મક ગદ્યમાં અપૂર્વ છે...**

સ્વામિનારાયણ સંપ્રદાયની સંતવાણીમાં ભગવાન સ્વામિનારાયણ(સંવત ૧૮૩૭-૧૮૮૬, સન ૧૭૮૧-૧૮૩૦)નાં 'વચનામૃત' અગ્રિમ છે.

'શિક્ષાપત્રી' વિષે સ્વયં સહજાનંદજીએ કહ્યું છે કે मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् (શ્લોક ૨૦૯).

'શિક્ષાપત્રી'ની જેમ 'વચનામૃત' પણ ભગવાન સ્વામિનારાયણનું 'અક્ષર'રૂપ છે. 'વચનામૃત' એમનાં પ્રવચનો છે અને સંપૂર્ણ અધિકૃત રૂપે તે સચવાયાં છે.

આ હકીકતને ભારતીય ધર્મગ્રંથોના ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ.

ભગવાન બુદ્ધનાં પ્રવચનો અને એમના ધર્મસંવાદો પાલિ ત્રિપિટકમાં છે. બુદ્ધનો વિહારપ્રદેશ મગધ હતો અને એમનો ઉપદેશ ત્યાંની લોકભાષા માગધીમાં થયો હતો, પણ પાલિ એ તત્કાલીન મગધની ભાષા નથી અને બુદ્ધના ઉપદેશો વિવિધ સંગીતિઓ અર્થાત્ એ ઉપદેશોને સંકલિત કરનાર પરિષદોને પરિણામે પાલિમાં ઊતર્યા હતા.

બુદ્ધના સમકાલીન ભગવાન મહાવીરના ઉપદેશરૂપ, વીતરાગની વાણી ગણાતાં જૈન આગમો વીરનિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષ બાદ, ઈસવીસનની પાંચમી સદીમાં, પશ્ચિમ ભારતમાં વલભીમાં એક સાથે લિપિબદ્ધ થયાં હતાં અને ત્યાર પહેલાં પણ એની સંકલના માટે ત્રણ પરિષદો જુદે જુદે સમયે પાટલિપુત્ર, મથુરા અને વલભીમાં મળી હતી.

જૈન આગમો પૈકી 'ઉત્તરાધ્યયન સૂત્ર', એનું નામ સૂચવે છે તેમ, પરંપરાથી ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ મનાય છે, પણ એમાં મૂળ ભાષા અને પ્રસંગો બરાબર જળવાયાં છે એમ, ભાષાસ્વરૂપ તેમજ વિવિધ અધ્યયનોનો સંદર્ભ જોતાં, કહેવું મુશ્કેલ છે.

મધ્યકાળમાં જૈન આચાર્યો કે ભટ્ટારકો સાથે દફતરદાર સાધુઓ કે યતિઓ રહેતા અને તેઓ વિહાર દરમ્યાન અનેક નાની મોટી વાતો કે પ્રસંગો લખી લેતા, જે પટ્ટાવલીઓમાં વર્ષ-માસના ઉલ્લેખ સાથે નોંધાયા છે; પશ્ચિમ ભારતના - વિશેષતઃ ગુજરાતના સામાજિક-ધાર્મિક ઇતિહાસ માટે આ પટ્ટાવલીઓ બહુ મહત્ત્વની છે.

શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેના ગ્રંથો એમના વિદ્વાન શિષ્યો કે 'લેખકો' દ્વારા પ્રાયઃ બોલીને લખાવાયા છે, પણ એમાંયે પાઠાંતરોને અવકાશ છે.

આ સર્વમાં 'વચનામૃત'નું સ્થાન અદ્વિતીય છે. ભગવાન સ્વામિનારાયણનાં પ્રવચનો, લગભગ શબ્દશઃ ક્યાં ને ક્યારે અપાયાં એના સંદર્ભ સાથે, એમનો પોશાક, શણગાર વગેરે એ વખતે કેવાં હતાં એનાં વર્ણન સહ, વર્ષ, માસ, તિથિની નોંધ સમેત, પ્રશ્નોત્તરી અને પ્રશ્નોત્તરી કરનાર વ્યક્તિવિશેષોના વિગતવાર ઉલ્લેખ સહિત, 'વચનામૃત'માં સંગૃહીત થયાં છે. ગઢડા, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, વડતાલ અને અમદાવાદ - એટલાં સ્થળે અપાયેલાં કુલ ૨૬૨ વચનામૃત એટલે કે પ્રવચન એમાં છે. મુક્તાનંદ, ગોપાળાનંદ, નિત્યાનંદ અને શુકાનંદ એ ચાર શિષ્યોએ એકત્ર થઈને એ સંગ્રહ સંપાદિત કર્યો છે. 'સંપાદિત' એ આધુનિક શબ્દ પ્રયોગ છે, પણ એ વિષે 'વચનામૃત'નો ઉપસંહાર જોઈએઃ

*એવી રીતે આ જે સર્વે શ્રીજીમહારાજનાં વચનામૃત તે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ એ ચાર સાધુઓએ ભેળા થઈને જેમ સાંભળ્યું છે અને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યાં છે અને શ્રીજીમહારાજ જે તે દિવસ દિવસ પ્રત્યે આવી રીતની અનેક પ્રકારની વાર્તાને કરતા થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા શ્રી ગઢડાને વિષે વિરાજમાન હતા. (શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજીનું સંપાદન, વડતાલ, ૧૯૪૭, પૃ. ૮૧૯; શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાનું પાંચમું સંસ્કરણ, મુંબઈ ૧૯૪૭; પૃ. ૬૮૪)*

આ પછી ૧૮ શ્લોકની સંસ્કૃત પુષ્પિકા છે, તેમાં પણ આ હકીકતની પુનરાવૃત્તિ કરી છે. એમાં 'ગઢડા'ને 'દુર્ગપુર', 'કારિયાણી'ને 'કાર્યાયન', 'લોયા'ને 'લોહા', 'પંચાળા'ને 'પંચાલ', 'વડતાલ'ને 'વૃત્તાલય' અને 'અમદાવાદ'ને

'શ્રીનગર' કહેલ છે.

બીજું, મહત્ત્વની વાત એ છે કે આ 'વચનામૃત' સ્વયં સહજાનંદજીએ મંજૂર કરેલાં છે અને એથી એમાં પાઠભેદને અવકાશ નથી. એ માટે જુઓ સંસ્કૃત પુષ્પિકામાંના શ્લોકો:

एवं हि तानि सर्वाणि मितानि द्विरसाक्षिभिः ।
सन्ति संलिखितानि श्रीमहाराजनिदेशतः ॥१२॥
इमानि ये पठिष्यन्ति श्रोष्यन्ति चादराज्जनाः ।
भविष्यति हरौ तेषां भक्तिरेकान्तिकी ध्रुवम् ॥१३॥
आप्याययन्निजजनान् स्वकीयवचनामृतैः ।
जयति श्रीहरिः स्वामी श्रीमद्दुर्गपुरे प्रभुः ॥१४॥

(આમાંના બારમા શ્લોકના બીજા ચરણમાં છેલ્લે શબ્દાંકો દ્વારા 'વચનામૃત'ની ૨૬૨ સંખ્યાનો નિર્દેશ છે; 'દ્વિ' એટલે 'બે', 'રસ' એટલે 'છ' અને 'અક્ષિ' - આંખ એટલે પણ બે; આમ ૨૬૨ સંખ્યા થશે.)

ભારતના ધાર્મિક અને સાહિત્યિક ઈતિહાસમાં આ વિરલ ઘટના છે. શીખોના ધર્મગ્રંથ 'ગ્રંથસાહેબ'નો અધિકૃત પાઠ દશમા અને છેલ્લા ગુરુ ગોવિંદસિંહજીએ નિશ્ચિત કરાવ્યો હતો તથા એની છત્રીસ નકલો ઉપર સહી કરી મંજૂરીની મહોર મારી હતી; પણ ધ્યાનમાં રાખવાનું છે કે 'ગ્રંથસાહેબ' એ ગુરુ ગોવિંદસિંહની વાણી નથી, પણ એમાંની કૃતિઓ પૂર્વકાળના સંતોની છે.

'વચનામૃત'નો પહેલો ખરડો શુકાનંદ સ્વામીએ તૈયાર કર્યો હતો એમ કહેવાય છે. શુકાનંદ સ્વામી સંકલનકાર ચારેય સંતોમાં સૌથી નાના હતા અને સહજાનંદ સ્વામીના મંત્રી જેવા હતા. કવિ દલપતરામે 'વચનામૃત'ની સંકલનાનું મુખ્ય શ્રેય મુક્તાનંદ સ્વામીને આપ્યું છે. એક વચનામૃતમાં કહ્યું છે કે તે દિવસ સુધીનાં વચનામૃતનો સંગ્રહ નિત્યાનંદ સ્વામીએ બતાવ્યો, તે જોઈને સહજાનંદ સ્વામી ખુશ થયા. આ ચારે સંતો સહજાનંદજીનાં પ્રવચનોની નોંધ કરતા હોય અને ભેગા મળીને પ્રમાણભૂત પાઠ તૈયાર કરતા હોય એવો વિશેષ સંભવ છે. શ્રી કિશોરલાલ મશરૂવાળા લખે છે: 'નિત્યાનંદ સ્વામી ઉદ્ધવ સંપ્રદાયના સકલ હાર્દજ્ઞ તરીકે પ્રસિદ્ધ છે. તેઓ એ કાર્યના નેતા તરીકે હશે.'[1]

સહજાનંદ સ્વામીના જીવનકાળનાં છેલ્લાં દશ વર્ષનાં - સંવત ૧૮૭૬થી ૧૮૮૬ સુધીનાં વચનામૃતોનો જ સંગ્રહ થયો છે. વળી, એમાં આધ્યાત્મિક વિષયો અને તત્ત્વચર્ચાનો સમાવેશ થાય, પણ ચમત્કારોની વાત ક્યાંય ન આવે એ દૃષ્ટિ સંગ્રાહકોએ રાખી જણાય છે. સંત કવિ મુક્તાનંદની પંક્તિ અહીં યાદ આવે છે કે *'પરચો ઈચ્છે તેને પામર જાણવો.'*

'વચનામૃત' ગુજરાતી સાહિત્યનું (મધ્યકાલીન ગુજરાતી ભાષા-સાહિત્યના અંતિમ તબક્કાનું, પણ અર્વાચીન સાહિત્યનો અરુણોદય થવાની તૈયારી હતી એ સમયમાં પ્રતિષ્ઠિત થયેલું) એક સીમાચિહ્ન હોઈ જૂના ગદ્ય વિષે થોડીક વાત અહીં હું કરીશ.

સત્તાવીસ વર્ષ પહેલાં, સન ૧૯૫૩માં 'ષષ્ટિશતક પ્રકરણ - બાલાવબોધ' (પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા, ગ્રંથ ૧, વડોદરા યુનિવર્સિટી)ની પ્રસ્તાવના(પૃ. ૫)માં મેં લખ્યું હતું: ''અત્યારે ઉપલબ્ધ થતું જૂનું ગદ્ય એટલું વિપુલ છે કે એનું પ્રકાશન કરવામાં આવે તો 'બૃહત્કાવ્યદોહન'ના સુપ્રસિદ્ધ ગ્રંથો જેવડા ઓછામાં ઓછા સો ગ્રંથો તો સહેજે ભરાય. જો કે જુદા જુદા પ્રાચીન ગ્રંથભંડારો અને સંગ્રહોમાં જે ગદ્યસાહિત્ય મારા જોવામાં આવ્યું છે એ વિચારતાં મને લાગે છે કે આ વિધાનમાં સંભવ અત્યુક્તિનો નહીં, પણ અલ્પોક્તિનો છે.'' આટલાં વર્ષ પછી નિશ્ચિત રૂપે કહી શકાય કે જૂના ગુજરાતી ગદ્યસાહિત્યની ઈયત્તા 'બૃહત્કાવ્ય-દોહન' જેવડા છસો-સાતસો ગ્રંથો કરતાં કોઈ રીતે ઓછી સંભવતી નથી.

મધ્યકાળમાં ગદ્યનું ક્ષેત્ર સીમિત હતું, તોપણ એ સીમિત ક્ષેત્રમાંયે થોડાક અલગ અલગ પ્રકારો મળે છે. જેમ કે સંસ્કૃત, પ્રાકૃત કે વ્રજભાષાના કે ક્વચિત્ પારસી ધર્મગ્રંથોના અનુવાદરૂપ બાલાવબોધો કે ટબાઓ.[2] અક્ષરના રૂપના માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં પદ્યમાં લેવાની બધી છૂટ ભોગવતા પ્રાસયુક્ત ગદ્ય 'બોલી'માં રચાયેલા 'પૃથ્વીચંદ્રચરિત' કે 'સભાશૃંગાર' જેવા વર્ણકસંગ્રહો.[3]

વર્ણકોની પરંપરા ભારતીય સાહિત્યમાં બહુ પ્રાચીન છે.

---

૧. 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', બીજી આવૃત્તિ, પૃ. ૧૧૫.

૨. 'બાલાવબોધ' અને 'ટબા'માં વસ્તુતઃ કશો ફરક નથી. કેટલીક હસ્તપ્રતોમાં મૂલ ગ્રંથની પંક્તિઓ મોટા અક્ષરમાં લખી, એની નીચે ઝીણા કલામય અક્ષરોમાં અનુવાદ લખવામાં આવતાં સ્તબક અર્થાત્ ગુચ્છ જેવો દેખાવ લાગે છે; 'સ્તબક'નું અપભ્રષ્ટ શબ્દરૂપ તે 'ટબો'.

૩. વિશિષ્ટ સ્થાનો, વિષયો કે પ્રસંગોનું આવા પ્રાસયુક્ત ગદ્યમાં પૂર્વપરંપરાથી લગભગ ઠરેલી ઢબે વર્ણન તે વર્ણક. આવા વર્ણકો માટે જુઓ 'વર્ણક-સમુચ્ચય', ભાગ ૧-૨, પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા, વડોદરા યુનિવર્સિટી, ૧૯૫૫-૧૯૫૯; મારુ-ગુર્જર વર્ણકોનો આવો બીજો એક સંગ્રહ નાગરી પ્રસારિણી સભા, કાશી તરફથી 'સભાશૃંગાર' નામે પ્રગટ થયો છે. જૂની મૈથિલી ભાષામાં આ પ્રકારના ગદ્યનો, જ્યોતિરીશ્વર કવિશેખર કૃત 'વર્ણરત્નાકર' નામે ગ્રંથ છે.

પાલિ ત્રિપિટકમાં તે 'પેય્યાલ' નામે ઓળખાય છે; જૈન આગમોમાં નગર, ઉદ્યાન, ચૈત્ય આદિનું પરંપરાગત નિશ્ચિત વર્ણન વણ્ણાઓ (સં. વર્ણકઃ) રૂપે છે. અજ્ઞાતકર્તૃક 'કાલકાચાર્ય કથા' જેવી, ક્વચિત્ અલંકારપ્રચુર અને ક્વચિત્ સહેલા રસળતા ગદ્યમાં રચાયેલી કથાઓ અને 'કાદંબરી કથાનક' જેવા કથા સંક્ષેપો; દાર્શનિક ચર્ચાઓ, વાદવિવાદો અને પ્રશ્નોત્તરીઓ; 'ઔક્તિક' તરીકે ઓળખાતા, ગુજરાતી દ્વારા સંસ્કૃત શીખવા માટેના સંખ્યાબંધ વ્યાકરણ ગ્રંથો, જેમાં સંગ્રામસિંહકૃત 'બાલશિક્ષા' અને કુલમંડનમણિકૃત 'મુગ્ધાવબોધ ઔક્તિક' જેવાં ભાષાના ઈતિહાસનાં સીમા-ચિહ્નોનો સમાવેશ થાય છે.

અને સમય દૃષ્ટિએ છેલ્લે, સ્વામિનારાયણનાં 'વચનામૃત'નું સરળ, વિશદ અને પ્રવાહી ગદ્ય - એ જૂના ગુજરાતી ગદ્ય-સાહિત્યનાં પ્રાપ્ત વિવિધ રૂપો છે.[૪]

**સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. સાધનદશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે.**

દાર્શનિક, તાત્ત્વિક અને સૂક્ષ્મ વિચારોને બહુસમાજ આગળ રજૂ કરી એને લોકગમ્ય બનાવવાનો તથા સદાચારની સાદી વાતોની યોગ્ય દૃષ્ટાંતો સાથે તર્કબદ્ધ, હસ્તામલકવત્, સમજૂતી આપવાનો સફળ પ્રયત્ન 'વચનામૃત'ના ગદ્યમાં છે. એ મનીષીનો વાર્તાલાપ હોઈ એમાં સંસ્કૃત તત્સમ શબ્દોની વિપુલતા છે તથા ઉભયાન્વયી અવ્યય 'અને' વડે જોડાતાં લાંબાં વાક્યોની પરંપરા સર્વત્ર છે, પરંતુ તે સરળતામાં બાધારૂપ નથી.

'આણું' પ્રત્યયવાળાં કર્મણિ ભૂતકૃદંતો અને સ્ત્રીલિંગમાં અને આજ્ઞાર્થમાં 'ય'કારવાળાં રૂપો એ સૌરાષ્ટ્રી બોલીની અસર છે. 'ગોપીઓ કાંઈ ભોળિયો નહોતી... ડાહિયો હતી.' (વડતાલની આવૃત્તિ, પૃ. ૨૫૯) એવા ચરોતરી બોલીની અસરવાળા પ્રયોગો વાર્તાલાપને વ્યક્તિગત રૂપ આપે છે; એમાં સ્ત્રીલિંગી વિશેષ બહુવચનમાં હોય તો એનાં વિશેષણ પણ બહુવચનમાં પ્રયોજાય છે.

મારા અગાઉના એક લખાણમાં 'વચનામૃત'ને પ્રવચન શૈલીનું ગદ્ય મેં કહ્યું છે, પણ મને લાગે છે કે એને વાર્તાલાપ શૈલીનું ગદ્ય કહેવું વધુ યોગ્ય છે. પ્રત્યેક વચનામૃતનો સંદર્ભ આપણને સુલભ છે અને એના અનુલક્ષમાં આસપાસ બેઠેલા સંતો, સત્સંગીઓ અને સામાન્યજનો સાથેની વાતચીત, પ્રશ્નોત્તરી અને સંવાદનો રણકો એમાં સર્વત્ર સંભળાય છે. એ વાર્તાલાપોની શૈલી સરળ અને અંતરના સુપ્ત સાત્ત્વિક ભાવોને જાગ્રત કરે એવી મર્મસ્પર્શી છે.

પ્રો. અનંતરાય રાવળ એ વિષે લખે છેઃ 'ધર્મશાસ્ત્ર, ભક્તિ, વૈરાગ્ય, નીતિ, વેદાંત અને અધ્યાત્મસાધનાનો, આચારમાં ઉતારી શકાય એવી વ્યવહારુ સૂચનાઓ સાથેનો સિદ્ધાંતબોધ એમાં સીધી, સરળ, મિતાક્ષરી, તળપદી અને વાર્તાલાપની જીવંત પ્રવચનશૈલીની વાણીમાં કરવામાં આવેલો છે. સવાસો વરસ પહેલાંના ગુજરાતી ગદ્યનું મુખ્યત્વે સૌરાષ્ટ્રીય સ્વરૂપ એમાં યથાતથા જળવાયું હોઈ એ દૃષ્ટિએ ગ્રંથની ઉપયોગિતા ગુજરાતી ગદ્યના અભ્યાસીઓ માટે ઘણી છે.'[૫]

૪. સહજાનંદજીના સમકાલીન કવિ દયારામની 'સતસૈયા'ની ટીકા અને બીજી કેટલીક ગદ્યકૃતિઓ વિશેષતઃ બાલાવબોધ સ્વરૂપની જણાય છે.

૫. 'ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીન', પૃ. ૨૨૪.

સંબંધક અવ્યય 'જે' મધ્યકાળના ગદ્યમાં સર્વત્ર છે અને અર્વાચીનકાળમાં પણ જૂની પરિપાટીના પત્રવ્યવહાર આદિમાં હજી પ્રયોજાય છે તે 'વચનામૃત'માં પણ છે. (ઉદાહરણ તરીકે, *'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે પ્રશ્ન કરીએ છીએ જે બે પ્રકારના ભક્ત છે...'* પૃ. ૨૫૮. *'પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે...'* પૃ. ૨૫૯)

દયારામના ગદ્યમાં આ 'જે'ને સ્થાને ક્વચિત્ 'કે'નો પ્રયોગ પણ છે તે અહીં નોંધવું જોઈએ.

લાંબાં વાક્યોને કારણે ગદ્યપ્રવાહ સુદીર્ઘ અને સંકીર્ણ હોવા છતાં 'વચનામૃત' પ્રસાદગુણ વડે સાદ્યંત સુશોભિત છે એ એનું પરમ વૈશિષ્ટ્ય છે. 'ભગવદ્ગીતા' 'દશમ સ્કંધ' આદિ પરમ માન્ય ગ્રંથોના અનેક ગદ્યાનુવાદો જૂની ગુજરાતીમાં થયા છે, પણ તે કેવળ બાલાવબોધ સ્વરૂપના છે. પરંતુ 'વચનામૃત' 'બાલાવબોધ' અર્થાત્ બાલ એટલે કે સામાન્ય મનુષ્યોના બોધ અર્થે થયું હોવા છતાં અને પૂર્વકાલીન ગદ્યપરંપરાનું એમાં સાતત્ય હોવા છતાં એની આભા અનેરી છે, કેમ કે એમાં સહજાનંદજીનું લોકોત્તર વ્યક્તિત્વ પ્રકાશે છે.

'વચનામૃત'નું વિવિધ દૃષ્ટિએ મહત્ત્વ શ્રી કિશોરલાલ મશરૂવાળાએ સુશ્લિષ્ટ સંક્ષેપમાં દર્શાવ્યું છે, એનું અવતરણ અહીં પ્રસ્તુત થશેઃ

'સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. સાધનદશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઈચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે એમ મને લાગે છે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી એના સિદ્ધાંતોના રહસ્યથી અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનાઓથી ભરપૂર આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે. એ વખતના ગુજરાતી ગદ્યનો એ ઉત્તમ નમૂનો છે. એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલાને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને સરળ વાક્યરચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાંતોવાળી છે. એમાં યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ દેખાશે. એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે. એમાં ઠેકાણે ઠેકાણે એ વચનો કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.'[૬]

હવે, 'વચનામૃત'માંથી બે-એક પ્રસંગસંદર્ભ જોઈએ તથા આચાર, અધ્યાત્મ અને જીવન-શોધનની દૃષ્ટિએ સહજાનંદ સ્વામીના ઉપદેશામૃતની કંઈક વાનગી જોઈએ.

ગઢડા પ્રથમ પ્રકરણના ૧૩મા વચનામૃતની પ્રસ્તાવનામાં પ્રવચનસ્થાનનું તથા સહજાનંદ સ્વામીના પોશાક અને શણગારનું વર્ણન રસપ્રદ છે:

*સંવત ૧૮૭૬ના માગશર વદી ૧ પડવાને દિવસે રાત્રિને સમે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરને સમીપે લિંબડાના વૃક્ષની હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા અને રાતો સુરવાળ પહેર્યો હતો અને રાતી ડગલી પહેરી હતી અને માથે સોનેરી શેલું બાંધ્યું હતું અને કટિને વિષે સોનેરી શેલું બાંધ્યું હતું અને કંઠને વિષે મોતીની માળાઓ પહેરી હતી અને પાઘને વિષે મોતીના તોરા લટકતા મૂક્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.*

બીજે જ દિવસે મળેલી સભામાં ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪મા વચનામૃતનું પ્રાસ્તાવિક વર્ણન જુઓ:

*સંવત ૧૮૭૬ના માગશર વદી ૨ બીજને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને પીળાં પુષ્પના તોરા પાઘમાં વિરાજમાન હતા અને બે કાન ઉપર પીળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને તે ગુચ્છની ઉપર ગુલાબનાં પુષ્પ વિરાજમાન હતાં અને જમણાં હાથમાં ધોળું જે સેવતીનું પુષ્પ તેને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ-દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.*

એ જ વચનામૃતમાં સંન્યાસ કરતાં સાત્ત્વિક ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા સમજાવી છે અને સાધારણ માણસના હૃદયમાં ઊતરે એવાં ઉદાહરણ દ્વારા વાસનાવાળા ત્યાગી કરતાં સદાચારી ગૃહસ્થ કેવો ચઢિયાતો છે એ નિરૂપ્યું છે:

*ત્યાગી હોય અને તેને સારી પેઠે ખાવા મળે અને જો કાચી મતિવાળો હોય તો પાછી સંસારની માયા હૃદયમાં ઉદય થાય અથવા ઘણું દુઃખ પડે તોપણ પાછી સંસારની વાસના ઉદય થાય, એવા ત્યાગી કરતાં તો ગૃહસ્થ ઘણો સારો, કેમ જે, ગૃહસ્થ ભક્તને જ્યારે દુઃખ પડે અથવા ઘણું સુખ આવી પડે, ત્યારે તે એમ વિચાર રાખે જે 'રખે મારે આમાંથી બંધન થાય' એવું જાણીને તે સંસારમાંથી ઉદાસ રહે, માટે ત્યાગી તો તે ખરો જે 'જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની માયા રહે જ નહીં' અને ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતાં ઘણો શ્રેષ્ઠ છે, જો ગૃહસ્થના ધર્મ સચવાય તો; પણ ગૃહસ્થના ધર્મ તો ઘણા કઠણ છે અને અનંત પ્રકારનાં સુખ-દુઃખ આવી પડે, ત્યારે સંતની સેવામાંથી અને ધર્મમાંથી મનને આડું અવળું ડોલવા દે નહીં અને એમ સમજે જે 'સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે ને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્નતુલ્ય છે અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે,' એમ સમજે અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે તોપણ તેણે કરીને પાછો પડે નહીં, એવો જે ગૃહસ્થ તે અતિશ્રેષ્ઠ છે અને સૌ કરતાં ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે.*

*એમ કહીને તે ઉપર શ્રીજી મહારાજે ભગવાન અને સંતના મહિમાનાં મુક્તાનંદ સ્વામીનાં કીર્તન ગવરાવ્યાં.*

આ સાથે, 'સંન્યાસી' અને 'સંન્યાસ'ની વ્યાખ્યા કરતા 'ભગવદ્‌ગીતા'ના નીચેના શ્લોકો સરખાવો:

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात् प्रमुच्यते ॥

(અધ્યાય-૫, શ્લોક : ૩)

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥

(અધ્યાય-૬, શ્લોક : ૧)

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥

(અધ્યાય-૧૮, શ્લોક : ૨)

૬. 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય,' પૃ. ૧૧૪.

જેના રાગ નિવૃત્ત થયા છે એને માટે પોતાનું ઘર તપોવન છે એવું વિધાન કરતાં એક સંસ્કૃત સુભાષિતનું પણ અહીં સ્મરણ થાય છે -

वनेषु दोषाः प्रभवन्ति रागिणां गृहेषु पञ्चेन्द्रिय – निग्रहस्तपः ।
अकुत्सिते कर्मणि यः प्रवर्तते निवृत्तरागस्य गृहं तपोवनम् ॥

સંવત ૧૮૭૬ના મહા સુદિ તેરશ સંધ્યાકાળના ૪૮મા વચનામૃતમાં *'કુસંગી થકી મારી રક્ષા કરજ્યો!'* એવી પ્રાર્થના માટે સત્સંગીઓને અનુરોધ કરતાં સહજાનંદ સ્વામી કહે છે:

*પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વ સાવધાન થઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ. ત્યારે સર્વ મુનિ ને હરિભક્ત બોલ્યા જે, હે મહારાજ! કહો!*

*પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાનનો ભક્ત હોય તેણે નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરીને ને સ્તુતિ કરીને ભગવાન પાસે એમ માગવું જે 'હે મહારાજ! હે સ્વામિન્! હે કૃપાસિંધો! હે શરણાગતપ્રતિપાલક! કુસંગી થકી મારી રક્ષા કરજ્યો.' તે કુસંગી ચાર પ્રકારના છે - એક કુડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્કવેદાંતી અને ચોથા નાસ્તિક. એ ચાર પ્રકારના કુસંગી છે. તેમાં જો કુડાપંથીનો સંગ થાય તો વર્તમાનથી ચુકાડીને ભ્રષ્ટ કરે અને જો શક્તિપંથીનો સંગ થાય તો દારૂ-માંસ ખવરાવીને સ્વધર્મથી ભ્રષ્ટ કરે અને જો શુષ્ક વેદાંતીનો સંગ થાય તો ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ-ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મને જ સાચાં કરીને પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે.*

*માટે ભગવાનની પાસે માગવું જે 'એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહીં' અને વળી એમ પ્રાર્થના કરવી જે 'હે મહારાજ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા ને દેહાભિમાન આદિ જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજ્યો.' એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી અને એ કુસંગી થકી ને અંતઃશત્રુ થકી નિરંતર ડરતા રહેવું.'*

તેર વર્ષની કિશોરવયે સહજાનંદ સ્વામીનું પ્રત્યક્ષ દર્શન કરનાર કવિ દલપતરામે એક સાદા પદ્યમાં -

*સદા આપજો આપ સારા વિચારો,*
*દીનાનાથ! તું એક આધાર મારો.*

એમ સદ્‌વિચારોની સતત પ્રાપ્તિ માટે આર્જવભરી પ્રાર્થના કરી લે છે તે આ વચનામૃતનો પ્રભાવ શું નહીં હોય?

પુરાતનકાળથી ચાલી આવતી ભારતની આધ્યાત્મિક ને વૈચારિક પરંપરાનો તેજોમય આવિષ્કાર, અર્વાચીન યુગના લગભગ ઉદયકાળે, સ્વામિનારાયણનાં જીવન અને કાર્યમાં થયો છે. એ પરંપરાના આદિસ્રોત 'ઋગ્વેદ'માં[૭] ઋષિ ગૌતમ રાહૂગણની પ્રાર્થના જુઓઃ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ।

(સર્વ દિશાઓમાંથી અમને શુભ વિચાર પ્રાપ્ત થાઓ!)

ધર્મને નામે એ સમયે ચાલતા દુરાચારો સામે સહજાનંદ સ્વામીના સાત્ત્વિક દૃઢ પ્રતિકારનો અણસાર પણ ઉપર્યુક્ત વચનામૃતમાં છે.

સારંગપુરમાં સંવત ૧૮૭૭ના ભાદરવા સુદ ચોથના દિવસે વચનામૃતમાં, સ્વયંપ્રકાશાનંદ સ્વામી સાથેના સંવાદમાં, ગોપીઓની ભક્તિ વિશે સાદી ભાષામાં ગહન વાત કરી છે:

*પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગોપીયો કાંઈ ભોળિયો નહોતી, એ તો આત્મનિષ્ઠા ને વૈરાગ્યે યુક્ત હોય તેની સમઝણને ઉલ્લંઘી જાય એવી ડાહિયો હતી. જેમ કોઈક રાજનીતિનો જાણનારો હોય ને તે બોલે તેના જેવું તો ગોપીયોને બોલ્યામાં ડહાપણ હતું અને ભગવાનને પણ જેમ યથાર્થપણે જાણવા જોઈએ તેમ જાણતી હતી અને સર્વે યાદવમાં અતિશય ડાહ્યા ને ભગવાનના ચોવટિયા એવા જે ઉદ્ધવજી તે ગોપીયોની સમઝણ જોઈને ગદ્‌ગદ થઈ ગયા અને તે ઉદ્ધવજી એમ બોલ્યા જે 'ગોપીયો પાસે મને જ્ઞાન કહેવા મોકલ્યો તે તો ભગવાને મારી ઉપર અતિશય અનુગ્રહ કર્યો.' અને પોતે ગોપીયોને ઉપદેશ કરવા ગયા હતા, પણ ગોપીયોનાં વચન સાંભળીને પોતે સામે ઉપદેશ ગ્રહણ કર્યો.*

એમાં સહજાનંદ સ્વામીએ ગોપીઓના મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા એવા ત્રણ ભેદ એમની ઉત્તરોત્તર વિવેકપૂર્ણ ભક્તિ માટે પાડ્યા છે.


તેમના સમયમાં અને ત્યાર પૂર્વે વિશેષતઃ રાજદરબારોને આશ્રયે પોષાયેલા વ્રજભાષાના વિપુલ સાહિત્યમાં, નાયિકાભેદ વર્ણવતી ઉત્કટ શૃંગારિક કવિતા કૃષ્ણ ભક્તિના પટાંતરે રચાતી અને લોકપ્રિય થતી હતી ત્યારે, સહજાનંદ સ્વામીએ પાડેલો આ આધ્યાત્મિક નાયિકાભેદ અભ્યાસપાત્ર છે અને સમર્પિત ભક્તિ સાથે તેમણે જોડેલી સ્ત્રી-પુરુષ મર્યાદાનો પણ સૂચક છે.

આમ સરલ લોકગમ્ય અધ્યાત્મવિચારણા તથા વિશદ નિરૂપણ એ બંને દૃષ્ટિએ 'વચનામૃત' ગુજરાતના ચિંતનાત્મક ગદ્યમાં અપૂર્વ છે. ◆

૭. મંડલ ૧, સૂક્ત ૮૯.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા




## મધ્ય ગુજરાત અને મહારાષ્ટ્રમાં આધ્યાત્મિક લાભ આપતા સ્વામીશ્રી...

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વનવાસીઓનાં ઝૂંપડાંથી લઈને લાખો ઘરોમાં અને નગર-ગામડાંઓમાં પધરામણી કરી સૌનું પરમ હિત કર્યું છે, સૌના મનોભાવો પૂર્ણ કર્યા છે. એ જ પરંપરાને જાળવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ અહોરાત્ર સત્સંગ વિચરણ કરી, સૌને પ્રમુખસ્વામી મહારાજના પ્રગટપણાની પ્રતીતિ કરાવી રહ્યા છે. ૮૫ વર્ષની જૈફ વયે અથાક પરિશ્રમ દ્વારા સૌના ભક્તિભાવ પૂરા કરવા માટે સ્વામીશ્રી સરિતાના પ્રવાહની માફક સતત વહેતા રહ્યા છે અને જુદાં જુદાં કેન્દ્રોમાં આધ્યાત્મિક લાભ આપી રહ્યા છે. દરેક સત્સંગકેન્દ્રમાં સ્વામીશ્રીના આગમનથી લઈને વિદાય સુધીની યાત્રા દરમ્યાન જાણે સત્સંગ-ભક્તિની એક અનોખી વસંત પ્રસરી જાય છે! વહેલી સવારથી લઈને મોડી રાત્રિ સુધી સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં યોજાતા ભક્તિભર્યા કાર્યક્રમો આબાલ-વૃદ્ધ સૌ કોઈમાં ભક્તિનો ઉજાસ ભરી દે છે.*

*તાજેતરમાં સ્વામીશ્રીએ દક્ષિણ ગુજરાતના મહાનગર સુરત, મહેળાવ, સાંકરી તથા મહારાષ્ટ્ર રાજ્યના નાસિક, પૂના ખાતે બિરાજીને દિવ્ય સત્સંગલાભથી સૌને અલંકૃત કર્યા હતા.*

*પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આ દિવ્ય સત્સંગલાભનું આચમન હવે પછીનાં પૃષ્ઠોમાં કરીએ....*



## સુરતમાં સત્પુરુષના સંગે સત્સંગની મૂરત...

*પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણથી લઈને ગુણાતીત ગુરુવર્યોની ચરણરજથી અનેકવાર પાવન થયેલી ભૂમિ એટલે સુરત. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સ્મૃતિઓને પોતાની ગોદમાં સંઘરી રહેલું દક્ષિણ ગુજરાતનું મહાનગર સુરત, દાયકાઓથી સત્સંગનાં અજવાળાં પ્રસરાવતું રહ્યું છે.*

*સોનાની મૂરત સમી સુરત નગરીમાં તાપી નદીકિનારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે તા. ૧૬-૧૨-૧૯૯૬ના રોજ પ્રતિષ્ઠિત થયેલું ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સુરત તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં એક અનોખું પ્રેરણાધામ બની રહ્યું છે. સત્સંગ પ્રવૃત્તિઓથી સદાય ગતિમાન રહેતા આ મંદિરને ગુણાતીત સત્પુરુષનો યોગ સાંપડતાં સુરત શહેરમાં બી.એ.પી.એસ. સત્સંગ સોળેકળાએ ખીલ્યો છે.*

*અહીંના વિશાળ ભક્તસમુદાયને સત્સંગની પુષ્ટિ આપવા માટે તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સુરતના આંગણે પધાર્યા હતા. બરાબર એક વર્ષના લાંબા વિરામ બાદ આ ગુણાતીત સંતના સ્પર્શથી સુરતની ભૂમિ પુનઃ પાવન બની. તા. ૧૪-૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીનું સુરતમાં આગમન થતાં જ હજારો ભક્તોનાં હૈયે હરખની હેલી ઊમટી હતી. ગુરુહરિનું સાંનિધ્ય પામવા સવાર-સાંજ ઊમટતા હરિભક્તોથી મંદિરનું પ્રાંગણ છલકાતું હતું. બાળકો-કિશોરો-યુવકો-વડીલો ભક્તિમાં ગુલતાન બન્યા હતા. મહિલાભક્તોએ પણ મંદિરમાં નિત્ય નવીન રંગોળીઓ પૂરી વિશેષ ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું.*

*તા. ૧૪ થી ૨૯ જાન્યુઆરી ૨૦૧૯ સુધી સ્વામીશ્રીએ સુરત ખાતે બિરાજીને આબાલવૃદ્ધ સૌમાં અનેરું આધ્યાત્મિક બળ સિંચ્યું હતું. સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં યોજાતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં બાળકો-યુવકોએ કીર્તન-ભક્તિ તથા મુખપાઠ રજૂ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. વહેલી સવારે ઊમટતા વિશાળ ભક્તસમુદાયે ગુરુહરિનાં દર્શન-આશિષ પામી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સુરત તેમજ આજુબાજુના પંથકમાંથી હરિભક્તોએ પદયાત્રા કરી ભક્તિ અદા કરી હતી. હરિભક્તોને વિશેષ દર્શનનો લાભ મળે તે હેતુથી સમીપદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જુદા જુદા દિવસોએ સુરત તેમજ આજુબાજુના પંથકના હરિભક્તોએ ગુરુહરિનાં સમીપદર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત મુખ્યત્વે અહીં યોજાયેલી ચાર ઉત્સવ સભાઓમાં સ્વામીશ્રીએ અમૃતની હેલી વરસાવી સૌને ભક્તિરસમાં ભીંજવ્યા હતા.*

*અહીં તે સભાઓનું અલ્પ આચમન કરીએ...*

## ઉત્તરાયણની પુણ્યપર્વણી

તા. ૧૪-૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી મુંબઈથી ગુર્જરધરાના સૂર્યપુર(સુરત) ખાતે પધાર્યા ત્યારે જોગાનુજોગ ઉત્તરાયણ-ઝોળી પર્વનો મહિમાવંતો દિન હતો. ઉત્તરાયણના દાનપર્વે ઝોળી ઉત્સવ દ્વારા ગુરુહરિના આગમનને વધાવવા સુરતી ભક્તોનાં હૈયાં થનગની રહ્યાં હતાં.


આજે સેવા-ભક્તિનો લહાવો પ્રાપ્ત કરવા ઊમટેલા હજારો ભક્તો-ભાવિકોથી રિવર હાઈટ્સ બિલ્ડિંગની સામે આવેલું વિશાળ મેદાન ભરચક ભરાઈ ગયું હતું. સ્વામીશ્રીએ ઉપમંચ પર પધારી ખૂણામાં વિશાળ પતંગ સાથે બાંધેલી દોરી ખેંચી પતંગ ચગાવતા હોય તેવી મુદ્રા કરી સૌને સુખદ સ્મૃતિ આપી. વિધવિધ કલાત્મક હાર અને બાળ-યુવાવૃંદના સ્વાગતગીત બાદ આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજે કહ્યું, 'તલ જેટલું કરે તો ભગવાન મેરુ જેટલું માની લે છે.' એટલે આપણે લાભમાં જ છીએ. તમે તને-મને-ધને સેવા કરી છે, ભક્તિભાવ-પ્રેમભાવથી સેવા કરી છે તે ભગવાનને સ્વીકાર્ય છે. તમે બધા સુખી થશો. યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજે ઘણું બધું આપ્યું છે અને આપતા રહેશે. એટલે આપણે બસ આનંદ-મજા કરવાની છે.''

આશીર્વચન બાદ સ્વામીશ્રીએ આસનેથી ઊભા થઈ બંને ખભે ઝોળી ધારણ કરી, ભક્ત સમુદાય સમક્ષ ઊંચે સાદે આહ્‌લેક જગાવી: 'સ્વામિનારાયણ હરે...! સચ્ચિદાનંદ પ્રભો...!' સાથે વિવેકસાગરદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામીએ આહ્‌લેકના શબ્દો પુનરાવર્તિત કર્યા. હજારો ભક્તોએ આ ક્ષણને આનંદ સાથે તાળીઓના નાદથી વધાવી.

હવે, આબાલવૃદ્ધ સૌ ઠાકોરજીની ઝોળી છલકાવી દેવા અત્યંત ઉત્સુક હતા. સ્વામીશ્રીની આગળ વિશાળ ઝોળી તૈયાર કરવામાં આવી હતી. હજારો ભક્તોએ ક્રમબદ્ધ સ્વામીશ્રીની સમીપે આવી, અણમૂલાં દર્શન પામી પોતાની સેવા ઝોળીમાં પધરાવી. સતત એક કલાક સુધી સ્વામીશ્રીની નિશ્રામાં ભક્તોનો પ્રવાહ અવિરત વહી રહ્યો.

સ્વામીશ્રીએ સૌ પર કૃપાદૃષ્ટિ દ્વારા ખૂબ આશિષ વરસાવ્યા.

## વચનામૃત દ્વિશતાબ્દી ઉદ્‌ઘોષ



તા. ૨૦-૧-૨૦૧૯ના રોજ 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'નો ઉદ્‌ઘોષ સમારોહ અને રવિસભાના બેવડા ઉત્સવનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તોથી રિવર હાઈટ્સ બિલ્ડિંગની સામેનું વિશાળ મેદાન ઊભરાઈ ઊઠ્યું હતું. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં વિવેકસાગરદાસ સ્વામીએ ઉપાસના વિષયક પ્રવચન કર્યું. બાળ-યુવાવૃંદે *'જય હો જય હો જય જય હો વચનામૃત કી...'* ગીત પર સુંદર ભક્તિનૃત્ય કરી વચનામૃતનો મહિમા ગુંજાવ્યો.

ત્યારબાદ શરૂ થયો શ્રી જયેન્દ્રભાઈ વીંછી લિખિત સંવાદ 'અક્ષરધામનો રાજમાર્ગ.' વચનામૃતનાં અમૃત વચનોની આબાલવૃદ્ધ સંતો-હરિભક્તો પર કેવી અસર પ્રવર્તી રહી છે અને વચનામૃતની રચના કેવા સંજોગોમાં થઈ તેનું સુંદર નિદર્શન સૌએ માણ્યું.

આ પ્રસંગે વચનામૃતનો મહિમા કહેતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આધ્યાત્મિક માર્ગ માટે વચનામૃત અગત્યનો ગ્રંથ છે. આધ્યાત્મિક ક્ષેત્રે નડતા પ્રશ્નો, શંકાઓ એ બધાનો ઉકેલ એમાં આવી જાય છે. માટે સૌએ એકાગ્રતાથી તેનો પાઠ કરવો.

વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે સત્પુરુષ એ સારનો સાર છે. સત્પુરુષના મુખથી વાત સાંભળવી. આપણે તો વચનામૃતનું નિરૂપણ સત્પુરુષ થકી આવ્યું છે. સત્પુરુષના જ શબ્દો આપણને પ્રાપ્ત થયા છે, એ બહુ મોટી વાત છે. તમારે કદાચ દૈહિક, વ્યાવહારિક પ્રશ્નો હોય તોપણ સત્પુરુષ વાત કરે એમાં ઉકેલ આવી જાય ને તમને આધ્યાત્મિકતાનો લાભ મળે. સંત આપણને ભગવાન તરફ જ લઈ જાય છે. એટલે એમનો વ્યાવહારિક ઉકેલ પણ આપણને ભગવાન તરફ લઈ જાય છે. એટલે બધી રીતે વચનામૃત અદ્‌ભુત ગ્રંથ છે.''

આ અવસરે સ્વામીશ્રીએ વચનામૃત ગ્રંથનું પૂજન કરીને શ્રી હરિકૃષ્ણ મહારાજ સહિત વચનામૃત ગ્રંથની આરતી ઉતારી. બાદ ફુગ્ગા ગગનગામી કરી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કર્યો. ભક્તજનોએ ગગનભેદી જયકારોથી આ ક્ષણને વધાવી લીધી.

## જેવા મેં નીરખ્યા રે...

૨૬મી જાન્યુઆરી એટલે ભારતનો પ્રજાસત્તાક દિન. સુરતના આંગણે સ્વામીશ્રીના પાવન સાંનિધ્યમાં રાષ્ટ્રીય

-પર્વની ઉજવણી કરતાં આજના કાર્યક્રમમાં વંદેમાતરમ્ ગીતનું ગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોએ વિવિધ ભક્તિનૃત્યો કરી આજના ઉત્સવને વધાવ્યો હતો.

જન ગણ મન - રાષ્ટ્રગીતના ગાન બાદ *'સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા...'* ગીતના તાલે સ્વામીશ્રી સહિત સૌએ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રભક્તિ અદા કરી હતી.

ત્યારબાદ શૃંખલામાં જોડાયેલો 'બાળ દિન'નો કાર્યક્રમ સૌ માટે સ્મરણીય બની રહ્યો હતો. 'જેવા મેં નીરખ્યા રે...' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ સભાના પ્રારંભમાં ચારણવેષે એક બાળકે કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધતાં જણાવ્યું, 'જેવો લાભ ભગવાન સ્વામિનારાયણ પોતાના સમયમાં સંતો-ભક્તોને આપતા હતા એવો જ લાભ અત્યારે મહંત સ્વામી મહારાજ આપી રહ્યા છે ને આજે આપવાના છે.'

આ સાથે જ વિવિધ પ્રસ્તુતિઓ સાથે આરંભાયો મનભાવન કાર્યક્રમ. સૌપ્રથમ શ્રીજીમહારાજના આગમનની સ્મૃતિ કરતાં *'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...'* કીર્તનના તાલે રોઝા ઘોડા સાથેની નગરયાત્રા યોજાઈ. ત્યારબાદ શ્રીહરિએ ઊજવેલા ફૂલદોલ ઉત્સવની સ્મૃતિ રજૂ થઈ. *'વડતાલ ગામ ફૂલવાડીએ રે હિંડોળો આંબાની ડાળ...'* કીર્તનના તાલે સ્વામીશ્રીએ નાની પિચકારી વડે કાર્યકરોને રંગ્યા. શ્રીહરિએ બ્રાહ્મણોની ચોરાશી કરી હતી તેની સ્મૃતિમાં સ્વામીશ્રીએ સ્થૂળકાય બટુકોને લાડુ જમાડ્યા. શ્રીહરિ પંચાળામાં રાસ રમ્યા તેની સ્મૃતિ કરતાં પંચાળા-રાસના તાલે બાળકો-કાર્યકરો રાસ રમ્યા અને અંતે સ્વામીશ્રીએ કરમાં દાંડિયા ગ્રહી તેઓના દાંડિયા સાથે તાલ મિલાવી સૌને વિશેષ લાભ આપ્યો હતો.

પ્રસંગાનુરૂપ કીર્તનગાન અને સાથે વૈવિધ્યસભર ભક્તિનૃત્યો દ્વારા બાળકો-યુવાનોએ કાર્યક્રમની પ્રભાવક પ્રસ્તુતિ કરી સભાને રંજિત કરી દીધી હતી. કાર્યક્રમમાં સહભાગી બનતાં સ્વામીશ્રીએ જે તે પ્રસંગને અનુરૂપ સ્મૃતિ આપી સભાજનોને દિવ્ય લાભ આપ્યો હતો. દરેક પ્રસ્તુતિને અંતે *'જેવા મેં નીરખિયા રે એવા અંતર વસજો સદાય...'* પંક્તિનું ગાન કરી સ્વામીશ્રીનાં ચરણોમાં પ્રાર્થના કરવામાં આવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે સુરત બાળમંડળે કરેલા ૧૦૦ કીર્તન આરાધનાઓના સંકલ્પનો સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજથી શુભારંભ કર્યો.

અંતે આશીર્વચનમાં સ્વામીશ્રીએ ત્રણ સ્વામીની વાતો ઝિલાવ્યા બાદ વચનામૃતનો મુખપાઠ કરવાની આજ્ઞા કરી કહ્યું, 'આપણે બહુ ભાગ્યશાળી છીએ. આપણને સર્વોપરી, પરથી પર શ્રીજીમહારાજ મળ્યા છે. એટલે આપણે દાસભાવે ભગવાનની ભક્તિ કરવી. *અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ.* પોતાને અક્ષરરૂપ માનવું ને ભગવાનની ભક્તિ કરવી.''



## જીવન પરિવર્તક સંદેશ-સભા

તા. ૨૭-૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં સાયં-સભામાં સુરત યુવકમંડળના યુવકોએ એક વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં આ પ્રસ્તુતિ હતી એક ટોક શૉ - 'ફૂંકવો છે શંખ મારે ક્રાંતિનો...'

આ કાર્યક્રમમાં ભણેલા-ગણેલા ઉચ્ચ સ્થાને પહોંચેલા નવયુવાનોએ વર્તમાન રીતિરિવાજોમાં ઘૂસી ગયેલી બદીઓ ને તેના તારણરૂપે આદર્શ રીતે શું કરવું જોઈએ તે દર્શાવતી મનનીય બાબતો રજૂ કરી હતી. જેમ કે જન્મદિવસની ઉજવણીમાં વિકૃતિભર્યા કાર્યક્રમોને બદલે મંદિરમાં દર્શન કે પરિવારના સભ્યો સાથે જન્મદિવસની ઉજવણી કરીએ. પ્રી-વેડિંગના ખોટા ખર્ચા બંધ કરીએ, લગ્નપ્રસંગમાં ખોટા ખર્ચા બચાવીને યોગ્ય બચત કરીએ. સગાઈ, સીમંત જેવા નાના પ્રસંગોને બિનજરૂરી મોટું સ્વરૂપ ન આપીએ. જન્મદિન પ્રસંગે કેક કાપવા જેવી વિદેશી પ્રથાઓને તિલાંજલિ આપીએ ને તેની જગ્યાએ ભારતીય શૈલી અપનાવીએ. આમ, યુવાનોએ રોજિંદા વ્યવહારમાં કે રીતરિવાજોમાં ક્રાંતિ આણવાનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આ પરિસંવાદના સંદર્ભમાં સૌને બોધ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : "આ ચર્ચા થઈ તેમાં કેટલા સુંદર વિચારો છે! એમાં આપણને પોતાને લાભ છે. શ્રીજીમહારાજની આજ્ઞા છે એ રીતે પોતાની પહોંચ અને આવક પ્રમાણે ખર્ચ કરવો. ખોટા ખર્ચા મારી પાડે એવા છે. *'પહોંચ પ્રમાણે'* ચૂક્યા તો ચકરાવો ઊભો થાય. એટલે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેવું."

સ્વામીશ્રીએ હાકલ કરી અને તેઓના સાંનિધ્યમાં જ હજારો ભક્તો એક સાથે આ રીતે જીવન જીવવા સંકલ્પબદ્ધ થયા! ખૂબ પ્રસન્ન થઈ સૌને ઉદ્દેશતાં સ્વામીશ્રીએ પુનઃ જ્ઞાનબોધ આપતાં કહ્યું: "તમે બધા ભગવાનના ભક્ત છો. દુનિયાની રીત જુદી છે ને ભગવાનના ભક્તની રીત જુદી છે. તે ખાસ ધ્યાનમાં રાખજો. જ્યારે સામાજિક દબાણ આવે કે શું જવાબ આપવો તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે કહી દેજો કે અમારા ગુરુએ આજ્ઞા કરી છે કે આવી રીતે ઊજવવું..."

સ્વામીશ્રીના આ બળભર્યા શબ્દોને સૌએ તાળીઓની વર્ષાથી વધાવી લીધા. આમ, આજે સ્વામીશ્રીએ ક્રાંતિનો શંખનાદ કરી સૌને જીવન-પરિવર્તક સંદેશ-બોધ આપ્યો હતો.

## દક્ષિણ ગુજરાતનાં નગરો-ગામોમાં નવનિર્મિત ૧૫ બી.એ.પી.એસ. મંદિરોનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી...

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિથી દક્ષિણ ગુજરાતમાં બી.એ.પી.એસ. સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. પરિણામે હજારો ભક્તોની ભક્તિને પોષણ આપતાં નૂતન મંદિરોની શૃંખલા રચાઈ રહી છે. તા. ૧૫-૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ દક્ષિણ ગુજરાતમાં રચાયેલાં ૧૫ નૂતન મંદિરોમાં સ્થાપિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.*

*જેમાં, તીથલ ક્ષેત્રનાં ૩ મંદિરો: ઉમરસાડી, વંકાલ, ગોડથલ; સાંકરી ક્ષેત્રનાં ૪ મંદિરો: મિયાપુર, કોલાકૂઈ(પુનઃપ્રતિષ્ઠા), મઘરકૂઈ(પુનઃપ્રતિષ્ઠા), વેગી (પુનઃપ્રતિષ્ઠા); નવસારી ક્ષેત્રનાં ૨ મંદિરો: તાડપાડા, અમલસાડ(પુનઃપ્રતિષ્ઠા); ઉકાઈ ક્ષેત્રનાં ૬ મંદિરો: ગાળકૂવા, મોટા બંદારપાડા, વાઝરડા, સોમગઢ, વડપાડા(પુનઃપ્રતિષ્ઠા), મલંગદેવ(પુનઃપ્રતિષ્ઠા) એમ કુલ મળીને ૧૫ નગરો-ગામોનાં મંદિરોની પ્રતિષ્ઠા કરી હતી. ઉપરાંત ટોકરવા, ચોરવાડ, મૌનીપાડા, સાદડૂન ગામની ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા અને ધનોરી(તીથલ) તથા ગોડધા(સાંકરી)માં રચાનાર નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે એડિસન(યુએસ) મંદિરના શ્રી નીલકંઠવર્ણીની પુનઃ પ્રતિષ્ઠા કરી હતી. આમ, દક્ષિણ ગુજરાતનાં આ નગરો-ગામોમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો મંત્ર ગુંજાવતાં નૂતન મંદિરોની પ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રીએ સૌની ભક્તિને વિશેષ વેગ આપ્યો હતો.*





## તીર્થસ્થાન મહેળાવમાં સત્સંગલાભ આપતા સ્વામીશ્રી...

*મહેળાવની મહાપવિત્ર ભૂમિ એટલે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું પ્રાકટ્યસ્થાન. તા. ૨૯-૧-૨૦૧૯ના રોજ સુરતથી વિદાય લઈ મહેળાવ પધારતાં સ્વામીશ્રીએ માર્ગમાં અંકલેશ્વર ખાતે બી.એ.પી.એસ. મંદિરની નૂતન ભૂમિ પર પધારી ભૂમિને પ્રસાદીભૂત કરી હતી. ભરૂચ ખાતે સંતો તથા વિશાળ સંખ્યામાં હરિભક્તોને દર્શનલાભ આપી સ્વામીશ્રી મહેળાવ પધાર્યા હતા.*

*સ્વામીશ્રીને વધાવવા મહેળાવ ગામની શેરીઓમાં માનવમહેરામણ ઊમટ્યો હતો. તા. ૨૯-૧-૨૦૧૯ થી તા. ૫-૨-૨૦૧૯ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તીર્થભૂમિ મહેળાવમાં બિરાજીને દિવ્યાનંદ રેલાવ્યો હતો. એક સપ્તાહના ટૂંકા રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી હજારો હરિભક્તો-ભાવિકોએ ધન્યતાની લાગણી અનુભવી હતી. વિશિષ્ટ વ્રત-તપ તથા પદયાત્રા દ્વારા સંતો-હરિભક્તોએ પ્રાણપ્યારા ગુરુહરિનાં ચરણે ભક્તિ-અર્ઘ્ય અર્પણ કર્યું હતું. ચરોતરના મહેળાવની ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત શિખરબદ્ધ મંદિરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ ઉત્સવો યોજાયા હતા, તેને સંક્ષેપમાં માણીએ...*

ચરોતરના મહેળાવની પવિત્ર ભૂમિ પર પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત ભવ્ય બી.એ.પી.એસ. મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા અભિષેકમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી અને ગુરુપરંપરાની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થતાં એક નૂતન છોગલું ઉમેરાયું. આ પ્રસંગે દ્વિ-દિવસીય ઉત્સવ યોજાયો હતો.

### વિશ્વશાંતિ મહાયાગ

તા. ૩૦-૧-૨૦૧૯ના પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં મહાયાગ યોજાયો હતો. મંદિર પરિસરના પૃષ્ઠ ભાગે આવેલી વિશાળ ભૂમિ પર રચવામાં આવેલી યજ્ઞશાળાના મંચ પર શ્રી નીલકંઠવર્ણી, ગુરુપરંપરાની મૂર્તિઓ વિરાજમાન થઈ કૃપાદૃષ્ટિ વરસાવી રહી હતી. સાથે ગુરુશિખરોના કળશ તથા ધજાદંડ પણ શોભી રહ્યા હતા. સ્વામીશ્રીના પધારતાં પૂર્વે ત્યાગવલ્લભદાસ સ્વામીએ યજ્ઞનો પૂર્વવિધિ સંપન્ન કર્યો. ઉત્તરાર્ધવિધિમાં જોડાતાં સ્વામીશ્રીએ શેષ વિધિ આરંભ્યો. પ્રત્યેક મૂર્તિના ભાલે ચાંદલા કરી પુષ્પાંજલિ અર્પણ કરી. કળશ-ધજાદંડનું પણ પૂજન કર્યું. અંતમાં આરતી અને મંત્રપુષ્પાંજલિ દ્વારા ઠાકોરજીના ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પ્યું. મુખ્ય કુંડ પર બેઠેલા યજમાનો પર અક્ષતવર્ષા કરી. વિવિધ શુભસંકલ્પો સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી. અહીં ૨૩૬૦ જેટલા યજમાનોએ યજ્ઞના યજમાનપદે



બિરાજી યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી.

આ પ્રસંગે શુભાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શાસ્ત્રીજી મહારાજે અક્ષરનો ઝંડો રોપ્યો અને એના માટે ફના થઈ ગયા. તેઓના જન્મસ્થાને આપણે ભેગા થયા છીએ ને આપણને ખૂબ આનંદ છે. વળી, ગુરુપરંપરા પ્રગટ રાખી છે એટલે પણ ખૂબ આનંદ છે. હવે આપણી ફરજ છે. શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય ઉપાડ્યું એમાં ભળી જવું. એમાં જીવનની સફળતા છે. ખરેખરો સુવર્ણ અવસર આવ્યો છે. માટે સત્સંગમય જીવન બનાવવું. અનંત જન્મોથી કચરો ઉથામ્યો છે. હવે આ જન્મે તે બધું મૂકીને મહારાજ-સ્વામીની સ્મૃતિ કરી લેવાની. આપણા જેટલા ભાગ્યશાળી કોઈ નથી. આપણને શાસ્ત્રીજી મહારાજની દયાથી અક્ષરની વાત સમજાઈ ગઈ, એમાં બધું જ આવી ગયું. માટે આપણે એમાં દૃઢ રહેવું. એવી દૃઢતા સૌને થાય એ જ પ્રાર્થના.''

## શોભાયાત્રા

મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની અપરાહ્‌ને શોભાયાત્રા યોજાઈ હતી. નગરના અનોખા આકર્ષણ રૂપ આ શોભાયાત્રામાં વિવિધ કલાત્મક રથ વચ્ચે કીર્તનોના તાલે ભક્તિનૃત્યો કરતા બાળકો-યુવકો-કિશોરો શોભાયાત્રાનું મુખ્ય આકર્ષણ હતા. ધીમે ધીમે વિહરતી શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થતી મંદિર આગળ વિરમી. સ્વામીશ્રીએ નગરયાત્રાનાં દર્શન કર્યાં. નગરયાત્રામાં જોડાયેલા તમામ સંતો-હરિભક્તોને ગુરુહરિનાં દર્શન સાંપડ્યાં.

મંદિર પરિસરની પાર્શ્વભૂમાં નવનિર્મિત 'શાસ્ત્રીજી મહારાજ સભાગૃહ'માં સાયંકાળે સન્માન સમારોહ યોજાયો હતો. સ્વામીશ્રી પધારતાંની સાથે સભાગૃહનું મંગલ ઉદ્‌ઘાટન થયું.

મુખ્ય યજમાન અરવિંદભાઈ સાહેબ (નૈરોબી) અને આ ઉત્સવમાં મદદરૂપ થનાર તમામ સહાયકર્તાઓએ ક્રમશઃ મંચ પર આવી સ્વામીશ્રીનાં સમીપદર્શન કરી આશિષ પ્રાપ્ત કર્યા હતા. સમારોહના અંતમાં સ્વામીશ્રીએ સૌની સેવાભાવનાને બિરદાવી, શાસ્ત્રીજી મહારાજનાં ગુણગાન કહી સૌને 'સંપ, સુહૃદભાવ ને એકતા રાખવા.' અનુરોધ કર્યો. આશિષ બાદ સ્વામીશ્રીએ મંદિર ઉપર પ્રોજેક્ટ થતો સુંદર લાઇટ એન્ડ સાઉન્ડ શો નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## પ્રતિષ્ઠા ઉત્સવ

વિક્રમ સંવત ૨૦૭૫ના પોષ વદ ૧૧ ને ગુરુવાર, તા. ૩૧-૧-૨૦૧૯નો શુભ દિન એટલે તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો ૧૫૪મો પ્રાગટ્ય દિન. આજના પવિત્ર દિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોનાં કરકમળો દ્વારા શાસ્ત્રીજી મહારાજની જન્મભૂમિમાં બી.એ.પી.એસ. મંદિરના અભિષેક મંડપમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ યોજાયો હતો.

પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિ માટે અભિષેક મંડપમાં પધાર્યા ત્યારે પ્રતિષ્ઠાનો પૂર્વવિધિ ત્યાગવલ્લભદાસ સ્વામીએ સંપન્ન કર્યો હતો. શ્રુતિપ્રકાશદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ભૂદેવોએ વિધિ આરંભ્યો. સ્વામીશ્રી અભિષેક મંડપની મધ્યમાં પધરાવેલા શ્રી નીલકંઠવર્ણી સમક્ષ બિરાજી વિધિમાં જોડાયા. ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી પણ ગુરુપરંપરા સમક્ષ વિધિમાં જોડાયા હતા. અભિષેકમૂર્તિ નીલકંઠનો પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ કરીને અંતે સ્વામીશ્રીએ ગુરુઓની મૂર્તિઓનું વેદોક્ત પૂજન કર્યું. તમામ સ્વરૂપો સમક્ષ ગોઠવાયેલા સુંદર અન્નકૂટ ધરાવ્યા બાદ સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો અને તમામ યજમાનોએ પ્રતિષ્ઠિત સ્વરૂપોને આરતી અને મંત્રપુષ્પાંજલિ દ્વારા વધાવ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ કેસરજળ વડે શ્રી નીલકંઠવર્ણીનો પ્રથમ અભિષેક કર્યો.

સૌને આશીર્વાદથી લાભાન્વિત કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આ ઉત્સવમાં નાના-મોટા બધાએ તન-મન-ધનથી સેવા કરી છે. શાસ્ત્રીજી મહારાજ માટે કોને ભાવ ન હોય! તેઓ આપણા આદિ પિતા કહેવાય, ને તેઓ મૂળ છે. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ન થયા હોત તો કોઈ વાત બનત નહીં. અક્ષરપુરુષોત્તમનું ખૂણિયું જ્ઞાન કહેવાતું, તે ક્યાંય મટી જાત, ટળી જાત. પણ શાસ્ત્રીજી મહારાજ એવા શૂરવીર થયા કે મધ્ય મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા! બહુ મોટું કામ કર્યું. એમના હૃદયમાં મહારાજ-સ્વામી સિવાય કાંઈ નહોતું.

આપણે એવી વફાદારી રાખવી કે, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સિવાય કાંઈ ન જોઈએ. ને એ જ કામમાં આવવાનું છે. સત્સંગમાં વફાદારી જ મુદ્દો છે. એ વિના બીજું ગમે એટલું કરતા હો, સેવા કરતા હો એ નિષ્ફળ જાય. ગરબડ કરો તો શાસ્ત્રીજી મહારાજને ધક્કો વાગે, તેમના કાર્યને ધક્કો વાગે. એવું ન કરવું. દાસના દાસ થઈને આપણે સેવા-ભક્તિ કરી લેવી. આજે અહીં નીલકંઠવર્ણી બિરાજ્યા છે તે સૌના શુભસંકલ્પો પૂર્ણ કરશે.''

## ઉત્સવ સમારોહ

'યજ્ઞપુરુષ સભાગૃહ'માં યોજાયેલી પ્રતિષ્ઠા-ઉત્સવની પ્રાસંગિક સભામાં આત્મસ્વરૂપ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામીએ ઉદ્‌બોધનનો લાભ આપ્યો. મહેળાવ બાળ-યુવાવૃંદે ટીંમલી ગીત પર ભક્તિનૃત્ય કર્યું. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે, તેઓના અદ્‌ભુત જીવન-પ્રસંગોને પ્રસ્તુત કરતી વીડિયોશ્રેણી – 'એવા સંતને નમું હું શીશ...'નું સ્વામીશ્રીના હસ્તે વિમોચન થયું.

પોરડાના બાળ-યુવાવૃંદે *'જય જય મંદિર મહોત્સવની, જય જય અક્ષરપુરુષોત્તમની...'* ગીત પર જોશભર્યું નૃત્ય કરી આજના ઉત્સવને વધાવ્યો. નૃત્ય બાદ વરિષ્ઠ સંતો તથા સ્થાનિક સંતોએ સુંદર, કલાત્મક હાર-ચાદર વડે ગુરુહરિને વધાવ્યા.

આ પ્રસંગે આજના ઉત્સવની જય બોલાવી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતાં જણાવ્યું: ''શાસ્ત્રીજી મહારાજે ડંકો વગાડી દીધો. તેમના મનમાં લક્ષ્ય સ્પષ્ટ હતું. અક્ષરપુરુષોત્તમની વાત જીવમાં, હૃદયમાં, લોહીના કણે કણમાં ને રૂંવાડે રૂંવાડે હતી. ને રાત-દિવસ આ જ રટના હતી - અક્ષરની વાત!

આપણે શાસ્ત્રીજી મહારાજને લીધે છીએ. જો મનનું ધાર્યું ન કરો અને મહારાજ-સ્વામીની આજ્ઞા પ્રમાણે કરો તો લીલા લહેર છે. શ્રીજીમહારાજને ગમે એ પ્રકારનો સંપ રાખીએ. લૌકિક સંપ તો દેહ સંબંધી છે. માટે મોક્ષને માર્ગે લઈ જાય તેવો આધ્યાત્મિક સંપ રાખીએ તો પછી લીલા લહેર છે.''

આમ, આજે મહેળાવ મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે શ્રી નીલકંઠવર્ણી મહારાજ અને ગુરુપરંપરા ચિરકાલ સુધી વિરાજતા સર્વત્ર જયજયકારનો નાદ ગુંજી રહ્યો હતો.

## મહેળાવમાં સ્વામીશ્રીનો કૃપાલાભ

મહેળાવ ખાતેના એક સપ્તાહના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ વિવિધ કાર્યક્રમોમાં સત્સંગલાભ આપ્યો હતો.

તા. ૧-૨-૨૦૧૯ના રોજ કાર્યકર દિન નિમિત્તેની સભામાં કાર્યકરોને અનન્ય દર્શન-આશિષ આપ્યા હતા.

તા. ૨-૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ મહેળાવ ક્ષેત્રના કાસોર, સુણાવ(પુનઃપ્રતિષ્ઠા), વિજોલ(બોડેલી ક્ષેત્ર), યુ.એસ.એ.ના જૅક્સન અને ફ્લૉરેન્સ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

બાળ-યુવાદિનની સંધ્યા સભામાં બાળ-યુવાવૃંદે લીંડિયોની બોધકથા, 'વનરાજ' નામક નૃત્યનાટિકા રજૂ કરી ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. અંતમાં સ્વામીશ્રીએ બોધકથાને અનુરૂપ આશીર્વચન ઉચ્ચાર્યાં હતાં.

તા. ૩-૨-૨૦૧૯ના રોજ અહીંના ભક્તોએ શ્રી હરિકૃષ્ણ મહારાજની તુલાવિધિ કરીને વિશેષ ભક્તિભાવ અદા કર્યો હતો. સંધ્યા સભામાં *'ફૂલોં કી હોલી'*ના વિશિષ્ટ કાર્યક્રમમાં સૌને પુષ્પોત્સવની સાથે સાથે સ્વામીશ્રીના સમીપ દર્શનનો અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયો હતો. વળી, આજે સ્વામીશ્રીએ હાલોલમાં નિર્માણ પામનાર મંદિરની

ઈષ્ટિકાઓનું પૂજન કર્યું હતું.

તા. ૪-૨-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, વિદ્યાનગરનો ૫૪મો વાર્ષિકોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. આ પ્રસંગે સંધ્યા સમયે યોજાયેલી સભામાં અહમ્‌થી મુક્ત થવાની માસ્ટર-કી બતાવતો સંવાદ 'ગુરુમંત્ર' રજૂ થયો. જેનો સાર હતોઃ *'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ'.* આ ગુરુ-મંત્રથી જીવનમાં અનિવાર્યપણે આવતી ચઢતી-પડતીમાં સ્થિર રહેવાય છે અને સાચી સફળતા મળે છે. સંવાદને પુષ્ટ કરતું *'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ'* કીર્તન છાત્રોએ રજૂ કર્યું.

અંતે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''આ મંત્રમાં ચોખ્ખું આવ્યું, 'અક્ષરમ્ અહમ્....' એ અક્ષર હું છું. બીજું કોઈ સ્વરૂપ તમે નથી. અક્ષર જ છો ને હવે પુરુષોત્તમના દાસ થઈને અખંડ ભજન કરવું. અક્ષરથી શ્રીજીમહારાજ અનંત ગણા પર છે. વચનામૃતમાં કહ્યુંઃ 'ભગવાન પોતે પોતાના મહિમાના પારને પામતા નથી.' આપણે આમાં પહોંચવાનું છે.

અનંત જન્મ લીધા પણ અંત આવ્યો નથી. અંત આમાં જ આવે - 'હું અક્ષર છું ને પુરુષોત્તમનો દાસ છું.' ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ બધાની આ સમજણ છે, ને આપણે પણ એ પ્રમાણે રહેવાનું છે. પોતાને અક્ષર જ માનવાનું છે.''

આજ રોજ સ્વામીશ્રીએ મહેળાવ ક્ષેત્રના દેવા, મોરડ અને પલોલ ગામોમાં નિર્માણ પામનાર મંદિરોનાં ખાતમુહૂર્તની ઈષ્ટિકાઓનું પૂજન કર્યું. સાથે બોચાસણ મંદિરના માસ્ટર-પ્લાનના ખાતમુહૂર્તની ઈષ્ટિકાઓનું પણ પૂજન કર્યું હતું.

તીર્થસ્થાન મહેળાવમાં સતત એક સપ્તાહ સુધી સૌનાં અંતરતલમાં આધ્યાત્મિક ઊર્જા પ્રસરાવી સ્વામીશ્રીએ ધુલિયા પ્રતિ પ્રયાણ કર્યું.

## ધુલિયામાં સ્વામીશ્રી

તા. ૫-૨-૨૦૧૯ થી તા. ૧૧-૨-૨૦૧૯ સુધી મહારાષ્ટ્રના ધુલિયા ખાતે બિરાજી સ્વામીશ્રીએ ખાનદેશી ભક્તોને અકલ્પનીય સત્સંગ લાભ આપ્યો હતો. ખાનદેશ પ્રાંતની ભૂમિ ધુલિયા ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી સ્વામીશ્રીએ આ પંથકમાં કલ્યાણનાં દ્વાર ઉઘાડાં કર્યાં હતાં. પ્રતિષ્ઠોત્સવ ઉપક્રમે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સ્વામીશ્રીએ સૌને અવિસ્મરણીય સત્સંગ લાભથી લાભાન્વિત કર્યા હતા. (વિગતવાર અહેવાલ માટે જુઓઃ સ્વામિનારાયણ પ્રકાશ માર્ચ, ૨૦૧૯)

## મોહાડીમાં સ્વામીશ્રી

તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ સાંજે સ્વામીશ્રી ધુલિયા પાસેના મોહાડી ગામે પધાર્યા હતા. આજથી બરાબર ૧૦૦ વર્ષ પૂર્વે મોહાડી ગામમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની પ્રથમ (૫૪મી જન્મજયંતી) જન્મજયંતી ઊજવાઈ હતી. આ પ્રાસાદિક ગામમાં સ્વામીશ્રીના આગમનને વધાવતાં સૌના મુખ પર અપૂર્વ ભક્તિભાવ છલકી રહ્યો હતો. ઢબૂકતા ઢોલ સાથે યુવાનો નૃત્ય કરતાં ગુરુ અને હરિને વધાવતા હતા. સર્વત્ર આનંદ આનંદ રેલાયો હતો.

મોહાડી ગામના પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરવા સ્વામીશ્રી ચાલતા મંદિરે પધાર્યા. ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજની પ્રથમ જન્મજયંતી ઊજવાઈ હતી તે ચોકમાં પધાર્યા.

વસંત પંચમી, તા. ૫ ફેબ્રુઆરી ૧૯૧૯ના દિવસે આ જ ચોકમાં બિરાજીને શાસ્ત્રીજી મહારાજે જાતે જ કહ્યું હતું, 'આજે આ મહાપુરુષનો પણ જન્મદિવસ છે.' આ અતિ ઐતિહાસિક પ્રસંગની સ્મૃતિમાં અહીં રચાયેલા આરસના સ્મૃતિ સ્થાનનાં દર્શન કર્યાં. અહીં ઉપમંચ પર શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ અને સ્વામીશ્રી સમક્ષ પ્રાસંગિક સભા યોજાઈ. આરતી બાદ વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. આ અલૌકિક અવસરે શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રીને તુલસી અને તુલસીના માંજરનો સુંદર હાર પહેરાવ્યો. આ અવસરે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ ઉમંગથી જણાવ્યુંઃ ''આજે અહીં આવ્યા એટલે ખૂબ આનંદ આવ્યો. પહેલેથી જ મનમાં હતું કે શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક સ્થાન પર જવું છે. અને નક્કી પણ કર્યું હતું કે, જે દિવસે શાસ્ત્રીજી મહારાજની જન્મજયંતી ઊજવાઈ હતી એ જ દિવસે એ સ્થાન પર જવું. અને તે દિવસ આજે આવી ગયો.

શાસ્ત્રીજી મહારાજે કૃપા કરીને સૌ પહેલી જન્મજયંતી અહીં ઊજવી હતી. તે વખતે તેઓ ૫૪ વર્ષના એકદમ યુવાન, એકદમ ત્વરિત લાગતા હતા!

આ સૂકો પ્રદેશ છે. પાણીની અછત છે, છતાં પણ આ ચોકમાં પાણી ઓછું થતું નથી. ૨૫ કિલોમીટરથી લોકો પાણી ભરવા અહીં આવે છે. અહીં ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બધા મહાપુરુષોએ ખૂબ કૃપા કરી છે અને તે કૃપા હંમેશા રહેશે.''

અહીંથી સૌની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રી પુનઃ ધુલિયા પધાર્યા. અને બીજા જ દિવસે સ્વામીશ્રીએ મહારાષ્ટ્રના નાસિક પ્રતિ પ્રયાણ કર્યું.



## નાસિકની ધરા પર નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરનો સ્તંભારોપણ વિધિ

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની પદરજથી પ્રાસાદિક બનેલી મહારાષ્ટ્રની તીર્થભૂમિ નાસિકની ધરા પર તા. ૧૧-૨-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પધાર્યા હતા. ધુલિયાથી વિદાય લઈ ઢળતી સંધ્યાએ નાસિક પધારેલા સ્વામીશ્રી કેવડીવન, તપોવન વિસ્તારમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ભૂમિ પર પધાર્યા. અહીં શ્રી હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવી. મંદિરના નિર્માણકાર્ય પર દૃષ્ટિ કરી પ્રસન્નતા વ્યક્ત કરી. અહીં હરિ અને ગુરુના સ્વાગતાર્થે ગમનપથની બંને બાજુ રંગબેરંગી પુષ્પો તથા ગોદાવરી નદીના પવિત્ર જળથી ભરેલા કળશ શોભી રહ્યા હતા. સ્વાગત સભામાં વરિષ્ઠ સંતોએ હારતોરા વડે ગુરુહરિને નાસિકના આંગણે સત્કાર્યા.

સ્વાગત સમારોહ બાદ સ્વામીશ્રીએ નવનિર્મિત સંતનિવાસનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરીને શ્રી હરિકૃષ્ણ મહારાજ સહ મંગલ પ્રવેશ કર્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાઈ ગયોઃ નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ સ્તંભ-સ્થાપન સમારોહ.

ભારતવર્ષનાં ઉત્તમ તીર્થોમાં જેની ગણના થાય છે, જ્યાં દર બાર વર્ષે કુંભ મેળો યોજાય છે એવી નાસિક નગરીની પવિત્ર ધરા પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી કલામંડિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિર આકાર લઈ રહ્યું છે.

તા. ૨૪-૧-૨૦૧૧ના રોજ મુંબઈ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ મંદિરના શિલાન્યાસ વિધિ માટેની શિલાઓનું પૂજન થયું હતું. તા. ૧૧-૧૧-૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ શિલાઓનો સ્થાપનવિધિ થયો હતો. સવા વર્ષના અંતરાલ બાદ આજે યોજાઈ ગયો – મંદિરના પ્રથમ સ્તંભ સ્થાપનનો માંગલિક અવસર.

તા. ૧૨-૨-૨૦૧૯ના રોજ યોજાયેલા આ માંગલિક પ્રસંગે સ્વામીશ્રી મહાપૂજાવિધિ માટે મંડપમાં પધાર્યા ત્યારે મંચ પર કલાત્મક સ્તંભ શોભી રહ્યો હતો. ઉપમંચ પર યજમાનો બિરાજમાન હતા. સંતો પણ યોગ્ય સ્થાને બિરાજ્યા હતા. સ્વામીશ્રીના પધારતાં પૂર્વે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મહાપૂજાનો પૂર્વાર્ધ વિધિ સંપન્ન થઈ ચૂક્યો હતો. વિધિમાં સંતો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો જોડાયા હતા.

હવે, શ્રી હરિકૃષ્ણ મહારાજની

પાવન નિશ્રામાં સ્વામીશ્રી મહાપૂજાના ઉત્તરાર્ધ વિધિમાં જોડાયા. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ વિધિ કરાવ્યો. વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ સ્તંભની કુંભિકા પર સુવર્ણરસિત લેલાથી સિમેન્ટનું મિશ્રણ પધરાવ્યું. ત્યારપછી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વિવેકસાગર સ્વામી, અભયસ્વરૂપદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ મિશ્રણ પધરાવ્યું.

બરાબર ૧૧-૧૦ વાગે ક્રેનની સહાયતાથી સ્વામીશ્રીના હસ્તે મંદિરનો પહેલો સ્તંભ સ્થાપિત થતાં સૌએ જય જયકારોથી આ ક્ષણને વધાવી. સ્વામીશ્રીએ ચંદન વડે સ્તંભનું પૂજન કરી પ્રાસાદિક પુષ્પો પધરાવ્યાં. વરિષ્ઠ સંતોએ શ્રીફળ વધેર્યાં. સ્તંભ પર પધરાવેલા શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી અને મંત્રપુષ્પાંજલિ થયા બાદ ભક્તિપ્રિયદાસ સ્વામી તથા નિર્માણ-કાર્યમાં જોડાયેલા સંતોએ હાર પહેરાવીને સ્વામીશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો.

આ પ્રસંગે આશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ તીર્થસ્થાન છે. શ્રીજીમહારાજ અહીં પધારેલા છે. અહીં લાખો માણસો આવે છે ને અહીં આવશે તે બધાનું કલ્યાણ થશે. બધા હરિભક્તો અહીં આવ્યા છે, તે બધાના દેશકાળ ખૂબ સારા થાય. બધા તને-મને-ધને સુખી થાય. તેમના બધા પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે. આપણું આ નાસિક મંદિર સર્વોપરી થશે. ને ડંકો વાગશે.''

મંદિર નિર્માણકાર્યમાં સહયોગ આપનાર ભક્તોને સ્વામીશ્રીના વ્યક્તિગત આશીર્વાદ સાંપડ્યા હતા.

## પ્રાસંગિક સમારોહ

આજનો પ્રાસંગિક સમારોહ જનાર્દન મઠમાં યોજાયો હતો. નાસિક બાળ-યુવાવૃંદે *'સ્વાગત કરીએ રે ગુરુ ચરણે નમીએ રે...'* ભક્તિગીત પર નૃત્ય-વંદના કરતાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજને વધાવ્યા. ત્યારપછી બાળમંડળે 'કલ્યાણનો ખપ' સંવાદ અંતર્ગત ભીમનાથના રાંકાનું દૃષ્ટાંત રજૂ કરી કલ્યાણનો ખપ રાખવાનો સંદેશ પાઠવ્યો.

ત્યારબાદ નાસિકનું આ મંદિર કેવું રચાશે તે વીડિયો દ્વારા દર્શાવવામાં આવ્યું. આજના આનંદ અવસરને વધાવતાં બાળમંડળે *'રૂડો અવસરિયો આંગણિયે આવ્યો રે...'* કીર્તન પર જોમભેર ઉત્સવનૃત્ય કરી સભાને ડોલાવી દીધી. સભામાં ઉપસ્થિત ધારાસભ્ય શ્રી પંકજભાઈ ભુજબલે સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કર્યા.

અંતમાં સ્વામીશ્રીએ 'નાસિક મંદિર પ્રથમ સ્તંભ-સ્થાપન સમારોહની જય' બોલાવી, ભગવાનને પ્રસન્ન કરવાની પ્રેરણા આપતાં જણાવ્યું: ''ભગવાન સ્વામિનારાયણ સ્વયં અહીં પધાર્યા છે. તેઓએ બધા ઉપર દયા કરી છે. બધા તને, મને ધને સુખી થાય એ જ ભગવાનની ઇચ્છા હોય છે. અને પ્રમુખસ્વામી મહારાજ આખી જિંદગી આ જ ભાવનાથી જીવ્યા છે કે 'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ.' અને તેઓ ખાલી આ બોલ્યા નથી, પણ પોતાના યોગમાં આવનાર કેટલાય લોકોનું ભલું કર્યું છે. જે લોકો તેમની પાસે આવ્યા તે ધન્ય થઈ ગયા. તેઓ આખી જિંદગી, પળે પળ આ જ ભાવનાથી જીવ્યા છે. આવા ગુરુ આપણને મળ્યા છે તો આપણું અક્ષરધામ પાકું જ છે.''

આવતીકાલથી એશિયા-પેસેફિક દેશોની ધર્મયાત્રાએ જઈ રહેલા કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને સંતમંડળે હાર-ચાદર અર્પણ કરી સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

આમ, આજે તારીખ પ્રમાણે શિક્ષાપત્રીના પ્રાકટ્યદિને સ્વામીશ્રીએ નાસિક ખાતે શિખરબદ્ધ મંદિરના પ્રથમ સ્તંભનું સ્થાપન કરી, નાસિકની પવિત્ર ધરાને વિશેષ તીર્થત્વ અર્પ્યું હતું.





# પૂણેમાં પરહિતકારી સ્વામીશ્રીનો કૃપાલાભ...

*મહારાષ્ટ્રના મહાનગર પૂણેમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સર્જેલું ભવ્ય ગગનચુંબી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર મહારાષ્ટ્રમાં સત્સંગ-ભક્તિનાં આંદોલનો પ્રસરાવી રહ્યું છે. એક વર્ષ પૂર્વે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલા આ મંદિરને પુનઃ તેઓનો યોગ સાંપડ્યો હતો.*

*તા. ૧૩-૨-૨૦૧૯ના રોજ નાસિકથી વિદાય લઈ પૂણે પધારેલા ગુરુહરિનાં દર્શનથી સંતો-ભક્તોનાં હૈયાં આનંદ-ઉમંગથી પુલકિત થઈ ઊઠ્યાં હતાં. સ્વામીશ્રીના આગમનને વધાવતું, નવલા શણગાર સજી, રંગબેરંગી રોશનીથી ઝગમગી રહેલું કલાત્મક મંદિર સૌનું મન મોહી રહ્યું હતું. મંદિર પરિસરમાં ગમનપથની બંને બાજુએ પુષ્પ-રંગોળી સજાવી હતી. સંતો-ભક્તોના અંતરના સ્વાગતને સ્વીકારતાં સ્વામીશ્રીએ મંદિરમાં ભાવથી ઠાકોરજીનાં દર્શન કર્યાં.*

*મંદિરના પરિસરમાં જ રચાયેલી સંતો-ભક્તોની સભામાં પધારી સ્વામીશ્રીએ સૌને દર્શનલાભ આપ્યો. સંતોએ હારતોરા વડે ગુરુહરિને સત્કાર્યા. બાળ-યુવાવૃંદે 'સ્વપ્નું છે કે શું' સ્વાગત ગીત પર ભક્તિનૃત્ય કરી ગુરુહરિને વધાવ્યા. અંતમાં સ્વામીશ્રીએ સૌને આશિષવચનોથી અભિષિક્ત કર્યા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે બાળકોથી માંડીને વયોવૃદ્ધ ભક્તોએ વિવિધ વ્રત-તપ-ઉપવાસ કર્યાં હતાં.*

*તા. ૧૩ થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી પૂના ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિવિધ ભક્તિસભર કાર્યક્રમો યોજાયા હતા. તેનો અહીં આસ્વાદ માણીએ...*

## સુબોધ દિન

તા. ૧૪-૨-૨૦૧૯ના રોજ સાયંકાળે યોજાયેલી 'સુબોધ દિન' નિમિત્તેની સભામાં સંતો-ભક્તોએ ષોડશોપચારથી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. બાળ-યુવાવૃંદે, *'વરસી હરિની કૃપા અપાર, વચનામૃતરૂપે આ વાર...'* ગીત પર ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું.

સુબોધ એટલે સારો બોધ, શુભ બોધ. પ્રવચનો અને વીડિયો દ્વારા આ વિષયને પ્રતિપાદિત કરી જણાવવામાં આવ્યું કે 'વચનામૃત સુબોધનો સાગર છે.' સ્વામીશ્રીએ આ 'સુબોધસાગર' ગ્રંથરાજનું પૂજન કર્યું.

પૂણેનાં શિશુઓ અને બાળકોએ 'प्रश्नों की परंपरा' સંવાદ રજૂ કર્યો. જેમાં ગૃહસ્થજીવનમાં આવતા અનેક પ્રશ્નોનું સમાધાન સ્વામીશ્રી પાસેથી મેળવ્યું. આજની સભામાં ઉપસ્થિત મહાનુભાવો પણ સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કરી કૃતાર્થ થયા હતા.

## સત્પુરુષ દિન

તા. ૧૫-૨-૨૦૧૯ના રોજ

સત્પુરુષના ગુણોના મહિમાગાન સાથે 'સત્પુરુષ દિન'ની ભક્તિસભર ઉજવણી કરવામાં આવી હતી. સભામાં મહારાષ્ટ્રીયન ગાયકો અને વાદકોએ અભંગનું ગાન કર્યું હતું. સત્પુરુષના વિવિધ ગુણને અનુરૂપ અભંગના ગાન બાદ તેને અનુરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના વિવિધ પ્રેરક પ્રસંગોનું જુદાં જુદાં માધ્યમો દ્વારા પાન કરાવાયું.

ટ્રૅન્સેન્ડન્સ પુસ્તકના સહલેખક શ્રી અરુણ તિવારીજીએ ઉદ્‌બોધનમાં કહ્યું, 'સંતનું કામ ચારિત્ર્ય નિર્માણ કરવાનું છે. કળિયુગમાં સંત વિના માનવતાનો ઉદ્ધાર અસંભવ છે. અને તેવા સંત મહંત સ્વામી મહારાજ છે.' બાદ તેઓએ સ્વલિખિત અને મરાઠી ભાષામાં અનુવાદિત પુસ્તકનું સ્વામીશ્રીના હસ્તે વિમોચન કરાવ્યું.

ગઈકાલે પુલવામામાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પતાં સ્વામીશ્રી સહિત સૌએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તત્પશ્ચાત્ શહીદ જવાનોને અંજલિ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આ ખૂબ દુખદ દુર્ઘટના ઘટી છે. બોર્ડર પર જે જવાનો શહીદ થયા છે અને ઘાયલ થયા છે તે બધા માટે સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તેમના કુટુંબીજનો, સગાં-સંબંધીઓ અને મિત્રોને સહાનુભૂતિ મળે. હૃદયથી તે બધા માટે પ્રાર્થના કરીએ છીએ કે તેઓને સુખ-શાંતિ રહે અને પોતાના કાર્યમાં આગળ વધે.''

આજે સવારે પૂજાસત્ર દરમિયાન બાળકોએ 'કિયાં કીડી કરી મેળાપ.' કેન્દ્રીય વિષય સાથે બાળદિનની ઉજવણી કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

## મંદિર પાટોત્સવ

તા. ૧૭-૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં પૂણે મંદિરનો દ્વિતીય પાટોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો. એક વર્ષ પૂર્વ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલા આ મંદિરના દ્વિતીય પાટોત્સવે સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિથી સંતો-ભક્તોના અંતરે અનેરો આનંદ-ઉમંગ વર્તાતો હતો. વહેલી સવારથી જ ઊમટેલા ભક્તસમુદાયથી મંદિર પરિસર ઊભરાતું હતું.

બ્રાહ્મમુહૂર્તમાં વડીલ સંતોએ પાટોત્સવનો પૂર્વવિધિ પૂર્ણ કર્યો હતો. સ્વામીશ્રીએ પધારીને અવતારાદિકના ખંડમાં ગોઠવાયેલા સુંદર અન્નકૂટની સાથે મંદિરના પ્રત્યેક ખંડમાં ગોઠવાયેલા સ-રસ અન્નકૂટ ધરાવતાં આરતી ઉતારી હતી.

સાયંકાળે પાટોત્સવના પ્રાસંગિક સમારોહની સાથે સાથે ઝોળીપર્વની સભા યોજાઈ હતી. સ્વામીશ્રી અને મંચસ્થ વડીલ સંતો તથા મહાનુભાવોએ બી.એ.પી.એસ.નો ધ્વજ લહેરાવી મુંબઈ ખાતે આવી રહેલા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મ જયંતી મહોત્સવનો ઉદ્‌ઘોષ કર્યો હતો.

આજના પ્રસંગે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે પાટોત્સવ ને ઝોળીપર્વનો ઉત્સવ છે એટલે બધાને ખૂબ ઉત્સાહ છે, બળ છે. તમે સારી રીતે ભક્તિ કરો છો તે કરતા રહેજો. આપણે એકાંતિક ભક્ત થવાનું છે. તે નિશાન હંમેશાં આગળ રાખવું. અને એકાંતિક ભક્ત થયે જ છૂટકો. શ્રીજીમહારાજે તો એકાંતિકપણા માટે કહ્યું 'એ સારનો સાર છે.' આવા બધા ઉત્સવોથી આપણે એકાંતિકપણા બાજુ ધસી રહ્યા છીએ.''

હવે ઝોળીપર્વ નિમિત્તે વિશિષ્ટ દર્શન આપતાં સ્વામીશ્રીએ બંને ખભે ઝોળી લગાવી, આહ્‌લેક જગાવી: *'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો!'* સૌએ સ્વામીશ્રીના એ દિવ્ય નાદને વધાવી લીધો.

ત્યારબાદ સ્વામીશ્રીએ ઉપમંચ પર પધારી હરિભક્તોનો સમર્પણભાવ સ્વીકારી સૌને સમીપદર્શનની વિરલ સ્મૃતિઓ આપી. આજના પ્રતીક ઝોળી-ઉત્સવે સૌ કોઈ ઠાકોરજી ચરણે પોતાની યથાશક્તિ સેવા-ભક્તિ સમર્પિત કરી અહોભાગી બન્યા હતા.

તા. ૧૮-૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સત્સંગ સભામાં અહીં વસતા રાજસ્થાનના મારવાડી સમાજના ભક્તોએ પોતાની પ્રાદેશિક શૈલીમાં ભક્તિભર્યા કાર્યક્રમો રજૂ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત *'કેસરિયા બાલમ પધારો મ્હારે દેશ'* લોકગીત રજૂ કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીની આધ્યાત્મિક રુચિ જાણવા માટે યુવાનો એક પછી એક બાબતોના બોર્ડ લઈને સ્વામીશ્રી સમક્ષથી પસાર થયા અને સ્વામીશ્રીએ તેમાં ખરાં-ખોટાંની સંજ્ઞા કરી પોતાની રુચિ જણાવી. ત્યારબાદ યુવાનોએ સત્સંગ કરવાની પ્રેરણા આપતો સંવાદ 'बावसी रो हुकम' રજૂ કર્યો. સંવાદની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ ભગવાનના કર્તાપણાનો મહિમા સમજાવી, સૌને સત્સંગ કરવા પ્રેરણાવચનો કહ્યાં હતાં.

તા. ૧૯-૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી પૂણેથી વિદાય લઈ સાંકરી પધારતાં પૂર્વે સ્વામીશ્રી પ્રસિદ્ધ ધર્મગુરુ સાધુ વાસવાણીજીના આશ્રમે પધાર્યા હતા. ટ્રસ્ટીઓએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. શ્રી સાધુ વાસવાણીજી તથા દાદા જે.પી. વાસવાણીજીના સ્મૃતિસ્થાને પધારી ભાવભીની અંજલિ અર્પી હતી.



# તીર્થધામ સાંકરીમાં સત્સંગલાભથી આબાલવૃદ્ધ સૌને ધન્ય કરતા સ્વામીશ્રી...

તા. ૧૮-૫-૨૦૦૧ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે દક્ષિણ ગુજરાતના બારડોલી તાલુકાના સાંકરી ખાતે પ્રતિષ્ઠિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અહીં સત્સંગ-ભક્તિની હરિયાળી પાથરી રહ્યું છે. અક્ષરપુરુષોત્તમ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં આ પંથકના હજારો હરિભક્તો દિવ્ય સત્સંગલાભથી જીવન ઉજાળી રહ્યા છે. આ હરિભક્તોને સત્સંગનો અમૃતલાભ આપવા માટે તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અહીં પધાર્યા હતા. તા. ૧૯ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી સ્વામીશ્રીએ સાંકરી ખાતે બિરાજીને સૌને સત્સંગ-દર્શનલાભથી લાભાન્વિત કર્યા હતા. વહેલી સવારની પ્રાતઃપૂજાથી લઈને સાયંકાળે ગુરુહરિના સાંનિધ્યમાં યોજાયેલી સત્સંગ સભાઓમાં વિવિધ ભક્તિસભર કાર્યક્રમો માણી સૌ આધ્યાત્મિકતાના રંગે રંગાયા હતા.

વળી, સાંકરી પંથકના જુદા જુદા સત્સંગ ઝોનના ભક્તો પોતાને ફાળવેલા વિવિધ દિને સ્વામીશ્રીનાં સમીપ દર્શન-મુલાકાતમાં આશિષ પામી અહોભાવથી છલકાઈ ઊઠ્યા હતા.

સાંકરી ખાતે સ્વામીશ્રીએ આપેલા સત્સંગલાભની અહીં અલ્પ ઝાંખી પ્રસ્તુત છે...

તા. ૧૯-૨-૨૦૧૯ના રોજ પૂણેથી વિદાય લઈ સ્વામીશ્રી હવાઈ માર્ગે સુરત ઍરપોર્ટ થઈને મોડી સાંજે સાંકરી મંદિરે પધાર્યા હતા. સેંકડો સાફાધારી હરિભક્તોએ ઉમંગથી સ્વામીશ્રીના આગમનને વધાવ્યું હતું.

મંદિરના મુખ્ય પ્રવેશદ્વારના પોડિયમ પર સુંદર મંચ રચીને સ્વામીશ્રીનો સ્વાગતનો શાનદાર સમારોહ યોજવામાં આવ્યો હતો. મંદિરના પ્રાંગણમાં હજારો હરિભક્તો સ્વામીશ્રીના સ્વાગતમાં ઊમટ્યા હતા. ગગનમાં પૂર્ણિમાનો ચાંદ પુરબહાર ખીલ્યો હતો. આહ્‌લાદક વાતાવરણમાં સ્વામીશ્રીનાં દર્શન ઉમેરાતાં સમગ્ર આભા ઓર ખીલી ઊઠી. મંદિર પરિસરમાં હકડેઠઠ બેઠેલી ભક્તમેદનીએ તાળીઓના બુલંદ નાદથી ગુરુહરિને વધાવ્યા. બાળ-યુવાવૃંદે સ્વાગત નૃત્ય કરી સ્વામીશ્રીને સત્કાર્યા. સમગ્ર દક્ષિણ ગુજરાત સત્સંગ સમુદાય વતી ઘનશ્યામ-ચરણદાસ સ્વામી અને સંતોએ હારતોરા વડે ગુરુહરિને સત્કાર્યા.

સાંકરી ખાતેના સ્વામીશ્રીના એક સપ્તાહના નિવાસ દરમ્યાન નિત્ય વિવિધ કાર્યક્રમોની ભરમાર વહેતી રહી.

તા. ૨૨-૨-૨૦૧૯ના રોજ ઉકાઈના આદિવાસી ક્ષેત્રના બી.એ.પી.એસ. છાત્રાલયના ૪૦ બાળકો ગુરુહરિનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તમામ બાળકોના મસ્તક

પર હાથ મૂકી આશિષ આપ્યા હતા.

તા. ૨૩-૨-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ કરચેલિયા ક્ષેત્રના ભગવાનપુરા; બારડોલી ક્ષેત્રના વાંકાનેર; પલસાણા ક્ષેત્રના ઇટાડવા; ઉકાઈ ક્ષેત્રના સોનગઢ અને ડોલવણ (ગુરુપરંપરાની પુનઃ પ્રતિષ્ઠા) ખાતે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે કરચેલિયા ક્ષેત્રના સણવલ્લા, સાંકરી ક્ષેત્રના મઢી તથા માણેકપોર ખાતે નૂતન નિર્માણ પામનાર બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું. આ પ્રસંગે ઉપરોક્ત ગામોથી પધારેલા સર્વે સમર્પિત હરિભક્તો પર કૃપાદૃષ્ટિ કરી સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા હતા.

## પ્રતીક પુષ્પદોલોત્સવ

તા. ૨૪-૨-૨૦૧૯ના રોજ સાંકરી વિસ્તારના હજારો હરિભક્તોએ ગુરુહરિની પાવન ઉપસ્થિતિમાં પ્રતીક પુષ્પદોલોત્સવ ઊજવી વિશેષ ભક્તિનો લહાવો માણ્યો હતો.

આજના ઉત્સવની મુખ્ય સભા સાયંકાળે ગૌશાળાની સમક્ષ આવેલા વિશાળ મેદાનમાં યોજાઈ હતી. ઉત્સવ સભાનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તો-ભાવિકોથી ઉત્સવસ્થળ ખીચોખીચ ભરાઈ ચૂક્યું હતું.

સ્વામીશ્રીના આગમન બાદ બાળ-યુવાવૃંદે *'થનગન થનગન હૈયાં થાયે... મહંત સ્વામીની પિચકારીમાં...'* ગીત પર સુંદર ભક્તિનૃત્ય કર્યું.

આ પ્રસંગે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: "આ ઉત્સવ શ્રીજીમહારાજના વખતથી ચાલ્યો આવે છે. મહારાજ-સ્વામી ને સંતો એકમેકને રંગતા. આપણને આવો લાભ મળ્યો છે અને તમે બધા પણ ખૂબ ઉત્સાહથી, ઉમંગથી આવ્યા છો એટલે તમારા બધા મનસૂબા, મનોકામનાઓ પૂરી થાય, બધાના દેશકાળ સારા થાય એ પ્રાર્થના. મહારાજ-સ્વામી ને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ બધાના દેશકાળ સુધારે એ જ પ્રાર્થના."

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ પુષ્પોત્સવનો મંગલ પ્રારંભ થયો. મંચના અગ્ર ભાગે પધારી સ્વામીશ્રીએ સૌપ્રથમ શ્રી હરિકૃષ્ણ મહારાજ પર પુષ્પપાંદડીઓ વરસાવી. ત્યારબાદ સ્વામીશ્રીએ વડીલ સંતો પર અને સંતોએ સ્વામીશ્રી પર ફૂલપાંદડીઓ વરસાવી. હવે વારો આવ્યો હરિભક્તોનો. ઉપમંચ પર ગોઠવાયેલા બે નળાકારમાંથી પુષ્પપાંદડીઓ વરસવા લાગી. ભક્તોનો પ્રવાહ જેમ નદીઓ સાગરને મળવા દોડે તેમ સ્વામીશ્રી તરફ વહેવા લાગ્યો. પુષ્પોની સાથે-સાથે સ્વામીશ્રીની અમીવર્ષા પણ સૌ પર વરસતી હતી. સૌના હૈયે આનંદની ભરતી ચઢી હતી. આજે ૨૨,૦૦૦ જેટલા હરિભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ પુષ્પપ્રેમથી ભીંજવી અવિસ્મરણીય સ્મૃતિ પ્રદાન કરી હતી.

આજે રંભાસ (ડાંગ) ખાતેની આદિવાસી સેવાપ્રવૃત્તિ હેઠળ સંચાલિત બી.એ.પી.એસ. સ્કૂલના ૧૦મા અને ૧૨મા ધોરણના ૫૫ વિદ્યાર્થીઓ આશીર્વાદ લેવા માટે આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓ પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી ને આવનારી પરીક્ષાઓમાં ઉચ્ચ પરિણામ હાંસલ કરે તેવા આશીર્વાદ અર્પ્યા હતા. વળી, આજે બારડોલીના બી.એ.પી.એસ. છાત્રાલયના ૯૦ યુવકો ૧૦ કિ.મી.ની દંડવત્ યાત્રા કરીને આવ્યા હતા. કુલ ૫૪,૫૦૦ દંડવત્ કરીને પધારેલા આ સૌ યુવકો પર સ્વામીશ્રીએ અંતરના આશિષ વરસાવ્યા હતા.

## સ્મૃતિ દિન

સન ૧૯૭૧માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના ધામગમન બાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગુરુપદે આવ્યા બાદ સાંકરી ખાતે સૌપ્રથમ શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. આ મંદિર યથાતથા જાળવીને પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય નૂતન મંદિર રચ્યું છે. તા. ૨૫-૨-૨૦૧૯ના સાયંકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ પ્રાસાદિક મંદિરે પધાર્યા. પ્રાસાદિક વસ્તુઓનાં દર્શનની સાથે સાથે જૂની જૂની સ્મૃતિઓ કરી હતી.

પ્રાંગણમાં બેઠેલા ૧૦મા અને ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતા બે હજાર જેટલા વિદ્યાર્થીઓ અને પાંચસો જેટલા શિશુઓ, બાળકો અને મુમુક્ષુઓને સમૂહ વર્તમાન ધરાવ્યાં પછી વિદ્યાર્થીઓને આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બધાએ મહેનત કરી છે એટલે તમે પાસ તો થવાના જ છો, પણ સારી રીતે પાસ થાવ ને ભવિષ્યમાંય તમે જે લાઇન લેવાના હો તેમાં ખૂબ સફળતા મળે એ જ પ્રાર્થના.' સ્વામીશ્રીએ તમામ વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ પત્ર અને બોલપેન પ્રસાદીભૂત કરી આપ્યાં.

અહીં સ્વામીશ્રીએ 'બાળદિન' નિમિત્તે યોજાયેલી સભામાં બાળકોને 'શ્રીજી કહે' રમત રમાડી દિવ્યાનંદ કરાવ્યો હતો. સાથે બાળશૈલીમાં બાળકોને આશીર્વાદ અર્પ્યા હતા. ઉત્તરાર્ધમાં સમીપ મુલાકાતમાં સાંકરી ક્ષેત્રના તમામ વિસ્તારોના અગ્રણી હરિભક્તોને દર્શનલાભ આપ્યો હતો.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# નૂતન ૭ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...




પડવા ગામમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે શાનદાર શોભાયાત્રામાં ક્ષત્રિય બંધુઓ અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિની સ્મૃતિછબિ...

## પડવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાનું પડવા ગામ એટલે શ્રી નીલકંઠવર્ણીની ચરણરેણુથી પાવન થયેલ પવિત્ર ભૂમિ. અહીં ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી નિર્માણ પામેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

આ ગામના શ્રી દિગ્વિજયસિંહ ટેમુભા ગોહિલ અને તેમનો પરિવાર સન ૨૦૦૧માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવતાં સત્સંગના રંગે રંગાયો હતો. સંતોના સતત વિચરણથી ધીરે ધીરે ગ્રામજનોમાં પણ સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો અને મંદિરની આવશ્યકતા ઊભી થઈ. ગોહિલ પરિવારના એક પ્રસંગે અહીં સંતોએ મંદિર-નિર્માણ માટે કરેલા સંકલ્પને સાકાર કરતાં અ.નિ. શ્રી ટેમુભા નારણસિંહ ગોહિલ પરિવારે મંદિર માટે જમીન અર્પણ કરી. તા. ૨૬-૬-૨૦૧૭ના રોજ પૂજ્ય ઘનશ્યામ-ચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મંદિરનું ખાતમુહૂર્ત થયું અને મંદિરના બાંધકામની શરૂઆત થઈ. મંદિરની જમીનથી માંડીને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સુધીની તમામ સેવા શ્રી ઘનશ્યામસિંહ, શ્રી જગદીશસિંહ, શ્રી મનહરસિંહ, શ્રી દિગ્વિજયસિંહ, શ્રી સિદ્ધરાજસિંહે કરી. ગોહિલ પરિવારે કરેલા અનન્ય સમર્પણથી નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૬-૧-૨૦૧૯ના રોજ ગામના મુખ્ય માર્ગો પર સુશોભિત રથમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ. વિવિધ આકર્ષણોથી યુક્ત અને ક્ષત્રિય શાન સાથે યોજાયેલી આ શોભાયાત્રાએ સમગ્ર ગામને ભક્તિના રંગે રંગી દીધું. વળી, સંધ્યાસભામાં ભાવનગર બાળ-યુવકમંડળે *'મંદિરમાં પ્રભુ બિરાજે છે'* સંવાદ-નૃત્યનાટિકાની પ્રસ્તુતિ કરીને સૌમાં મંદિરનો વિશેષ મહિમા દૃઢાવ્યો હતો.

તા. ૧૭-૧-૨૦૧૯ના રોજ સવારે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો હતો. જેમાં ૪૧૮ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી સૌના યોગક્ષેમની મંગલ કામના કરી હતી. સંધ્યાસભામાં રાજુલા સત્સંગ મંડળે અને સંગીતજ્ઞ સંતોએ સુમધુર કંઠે કીર્તનભક્તિનો લાભ આપીને સૌને ભક્તિરસમાં મગ્ન કર્યા હતા.

તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ માંગલિક પ્રભાતે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૫-૧૦-૨૦૧૮ના રોજ ભાવનગર ખાતે વેદોક્ત વિધિપૂર્વક

પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલી પ્રાસંગિક સભામાં ત્યાગવલ્લભદાસ સ્વામીએ આશીર્વચન પાઠવીને મંદિર નિર્માણમાં તન, મન અને ધનથી સેવા આપનાર ગોહિલ પરિવારની સેવાને બિરદાવી હતી. આમ, ગોહિલવાડની ધરા પર વધુ એક શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયજયકાર કરતું બી.એ.પી.એસ. મંદિર ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠિત થઈ ગયું.

અહીં વિચરણ કરતાં શ્રીજીચિંતનદાસ સ્વામી અને ગુણવત્સલદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ઉત્સાહી સ્વયંસેવકો તેમજ ગ્રામજનોના સહિયારા પુરુષાર્થથી સમગ્ર ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો.

## ચિત્રોડી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થની ફળશ્રુતિ રૂપે સાબરકાંઠાનાં અંતરિયાળ ગામોમાં સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થઈ રહી છે. સાબરકાંઠા વિસ્તારના હિંમતનગર ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ કર્યું છે. મંદિરના નિર્માણથી હિંમતનગર સહિત આસપાસનાં ગામોમાં રહેતા વનવાસીબંધુઓના જીવનમાં પણ નૂતન ક્રાંતિ આવી છે. સત્સંગના યોગમાં આવવાથી વનવાસી બંધુઓનાં દારૂ-માંસ પણ છૂટ્યાં છે. હાલ, આ સાંબરકાંઠા વિસ્તારમાં ૩૨ કરતાં વધુ બી.એ.પી.એસ. મંદિરોનું નિર્માણ થયું છે.

સાંબરકાંઠાનાં મંદિરોની શૃંખલામાં તાજેતરમાં એક નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું ચિત્રોડી ખાતે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ચિત્રોડીના સંનિષ્ઠ સત્સંગી બંધુ શ્રી ગિરધરભાઈને કહેલું, 'સર્વોપરી મંદિર ચિત્રોડીમાં થશે.' પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર જ શ્રી ગિરધરભાઈ અને શ્રી રસિકભાઈએ પોતાની અમૂલ્ય ભૂમિ મંદિર નિર્માણ માટે અર્પણ કરી. એ ભૂમિ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પધારીને પાવન કરી હતી.

એ પ્રાસાદિક ભૂમિ પર નૂતન બી.એ.પી.એસ. મંદિર રચાયું છે, જેનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ તાજેતરમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને ૧૨૫ સંતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૧૬-૧-૨૦૧૯ના રોજ મહિલા દિન ઊજવાયો હતો. ભક્તિ અને પ્રેરણાથી છલકાતા આ કાર્યક્રમમાં ચિત્રોડી અને આજુબાજુનાં ગામનાં બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

તા. ૧૭-૧-૨૦૧૯ના રોજ યજ્ઞવિધિ યોજાયો હતો. આ વિધિમાં પણ અનેક ભક્તો-ભાવિકોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી.

આ જ દિને મધ્યાહ્ને મંદિરમાં સ્થાપિત થનાર ભગવતસ્વરૂપોની શોભાયાત્રા ચિત્રોડી ગામના માર્ગો પર યોજાઈ હતી. શોભાયાત્રા સમગ્ર ગામમાં વિહરી ત્યારે સેંકડો ભક્તો-ભાવિકોએ ભગવત્‌સ્વરૂપોને વધાવીને ધન્યતા અનુભવી હતી.

તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ મૂર્તિસ્થાપનવિધિ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે ચિત્રોડી મંદિરમાં સંપન્ન થયો હતો. આ અવસરે ૩૦૦૦ કરતાં વધુ ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય





પડવામાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યજમાનો અને ત્યાગવલ્લભદાસ સ્વામી. ચિત્રોડીમાં પ્રતિષ્ઠા પ્રસંગે વિધિમાં રત ઈશ્વરચરણદાસ સ્વામી...

ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ પ્રેરક ઉદ્‌બોધન કરીને સેવાધારીઓને વધાવ્યા હતા. સાથે સાથે મંદિરનો વધુમાં વધુ દર્શનલાભ પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો. અહીં વિચરણ કરતા પૂજ્ય કૌશલમુનિદાસ સ્વામી તથા પૂજ્ય પ્રયાગમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ ભક્તિમય પુરુષાર્થ કરીને ઉત્સવને સફળ બનાવ્યો હતો.

સર્કલથી મંદિર સુધી શોભાયાત્રા યોજાઈ હતી, તેમાં સમગ્ર નગરજનો સંમિલિત થયા હતા.

તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ સવારે કાળિયાબીડ અને શિવઓમ નગરમાં રચાયેલાં મંદિરોનો સંયુક્ત વૈદિક મહાપૂજાવિધિ યોજાયો હતો, જેમાં જોડાઈને સેંકડો યજમાનોએ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ ભાવનગર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે






ચિત્રોડીમાં મૂર્તિપ્રતિષ્ઠા સમારોહ પ્રસંગે ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતો. ભાવનગરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે વિધિરત યજમાનો...

## ભાવનગરના કાળિયાબીડ(અક્ષરધામ) અને શિવઓમ નગરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગોહિલવાડની ગુણવંતી ભૂમિ ભાવનગરમાં સત્સંગનાં તેજરશ્મિ ફેલાવવામાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના વિચરણનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે. પ્રમુખ-સ્વામી મહારાજે ગોહિલવાડની શાન સમું શિખરબદ્ધ મંદિર ભેટ ધરીને આધ્યાત્મિક મોજું પ્રસરાવ્યું છે. ગુણાતીત ગુરુવર્યોએ પ્રજ્વલિત કરેલાં સત્સંગનાં અજવાળાં આજેય ભાવનગર શહેર અને આજુબાજુનાં ગામડાંઓમાં ચોમેર પ્રસરી રહ્યાં છે. પરિણામે ભાવનગર શહેરના વિવિધ પરાવિસ્તારોમાં પણ નૂતન મંદિર નિર્માણ પામી રહ્યાં છે. એ જ શૃંખલામાં તાજેતરમાં કાળિયાબીડ(અક્ષરધામ) અને શિવઓમ નગરમાં નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યાં છે. તેમાં પ્રતિષ્ઠ ઉત્સવ યોજાઈ ગયો.

કાળિયાબીડ વિસ્તારમાં શ્રી નીલેશભાઈ સવજીભાઈ પટેલે અર્પેલી ભૂમિ પર અક્ષરનિવાસી ગઢાળીવાળા દિનેશભાઈ કળથિયાના પુત્ર દર્શન દિનેશભાઈ કળથિયા તેમજ તેમના પરિવારના સહયોગથી મંદિર નિર્માણ પામ્યું છે. આ નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ સ્થાપિત થનાર મૂર્તિઓની વિરાણી

તા. ૫-૧૦-૨૦૧૮ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કાળિયાબીડ મંદિરમાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં થયો હતો. સંધ્યા સભામાં યુવકમંડળે 'મંદિરમાં પ્રભુ બિરાજે છે' નૃત્યનાટિકા પ્રસ્તુત કરીને મંદિરનું માહાત્મ્ય સૌને સમજાવ્યું હતું.

શિવઓમ નગર વિસ્તારમાં ખીલી રહેલી સત્સંગની ફૂલવાડીને વિશેષ પોષિત કરવા અ.નિ. રામસંગબાપુના પુત્ર વકીલબાપુ પરિવાર અને ભાવનગર ક્ષેત્ર-૧ના નિર્દેશક શ્રી મૂકેશભાઈ કણકોટિયા તરફથી શિવઓમ નગર ખાતે આ સંસ્કારધામ પ્રાપ્ત થયું છે. શ્રી ભાવેશભાઈ ગગજીભાઈ લખાણી અને શ્રી બાબુભાઈ નાવડિયાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો.

તા. ૫-૧૦-૨૦૧૮ના રોજ ભાવનગર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્ત વિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

તા. ૨૦-૧-૨૦૧૯ના રોજ સવારે ઉપરોક્ત બંને મંદિરનો પ્રતિષ્ઠા સમારોહ કાળિયાબીડ ખાતે યોજાયો હતો. પ્રાસંગિક સભામાં સોમપ્રકાશદાસ સ્વામી, ભગવત્-પ્રસાદદાસ સ્વામી, યોગવિજયદાસ સ્વામી વગેરે સંતોએ

પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. ભક્તિનૃત્યની પ્રસ્તુતિ બાદ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ આશીર્વચન વહાવીને સેવાનિષ્ઠ હરિભક્તોને બિરદાવ્યા હતા.

ઉપરોક્ત બંને મંદિરોનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો, ત્યાગરાજદાસ સ્વામી તથા સંતોના માર્ગદર્શન હેઠળ સત્સંગ મંડળો, કાર્યકરો, હરિભક્તોના અનન્ય સેવાભાવથી અવિસ્મરણીય બની રહ્યા હતા.

આ નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ મૂર્તિઓની સુશોભિત રથોમાં શોભાયાત્રા યોજાઈ. પારંપરિક લોકવાદ્યના મંગલમય સૂર અને ઉત્સાહી હરિભક્તોના નૃત્યના થૈકારા સાથે યોજાયેલી આ શોભાયાત્રામાં આજુબાજુનાં ગામોના ભાવિક ભક્તો પણ જોડાયા હતા.

તા. ૧૫-૧-૨૦૧૯ના રોજ સુરત ખાતે પરમ પૂજ્ય




શિવઓમ નગર ખાતે મૂર્તિપ્રતિષ્ઠામાં રત ત્યાગવલ્લભદાસ સ્વામી. તાડપાડા ખાતે મૂર્તિપૂજન કરતા ભક્તિપ્રિયદાસ સ્વામી...

મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૧-૨૦૧૯ની મંગલ પ્રભાતે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ હતી. આમ, અહીં વિચરણ કરતા વિવેકમંગલદાસ સ્વામી, યજ્ઞદર્શનદાસ સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન હેઠળ કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી પ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો ત્યારે સૌનાં અંતરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયજયકાર ગુંજી ઊઠ્યો હતો.

## તાડપાડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વાંસદા-વઘઈના મુખ્ય માર્ગ પર વનપ્રદેશમાં વસેલું રળિયામણું ગામ એટલે તાડપાડા. ખેતરમાં શાકભાજી અને મજૂરી કરીને ગુજરાન ચલાવનારો અહીંનો વનવાસી વર્ગ, આમ તો દારૂ, માંસાહાર, વ્યસનો અને વહેમોમાં જીવન પૂરું કરનારો સમુદાય હતો, પરંતુ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી વાંગણ વગેરે આજુબાજુનાં ગામોમાં પ્રસરેલા બી.એ.પી.એસ. સત્સંગને કારણે તાડપાડાના ભક્તજનોમાં પણ મુમુક્ષુતા જાગ્રત થઈ. મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અને અહીં વિચરણ કરતા સંતોના પુરુષાર્થથી ધીમે ધીમે ગ્રામજનો વ્યસન-વહેમમાંથી મુક્ત થઈને સત્સંગના માર્ગે વળ્યા. રામદાસભાઈ, કાશીરામભાઈ વગેરે ઉત્સાહી ભક્તોના પ્રયાસથી સત્સંગમંડળની શરૂઆત થઈ.

સંનિષ્ઠ સત્સંગી હરિભક્ત અને મંદિર બાંધકામમાં સેવા આપતા કારીગર શ્રી રાજુભાઈ દીવાએ જમીન મંદિર -નિર્માણ માટે અર્પણ કરી. નવસારી મંદિરના કોઠારી પૂર્ણકામદાસ સ્વામી અને સંતોના માર્ગદર્શનથી મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. સાધન-સગવડના અભાવ વચ્ચે પણ હરિભક્તોનો ઉત્સાહ અડગ હતો. નવતાડના શંકરભાઈ પટેલ વગેરે કારીગર ભાઈઓના સહકાર તેમજ ગ્રામજનોના શ્રમયજ્ઞથી મંદિર નિર્માણકાર્ય પૂર્ણ થયું.

## કાવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાવા ગામ ખાતે તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. સન ૨૦૦૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૮૨મો જન્મજયંતી મહોત્સવ હિંમતનગરમાં યોજાયો ત્યારે કાવાના ભક્તજનો સેવામાં જોડાયા હતા. આ સેવાથી સૌની મુમુક્ષુતા જાગ્રત થતાં અહીં સત્સંગની શરૂઆત થઈ હતી.

શ્રીરંગદાસ સ્વામી, ધર્મવિનયદાસ સ્વામી અને મંગલ-પુરુષદાસ સ્વામીના વિચરણથી અહીં સત્સંગ વિકસ્યો હતો. સન ૨૦૦૫માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ ગામમાં પધારીને સત્સંગ વેગવંતો બનાવ્યો હતો.

સારંગપુરથી પણ સંતો અવારનવાર સત્સંગ લાભ આપવા પધારતા હતા. છેલ્લાં ૧૫ વર્ષથી વહેતી સત્સંગની સરવાણીથી ગામમાં સંયુક્તમંડળ, મહિલામંડળ અને બાળમંડળ સુંદર રીતે સંચાલિત થઈ રહ્યાં છે. પરિણામે અઠવાડિક સભાઓ અને પારાયણ-ઉત્સવોમાં શ્રી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજવા લાગ્યા છે.

સંનિષ્ઠ સત્સંગી શ્રી ગિરધરભાઈ પટેલ, મૂકેશભાઈ પટેલ, ગૌરવભાઈ પટેલ, જાગૃતભાઈ પટેલ તેમજ અન્ય હરિભક્તોએ સાથે મળીને આ ગામમાં મંદિર-નિર્માણનો સંકલ્પ કર્યો. જો કે તેમાં અનેક અવરોધો પણ આવ્યા. પરંતુ જાન્યુઆરી ૨૦૧૮માં મહંત સ્વામી મહારાજે હિંમતનગરમાં આશીર્વાદ આપતાં કહ્યું હતું, 'બધાના સાથ સહકારથી મંદિરનું નિર્માણ થશે, અમે ભગવાનને પ્રાર્થના કરીશું.' એ આશીર્વાદના બળે મંદિરનું કાર્ય શરૂ થયું. નિર્માણકાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે હેતુથી મહિલામંડળનાં બહેનો દર સુદ એકાદશીએ ગામમાં પ્રભાતફેરી યોજતાં હતાં. તા. ૫-૫-૨૦૧૮ના રોજ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત થયા બાદ સૌની પ્રાર્થના અને પુરુષાર્થથી જોતજોતાંમાં મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર દરમ્યાન પૂજ્ય સોમપ્રકાશદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ત્રિદિવસીય પારાયણ યોજાયું. તા. ૧૦-૧-૨૦૧૯થી 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જીવનચરિત્ર'નો વાંચન યજ્ઞ યોજાયો.

તા. ૧૮-૧-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા કલાત્મક રથોમાં યોજાઈ, જેમાં સારંગપુરથી પધારેલા ૧૨૧ સંતો જોડાતા ગામમાં ભગવી આભાની દિવ્યતા છવાઈ ગઈ. તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૩૦૦થી વધારે યજમાનોએ યજ્ઞવિધિમાં વિરાજીને મંગલ પ્રાર્થના કરી હતી.

મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૯-૧૧-૨૦૧૮ના રોજ બોચાસણમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કાવા ખાતે આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી ઉત્સવસભામાં સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રેરણાવચનોનો લાભ આપ્યો હતો.



કાવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે આનંદસ્વરૂપદાસ સ્વામી તથા યજ્ઞવિધિમાં રત યજમાન સમુદાય...

આમ, સ્વામીશ્રીના આશીર્વાદથી કાવા ખાતેનું આ બી.એ.પી.એસ. મંદિર સામાજિક સમરસતાનું અને ભક્તિઅર્ઘ્ય અર્પણ કરવાનું અનુપમ ધામ બની ગયું. અહીં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી તથા વિરક્તમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌ હરિભક્તોની વિશેષ સેવાભક્તિથી ઉત્સવ સંપન્ન થયો હતો.

## ઊંમરસાડી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કરેલા 'મીઠાના સત્યાગ્રહ'થી જાણીતા થયેલા ધરાસણા ક્ષેત્રનું ઊંમરસાડી ગામ એટલે સત્સંગના રંગે રંગાયેલું શૂરવીરભક્તોનું ગામ.

કાંઠા વિસ્તારમાં દારૂ, માંસાહારની રેલમછેલ વચ્ચે ગુરહરિ પ્રમુખસ્વામી મહારાજના વિચરણથી અહીં સત્સંગ થવા લાગ્યો અને જીવન-પરિવર્તનની સરવાણી વહેવા લાગી હતી. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સન ૧૯૯૨માં અહીં કુટિર મંદિરની રચના થયા બાદ ગ્રામજનોનાં જીવન વ્યસન, માંસાહાર અને અંધશ્રદ્ધાથી મુક્ત બનવા લાગ્યાં. સ્વામીશ્રીના આશીર્વાદથી અને

સંતોના વિચરણથી સત્સંગ દિનપ્રતિદિન અભિવૃદ્ધિ પામતો ગયો. સત્સંગના પંથે પ્રગતિ કરતા હરિભક્તો અને સત્સંગની વિકાસયાત્રાને વેગ આપવા એક સુવિધાસજ્જ મંદિરની જરૂરિયાત ઊભી થઈ.

મંદિર નિર્માણ માટે શ્રી બિપીનભાઈ બાવાભાઈ પટેલે(ડુંગરી) પોતાની જમીન અર્પણ કરીને મંદિર નિર્માણકાર્યની પહેલ કરી. શ્રી ભરતભાઈ ટંડેલ(કોસંબા), ચીમનભાઈ પટેલ(તલાવચોરા), શ્રી પ્રકાશભાઈ પટેલ (કલવાડા) વગેરે હરિભક્તોનું અમૂલ્ય યોગદાન રહ્યું. હરિભક્તોએ દિવસ-રાતના અવિરત શ્રમયજ્ઞ અને મહિમાસભર સેવા-સમર્પણની ગંગા વહાવતાં જોતજોતાંમાં ખાર-પાટની ધૂળની ડમરીઓ વચ્ચે વધુ એક નયનરમ્ય બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. અને ગામજનોમાં ખુશીની લહેરખી પ્રસરી ગઈ.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૨૧-૧-૨૦૧૯ના રોજ મહિલા દિન યોજાયો, જેમાં સેંકડો બહેનોએ ઉપસ્થિત રહીને પ્રસ્તુત થયેલા ભક્તિસભર કાર્યક્રમને માણ્યો હતો. આ જ દિવસે સંધ્યાસભામાં યુવકો-સંતોએ સુરીલા કંઠે કીર્તનભક્તિનો લાભ આપ્યો ત્યારે સમગ્ર ગામમાં મધુરધ્વનિની દિવ્યતા પ્રસરી ગઈ હતી.

તા. ૨૨-૧-૨૦૧૯ના રોજ સવારે યોજાયેલા શ્રી સ્વામિનારાયણ મહાયાગમાં મોટી સંખ્યામાં યજમાનોએ બિરાજીને યજ્ઞનારાયણને વંદના કરી હતી. સંધ્યા સમયે ઊંમરસાડીના માર્ગો પર મંદિરમાં સ્થાપિત થનાર ભગવત્-સ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ હતી. વિશાળ સંખ્યામાં ગામજનોએ આ દિવ્ય સ્વરૂપોનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

તા. ૧૫-૧-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો વેદોક્ત વિધિપૂર્વક સ્થાપનવિધિ ઊંમરસાડી ખાતે તા. ૨૩-૧-૨૦૧૯ના રોજ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, તથા નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

તીથલ મંદિરના કોઠારી વિવેકસ્વરૂપદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા ધર્મસાગરદાસ સ્વામી અને યજ્ઞભૂષણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વંયસેવકોએ ખૂબ જહેમત લઈને આ ઉત્સવને શોભાવ્યો હતો.





ઊંમરસાડી ખાતે કલાત્મક શિખરબદ્ધ મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની સ્થાપનવિધિ કરતા ભક્તિપ્રિયદાસ સ્વામી...

## સ્વામિનારાયણ પ્રકાશ
## નિવેદન ફોર્મ : ૨૦૧૯

### સ્વામિનારાયણ પ્રકાશ

માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં. ૪, રૂલ-૮)

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિ સ્થળ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ |
| ૨. પ્રસિદ્ધિ ક્રમ | : માસિક |
| ૩. મુદ્રકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ૪. પ્રકાશકનું નામ | : સાધુ કેશવજીવનદાસજી |
| ૫. તંત્રીનું નામ | : સાધુ સ્વયંપ્રકાશદાસ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| ૬. માલિકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ઠેકાણું | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. |

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૪-૨૦૧૯ (સહી) સાધુ કેશવજીવનદાસ

## માણસા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની પદરજથી અનેક વખત પાવન થયેલું ગાંધીનગર જિલ્લાનું માણસા ગામ. અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણ તેર વખત પધાર્યા છે. શ્રીહરિએ અહીંના મલાવ તળાવ અને દૂધિયા કૂવામાં અનેકવાર સ્નાન પણ કર્યું છે. ભગવાન શ્રી સ્વામિ-નારાયણના પરમહંસ સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી અને મંદિરનું નિર્માણ પૂર્ણ થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી ગયો. તાજેતરમાં માણસા ખાતે મંદિરનો ચતુર્દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાઈ ગયો.

મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૪-૨-૨૦૧૯ના રોજ અમદાવાદના સંગીતજ્ઞ સંતો દ્વારા કીર્તનભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો ભક્તો શામેલ થયા હતા. તા. ૫-૨-૨૦૧૯ના રોજ મંદિરમાં સ્થાપિત





માણસામાં રચાયેલા શિખરયુક્ત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં અભિરત ઈશ્વરચરણદાસ સ્વામી...

સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામી પણ સત્સંગ વિચરણ અર્થે અનેકવાર અહીં પધારતા હતા. મહાનુભાવાનંદ સ્વામીએ અહીં હવેલી આકારનું મંદિર પણ રચાવ્યું હતું.

અહીં બી.એ.પી.એસ. સત્સંગનાં બીજ રોપાયાં - સન ૧૯૫૮માં, જ્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સર્વપ્રથમ વાર પધરામણી થઈ હતી. સન ૧૯૮૫માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા હતા. તે સમયે માણસા ગામની પાંજરાપોળના ચોકમાં કીર્તન-ભક્તિનું આયોજન થયું હતું. એ સમયે તેઓએ અહીં મંદિર માટે ભૂમિ સંપાદિત કરવાની આજ્ઞા કરી હતી. તેઓના સંકલ્પે તેનો પુરુષાર્થ અવિરત ચાલતો રહ્યો હતો.

આર્ષદ્રષ્ટા તેઓની આજ્ઞાથી મહેસાણા બી.એ.પી.એસ મંદિરથી સંતોનું અહીં વિચરણ શરૂ થયું. વળી, સન ૧૯૯૨થી ગાંધીનગરથી સંતો નિયમિત માણસા ખાતે સત્સંગ લાભ આપવા લાગ્યા. સન ૨૦૦૦થી સત્સંગી ભક્તોના નિવાસ સ્થાને સત્સંગસભાઓ થવા લાગી. ગાંધીનગરથી શ્રુતિપ્રકાશદાસ સ્વામી, કમલનયનદાસ સ્વામી અને અન્ય સંતોના વિચરણથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અહીં પુનઃ મંદિર માટે કાર્યવાહી શરૂ થઈ અને મંદિર માટે યોગ્ય ભૂમિ સંપાદિત થઈ ગઈ. સન ૨૦૧૯માં સૌના પુરુષાર્થથી થનાર ભગવત્‌સ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ હતી. માણસાના રાજમાર્ગો પર યોજાયેલી આ શોભાયાત્રાને નિહાળવા ઠેર ઠેર માનવ મહેરામણ ઊમટ્યો હતો. તા. ૬-૨-૨૦૧૯ના રોજ યજ્ઞવિધિ યોજાયો હતો. આ યજ્ઞવિધિમાં સેંકડો યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧-૧૧-૨૦૧૭ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૭-૨-૨૦૧૯ના રોજ પૂજ્ય ઈશ્વર-ચરણદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. આ અવસરે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોએ પ્રેરણા વચનો પાઠવીને મંદિરનો મહિમા વિશેષ દૃઢાવ્યો હતો.

મંદિર-નિર્માણમાં વિશ્વવિહારીદાસ સ્વામીનું વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. અહીં વિચરણ કરતા હરિતિલક સ્વામી, મંગલચિંતન સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોની સેવાથી ઉત્સવ વિશેષ સફળ બન્યો હતો.

આ ઉપરાંત બાંગાપુરા, ગોડથલ, મોટા ફોફડિયા, રામપુર, કણભા, અમલસાડ, બુટવાડા, નિણમ, પાન્દ્રો (વર્માનગર), ભાટપુર, નસવાડી વગેરે ગામોમાં પણ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો ઉજવાયા છે. જેની વિગત આવતા અંકે માણીશું. ◆

# અમેરિકાના ટેક્સાસ રાજ્યની રાજધાની ઓસ્ટિનની વિધાનસભા ખાતે બી.એ.પી.એસ. દ્વારા યોજાયો ઈન્ડિયન અમેરિકન કલ્ચર કાર્યક્રમ...





ટેક્સાસના ગવર્નર સાથે શ્રી ગ્રેગ અબોટ તથા વિધાનસભામાં વિશેષ સાંસ્કૃતિક પ્રસ્તાવ પ્રસંગે બી.એ.પી.એસ.ના પ્રતિનિધિઓ...

અમેરિકાનાં વિવિધ રાજ્યોમાં દાયકાઓથી ભારતીય પરિવારો વસે છે. વર્ષોથી અમેરિકા ખાતે નિવાસ કરતા ભારતીયોને ભારતીય સંસ્કૃતિના અણમોલ વારસાનો વિશેષ પરિચય નથી. એ બાબતને લક્ષ્યમાં રાખીને બી.એ.પી.એસ. સંસ્થાએ એ સૌને ભારતીય સંસ્કૃતિનો પરિચય આપવાનું કાર્ય આદર્યું છે. તે ઉપક્રમે સમયાંતરે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા રહે છે. એ જ શૃંખલામાં તાજેતરમાં તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ અમેરિકાના ટેક્સાસ રાજ્યની રાજધાની ઓસ્ટિન શહેર ખાતે વિધાનસભામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઈન્ડિયન અમેરિકન કલ્ચર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટેક્સાસ રાજ્યના ગવર્નર સહિત ૫૦ કરતાં વધારે પ્રતિનિધિઓ અને સૅનેટર તથા તેમના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગવર્નર શ્રી ગ્રેગ અબોટે કાર્યક્રમનો વિધિવત્ આરંભ કરાવ્યો હતો. સાથે સાથે તેઓએ બી.એ.પી.એસ. સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિની માહિતી મેળવીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ટેક્સાસ રાજ્યમાં વસતા ભારતીય અમેરિકનોને બી.એ.પી.એસ. સંસ્થા સંસ્કારો સિંચવાનું કામ કરી રહી છે, તે માટે પણ ગવર્નરશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર દિવસ દરમ્યાન વિધાનસભામાં ટેક્સાસ રાજ્યના પ્રતિનિધિઓએ બી.એ.પી.એસ. સંસ્થાનાં સમાજ-સેવાકીય કાર્યો અંગે વિગત મેળવીને આદરભાવ વ્યક્ત કર્યો હતો. વર્ષોથી ટેક્સાસ રાજ્યમાં વિવિધ સાંસ્કૃતિક પ્રદાન કરતી બી.એ.પી.એસ. સંસ્થાની પ્રવૃત્તિઓને અગ્રણીઓએ હૃદયપૂર્વક બિરદાવી હતી. સાંસદ શ્રી હેગાર્ડે જણાવ્યું હતું કે 'ટેક્સાસમાં વસતા હિંદુ પરિવારોના દરેક સભ્યને સંસ્કૃતિ અને સભ્યતાનું શિક્ષણ આપવાનું બી.એ.પી.એસ.નું અભિયાન પ્રશંસનીય છે.'

ટેક્સાસ રાજ્યના ડિસ્ટ્રિક્ટ ૬૬ના સાંસદ મેટ્ટ શાહીને જણાવ્યું હતું કે 'બી.એ.પી.એસ. એક એવી સંસ્થા છે જે વિશ્વમાં શાંતિ અને વિવિધ ધર્મો વચ્ચે ભાઈચારો વધે તેના માટે સતત પ્રયત્નશીલ છે. બી.એ.પી.એસ. સંસ્થા વ્યક્તિ, પરિવાર અને સમગ્ર સમાજની કાળજી રાખે છે, જેની રચનાત્મક અસર ટેક્સાસ અને અમેરિકાના જાહેર જીવન પર પણ પડે છે.'

પીઅરલેન્ડના મેઘલ ભટ્ટે જણાવ્યું કે 'ટેક્સાસમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરના કારણે હું મારા મિત્રો અને સાથીદારો સાથે હિંદુ ઉત્સવો ઊજવી શકું છું. હિંદુ પરંપરા અને વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિની માહિતી પ્રાપ્ત કરી શકું છું. મહંત સ્વામી મહારાજ હંમેશા ભારતીય અમેરિકનને પવિત્ર હિંદુ ઉત્સવો ઊજવવાની, સર્વ પ્રત્યે ભાઈચારાની ભાવના કેળવવાની અને પોતાનાં મૂલ્યોનું રક્ષણ કરવાની પ્રેરણા આપે છે.'

આમ, ઉપસ્થિત મહાનુભાવોએ ભારતીય-અમેરિકનોની સંસ્કૃતિ અને મૂલ્યોની સુંદર છાપ હૃદયમાં અંકિત કરી હતી. ◆

## પૂજ્ય મંગલવર્ધનદાસ સ્વામીને સુવર્ણચંદ્રક અને પૂજ્ય બ્રહ્મમનનદાસ સ્વામીને રજતચંદ્રક એનાયત થયા...


સાધુ મંગલવર્ધનદાસ


સાધુ બ્રહ્મમનનદાસ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સારંગપુર ખાતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય – સારંગપુરમાં અભ્યાસ કરતા સંતો મંગલવર્ધનદાસ સ્વામી અને બ્રહ્મમનનદાસ સ્વામીએ આચાર્ય કક્ષામાં (એમ.એ. ઈન સ્વામિનારાયણ વેદાંત, સંસ્કૃત માધ્યમ) સમગ્ર યુનિવર્સિટીની તમામ શાખાઓમાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંક મેળવીને શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યું છે. તેમાં પૂજ્ય મંગલવર્ધનદાસ સ્વામીએ ૯૧.૫% સાથે સુવર્ણચંદ્રક અને પૂજ્ય બ્રહ્મમનનદાસ સ્વામીએ ૮૯.૧% સાથે રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ વધારનાર આ બંને સંતોને હાર્દિક અભિવંદન.

## અક્ષરવાસ — બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી રમણભાઇ જયંતીલાલ ભટ્ટ, ગાંધીનગર, ઉં.વ. ૯૩, અક્ષરવાસ તા. ૧૨-૦૩-૨૦૧૯



મૂળ ભાવનગરના વતની શ્રી રમણભાઈ જે. ભટ્ટ સંસ્થાના વ્યાસ ગણાતા પ.ભ. શ્રી હર્ષદરાય દવેના ભાણેજ થાય. હર્ષદરાય દવેને સારંગપુર મુકામે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો ત્યારબાદ તેઓ પોતાનાં બહેન-બનેવીને ઘેર ભાવનગર ગયા હતા અને તેમને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાત કરી હતી ત્યારથી સમગ્ર કુટુંબ અને બાળવયના રમણભાઈને પણ સત્સંગનો રંગ લાગી ગયો. શ્રી હર્ષદભાઈ દવેના ભાણેજ થતા હોવાથી યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ પણ ભાણાભાઈના હુલામણા નામથી સંબોધતા. તેમને ચારેય ગુરુવર્યોની સેવા-સત્સંગ-રાજીપાનો યોગ સાંપડ્યો હતો. રાજ્ય સરકારના ઉચ્ચ આઈ.એ.એસ. અધિકારી તરીકે તેમણે જ્યાં જ્યાં ફરજ બજાવી ત્યાં તેમણે સત્સંગના વિકાસમાં પણ યોગદાન આપ્યું હતું. સન ૧૯૮૧માં તેઓ ગાંધીનગરમાં સ્થાયી થયા ત્યારથી સ્થાનિક સત્સંગ પ્રવૃત્તિના વિકાસમાં અગ્રેસર રહ્યા હતા. યોગી શતાબ્દી મહોત્સવ તથા ગાંધીનગર અક્ષરધામ ઉદ્‌ઘાટન મહોત્સવ વગેરે મહોત્સવોમાં તેઓની સેવા મહત્ત્વપૂર્ણ હતી. લંડન મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા સમયે 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના' પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરી તેમણે ટાણાની સેવા કરેલી. તેમની વિવિધ સેવાઓ તેમજ અનુભવનો ખરો લાભ તો ત્યારે મળ્યો જ્યારે તેઓ સન ૧૯૯૬ થી ૨૦૧૩ સુધી અક્ષરધામ સ્થિત આર્ષ શોધ સંસ્થાનમાં રજિસ્ટ્રાર તરીકે સેવામાં જોડાયા. સ્વભાવે અત્યંત સરળ, નિર્માની, સેવાભાવી જીવનભર માત્ર પોતાની ફરજ અને અને રાજીપાના વિચાર સાથે સત્સંગની સેવા કરી હતી. તેઓના અક્ષરવાસથી એક સેવાનિષ્ઠ વિદ્વાન ભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી છોટુભાઇ રણછોડભાઇ દેસાઇ, ગાંધીનગર, ઉં.વ. ૮૨, અક્ષરવાસ તા. ૩૦-૧૧-૨૦૧૮





મૂળ વલસાડ જિલ્લાના ડુંગરી ગામના વતની શ્રી છોટુભાઈ આર. દેસાઈને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં દર્શન થતાં જ અનેરું આકર્ષણ થયું અને સત્સંગના રંગે રંગાઈ ગયા હતા. ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારી પદો પર રહેનાર તેમણે ગુજરાતની વિવિધ સ્તરે ખૂબ સેવાઓ કરીને એક આદર્શ અધિકારી તરીકે ચાહના પ્રાપ્ત કરી હતી. સંસ્થાની વિવિધ સેવાઓ ઉપરાંત ગાંધીનગરના સત્સંગ વિકાસમાં પણ તેમનું યોગદાન અનન્ય હતું. ગુજરાત સરકારના ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા બાદ સત્સંગની વિવિધ સેવાઓમાં ઉત્સાહથી જોડાઈ ગયા હતા. સન ૧૯૯૪ થી ૨૦૦૫ દરમ્યાન આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગરમાં અનન્ય સેવા આપી હતી. ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં અત્યંત સરળ, નિર્માની, સેવાભાવી તથા સ્વાવલંબી હતા. છેલ્લા શ્વાસ સુધી સેવા-પરાયણ જીવન જીવી તેમણે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.


### ભક્તરાજ શ્રી મહેન્દ્રભાઈ બાલુભાઈ બ્રહ્મભટ્ટ, દિલ્હી, ઉં.વ. ૬૮, અક્ષરવાસ તા. ૧૧-૩-૨૦૧૯




બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના કૃપાપાત્ર હરિભક્ત શ્રી બાલુભાઈ બ્રહ્મભટ્ટ(ટી.ટી.)ના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈને બાલ્યકાળથી જ યોગીજી મહારાજની સેવા અને સત્સંગનો લાભ મળ્યો હતો. યોગીજી મહારાજની 'યોગી યુવક ઉપવાસ કોલેજ'માં જોડાઈને તેમણે યુવાવસ્થાથી જ એકાદશી, ધારણાં-પારણાં વગેરે દ્વારા તેમનો રાજીપો મેળવ્યો હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મુંબઈમાં સેવાઓ આપ્યા બાદ, દિલ્હીમાં અક્ષરધામ ઉદ્‌ઘાટિત થયું ત્યારથી તેઓ આજીવન સેવક તરીકે સેવામાં જોડાઈ ગયા હતા. વિનમ્ર અને સરળ તથા મિલનસાર સ્વભાવ, સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન, નિયમધર્મમાં દૃઢતા અને અપેક્ષા રહિતની સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. તેઓના અક્ષરવાસથી અક્ષરધામ પરિવારને એક ભક્તિનિષ્ઠ સ્વયંસેવકની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.






## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વેબસાઇટ પરથી માણો અદ્ભુત નિઃશુલ્ક ઓડિયો-વીડિયો પ્રકાશનો...

### ■ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર હવે માણો નિઃશુલ્ક ઓડિયો સ્વરૂપે

અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે આ વસુંધરા પર અવતરેલા વિરલ પરમાત્મામય સંતવિભૂતિ. આ મહાપુરુષનું વિસ્તૃત જીવનચરિત્ર પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત થઈ રહ્યું છે. વિશાળ સાગરસમી એ જીવનગાથાના પ્રથમ ભાગમાં સન ૧૯૨૧ થી સન ૧૯૭૧ સુધીનાં ૫૦ વર્ષોની વિગતોનો સમાવેશ કરાયો છે. આ પ્રથમ ભાગનું ધ્વનિમુદ્રણ ઓડિયો બુકરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. હવે આપ ઘરે બેઠાં કે યાત્રા દરમિયાન શ્રવણ કરી માણી શકશો પ્રમુખસ્વામી મહારાજનું આ વિસ્તૃત જીવનચરિત્ર. બી.એ.પી.એસ. સંસ્થાની વેબસાઇટ પરથી તેનો નિઃશુલ્ક MP3 સંપુટ ડાઉનલોડ કરીને આપ નિત્ય માણો દિવ્ય જીવનગાથાને... ડાઉનલોડ કરવા માટે જુઓઃ www.baps.org

### ■ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની પ્રેરણાત્મક અદ્ભુત ગાથા પ્રસ્તુત કરતી વીડિયો-શ્રેણીઃ ‘એવા સંતને નામું હું શીશ...’

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વના ઉપક્રમે પ્રકાશિત આ અદ્ભુત હૃદયસ્પર્શી વીડિયો-શ્રેણી પ્રમુખસ્વામી મહારાજના વિરલ અને આધ્યાત્મિક વ્યક્તિત્વને માણવાની ઉત્તમ તક પૂરી પાડે છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વેબસાઇટ પર પ્રકાશિત આ નિઃશુલ્ક વીડિયો-શ્રેણીને માણીએ, સ્નેહીઓને તે માણવાની પ્રેરણા આપીએ અને ગુરુહરિના પ્રેરણાસભર જીવનનાં વિવિધ પાસાંઓને હૃદયસ્થ કરીએ...

### ■ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય વાણી ઓડિયો અને વીડિયો સ્વરૂપેઃ સંપુટ-૪

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અમૃતવચનોનો અજોડ ગ્રંથ એટલે વચનામૃત. આ ગ્રંથમાં સમાવિષ્ટ જ્ઞાનના સાક્ષાત્કારનો ઉપાય દર્શાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩માં કહે છેઃ ‘સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય છે પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિ બળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.’ એવા ગુણાતીત ગુરુવર્યના મુખે જ્યારે વચનામૃત નિરૂપણ થાય છે ત્યારે સાધનાનાં રહસ્યો ઉદ્ઘાટિત થાય છે. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે ગુણાતીત ગુરુવર્ય પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પ્રાતઃપૂજા બાદ કરેલાં કેટલાંક વચનામૃત-નિરૂપણોનું સંકલન પ્રકાશિત કરવામાં આવ્યું છે. ઓડિયો અને વીડિયો સ્વરૂપે રજૂ થયેલાં અને સરળ અને મનનાત્મક શૈલીમાં પ્રસ્તુત આ આશીર્વચન આપણી આધ્યાત્મિક પ્રગતિ માટે પથદર્શક બની રહેશે...

**આવો, www.baps.org વેબસાઇટ પરથી માણીએ ઉપરોક્ત પ્રકાશનો...**




**‘ફૂલડે ગરકાવ ફૂલ્યા ફૂલડે ગરકાવ રે, આવો ડોલરિયા...’**

**સારંગપુર ખાતે પુષ્પદોલોત્સવે વરિષ્ઠ સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પુષ્પવર્ષાથી રંગ્યા તેની સ્મરણીય સ્મૃતિછબિ**

*‘ફૂલડે ગરકાવ રે...’* ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય શોભાનું વર્ણન કરતાં સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ રચેલા કીર્તનના આ શબ્દો આજેય એટલા જ તાજગીભર્યા લાગે છે. તાજેતરમાં તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પુષ્પદોલોત્સવ ઊજવાયો ત્યારે પણ આ પંક્તિઓનું સહજ સ્મરણ થાય એવું સુંદર દૃશ્ય સર્જાયું હતું. શ્રીહરિકૃષ્ણ મહારાજનાં પ્રાસાદિક પુષ્પોથી વરિષ્ઠ સંતોએ લાખો હરિભક્તો વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવ્યા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદરૂપે પુષ્પવૃષ્ટિ તેમના પર કરી ત્યારે એક અનોખું ભાવવિશ્વ રચાયું હતું. પુષ્પ પાંખડીઓ અને પુષ્પહાર વચ્ચે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આ ભાવમુદ્રા આપણા હૈયે એક સદાસ્મરણીય છબિ અંકિત કરી આપે છે...

Swaminarayan Prakash Gujarati, April-2019, Published on 1-4-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







## તીર્થધામ સારંગપુર ખાતે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઊજવાયો પુષ્પદોલોત્સવ

તા. ૨૧-૩-૨૦૧૯ના રોજ તીર્થધામ સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ઊજવાયેલા પુષ્પદોલોત્સવમાં હજારો ભક્તોની વિશાળ મેદનીએ ભક્તિ-ભાવપૂર્વક પુષ્પવર્ષાથી રંગાઈને આધ્યાત્મિક રંગે રંગાવાની પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી. વચનામૃત દ્વિશતાબ્દી પર્વના ઉપક્રમે મંચની પાર્શ્વભૂમાં અને સમગ્ર કાર્યક્રમના કેન્દ્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અમૃતવચનોની સુવાસ મહેકતી હતી. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે શ્રીહરિકૃષ્ણ મહારાજને કેસરિયા રંગોથી રંગીને પ્રાસાદિક પુષ્પપાંખડીઓ વડે હજારો ભક્તોને પુષ્પદોલોત્સવે આધ્યાત્મિક રંગે રંગ્યા હતા.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas